

પેજ-08

આલિયાએ ફિલ્મ હાઈવે વિશે કર્યો મોટો ખુલાસો

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

મેચમાં થયેલી એક ભૂલથી સંજુ સેમસનને લાગ્યો મોટો દંડ



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 25.00 |
| વડોદરા | 39.00 | 24.00 |
| સુરત | 34.00 | 25.00 |

પેજ 5



ભારતનો જીડીપી ગ્રોથ આ વર્ષે 7 ટકા રહેવાનો આશાવાદ એશિયન...

12 APRIL-2024 FRIDAY

ભારતીય મૂળના સાઇમન હેરિસ આયર્લેન્ડના સૌથી યુવા PM બન્યા



પેજ 10

.....સુવિચાર.....

સામાન્ય માણસનું મહાન બનવું એ તો સામાન્ય છે પણ, મહાન બન્યા પછી સામાન્ય બની રહેવું એ ખરેખર અઘરું છે!

વર્ષ-13 । અંક-147 । વિક્રમ સંવત-2080 । ચૈત્ર સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


MPના કટનીમાં અમિત શાહે કહ્યું- જેમણે પણ ચોરી, ભ્રષ્ટાચાર કર્યો છે તેમણે જેલની હવા ખાવી પડશે

## મોદીજીએ પરિવારવાદ અને ભ્રષ્ટાચારને ખતમ કર્યો : શાહ



(એજન્સી) નવી દિલ્હી | તા. 11

કેન્દ્રીય ગૃહમંત્રી શાહે એમપીમાં ચૂંટણી સભામાં સંબોધન કરતા વિપક્ષની પાર્ટીઓના કૌભાંડો ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે ભ્રષ્ટાચારીઓએ એક-એક પૈસો પરત કરવો પડશે. જેમણે પણ ભ્રષ્ટાચાર કર્યો છે, ચોરી કરી છે, તેમણે જેલની હવા ખાવી પડશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ એમપીમાં ખજુરાહો લોકસભા મતવિસ્તાર હેઠળ આવતા કટનીના બરહીમાં એક ચૂંટણી રેલીમાં સંબોધન કર્યું હતું. શાહે કહ્યું કે પીએમ મોદીને હરાવવા માટે જાતિવાદી અને પરિવારવાદી પાર્ટીઓ ભેગી થઈ છે. તેમણે કહ્યું કે મોદીએ દેશમાંથી જાતિવાદ, પરિવારવાદ અને ભ્રષ્ટાચારને ખતમ કર્યો. આ પહેલા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે મંડલામાં કહ્યું હતું કે, 'વડાપ્રધાન મોદીએ ગરીબોને ગરીબીમાંથી બહાર લાવવાનું કામ કર્યું છે. તેમને રાંધવા માટે ગેસ સિલિન્ડર અને ઘર આપવામાં આવ્યા છે.

# પ્રાઈવેટ હોસ્પિટલો જમીન તો સબસિડી પર લે છે પણ ગરીબ માટે પથારી નથી રાખતાં: સુપ્રીમ

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

સરકાર પાસેથી સબસિડી પર જમીન લઈને બનતી પ્રાઈવેટ હોસ્પિટલો પર સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'અનેક લોકો સબસિડી પર જમીન લઈને હોસ્પિટલો તો બનાવી લે છે પરંતુ ગરીબો માટે બેડ રિઝર્વ રાખવાના વચનનો અમલ નથી થતો. આ તમામ પ્રાઈવેટ હોસ્પિટલો જ્યારે સબસિડી પર જમીન લે છે ત્યારે કહે છે કે, અમે 25% બેડ ગરીબો માટે રિઝર્વ રાખીશું પરંતુ આવું ક્યારેય નથી બનતું.

આવું અમે અનેક વખત જોયું છે.' જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ પ્રસન્ના બી. વારાલેએ આંખના રોગોની સારવાર માટે સમગ્ર દેશમાં એક સમાન દરના નિર્ણયને પડકારતી અરજીની સુનાવણીમાં આ વાત કરી હતી.



### ફી માં દરેક સ્થળે એકરૂપતા યોગ્ય નથી :

સરકારે આંખના રોગોની સારવાર માટે સમગ્ર દેશમાં એક સમાન દર નક્કી કરવાનો નિર્ણય લીધો છે. આ અંગે ઑલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજિકલ સોસાયટી દ્વારા કોર્ટમાં અરજી દાખલ કરાઈ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'મેડિકલ સ્પેશિયાલિસ્ટ્સના રેટ એક સમાન ન હોઈ શકે. મેટ્રો સિટી અને દૂરના ગામડાંમાં એક જ દર કેવી રીતે હોઈ શકે?' બીજી તરફ, સિનિયર એડવોકેટ મુકુલ રોહતગી અને એડવોકેટ બી. વિજયલક્ષ્મીએ પણ સોસાયટીના પક્ષમાં કહ્યું છે કે, સરકારનો આ નિર્ણય યોગ્ય નથી. ફી માં દરેક સ્થળે એકરૂપતા યોગ્ય નથી.

### કોર્ટે આ મામલે કેન્દ્રનો અભિપ્રાય લેવા માટે નોટિસ જારી કરી

સુપ્રીમ કોર્ટે આ મામલે કેન્દ્ર સરકારનો અભિપ્રાય લેવા માટે નોટિસ જારી કરી છે. આ કેસની આગામી સુનાવણી 17 એપ્રિલે થશે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, 'તમે કેવી રીતે આ પોલિસીને પડકારી શકો? ઉત્તર-પૂર્વમાં આરોગ્ય સેવાના દર ઓછા છે અને જો આ નિયમ નાબુદ કરાશે તો તેના પર અસર થશે. દેશમાં પ્રાઈવેટ હોસ્પિટલોની મોંઘી ફી અને સેવા અંગે અગાઉ પણ લોકો ચિંતા વ્યક્ત કરતા રહ્યા છે.' આ સ્થિતિમાં સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી મહત્ત્વની તેમજ મોંઘી આરોગ્ય સેવાને અરીસો બતાવવા સમાન છે.

**Quick Read**

### નશામાં ધૂત મુસાફરનો લેન્ડિંગ બાદ પ્લેનનો ઈમરજન્સી ગેટ ખોલવાનો પ્રયાસ

હૈદરાબાદ | હૈદરાબાદથી કોલકાતા જતી ફ્લાઈટમાં નશામાં ધૂત પેસેન્જરે ઈમરજન્સી ગેટ ખોલવાનો પ્રયાસ કર્યો હતો. વ્યક્તિની ઓળખ અબુઝર મંડલ તરીકે થઈ છે. તેની ધરપકડ કરવામાં આવી હતી, જોકે બાદમાં તેને જામીન મળી ગયા હતા. આ ઘટના બુધવારે (10 એપ્રિલ) ના રોજ ઈન્ડિગોની ફ્લાઈટ 6E 6494માં બની હતી. આરોપી અબુઝર ફ્લાઈટની સીટ 18F પર બેઠો હતો. લેન્ડિંગ બાદ તેણે એરક્રાફ્ટની જમણી બાજુની ઓવર વિંગ એક્ઝિટ સાઈડ ફ્લૅપ ખોલવાનો પ્રયાસ કર્યો. ફ્લાઈટમાં બેઠેલા મુસાફરોએ જ્યારે અબુઝરને ગેટ ખોલતા જોયો તો તેમણે તરત જ કેબિન ક્રૂને જાણ કરી. ક્રૂ મેમ્બરોએ અબુઝરને રોક્યો, પરંતુ તેણે તેમની વાત સાંભળી નહીં. ઘટના બાદ એરલાઈન અધિકારીઓએ CISF (સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ)ના અધિકારીઓને ઘટના અંગે જાણ કરી હતી. CISFના અધિકારીઓએ તેને ફ્લાઈટમાંથી ઉતાર્યો હતો.

### હવામાન વિભાગે આપી ચેતવણી : જમ્મુ અને હિમાચલમાં હિમવર્ષા, 10 રાજ્યોમાં વરસાદની શક્યતા

નવી દિલ્હી | હવામાન વિભાગે જણાવ્યું કે પશ્ચિમ રાજસ્થાન, ગુજરાત અને ઉત્તર પ્રદેશના કેટલાક જિલ્લાઓમાં તાપમાન 40 થી 43 ડિગ્રીની વચ્ચે નોંધાયું છે. હવામાન વિભાગનું કહેવું છે કે રાજધાની દિલ્હીમાં આગામી દિવસોમાં તાપમાન 40 ડિગ્રીની નજીક પહોંચી શકે છે. ગુરુવારે આકાશ વાદળછાયું રહેશે, જેના કારણે લઘુત્તમ તાપમાન ઘટી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ, દેશમાં સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે, ઉનાળાની ઋતુમાં ઘણા રાજ્યોમાં વરસાદ અને કરા ખાબકશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રમાં ગુરુવારથી ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ રહેશે. આ સિવાય રાજસ્થાનના 14 જિલ્લામાં પણ વરસાદનું એલર્ટ છે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, બિહાર અને આંદામાન નિકોબારમાં પણ વરસાદ પડી શકે છે. જ્યારે 13 એપ્રિલ પછી જમ્મુ-કાશ્મીર અને હિમાચલના કેટલાક વિસ્તારોમાં હિમવર્ષા થવાની સંભાવના છે.

### ગમે ત્યારે સરકાર જતી રહેશે'વિક્રમાદિત્યસિંહને લઇને કંગનાએ કર્યા પ્રહાર

મંડી | હિમાચલ પ્રદેશના મંડીથી લોકસભાની ચૂંટણીમાં કંગના રનૌતને ઉમેદવાર બનાવતા હમણા વધુ લાઈમલાઈટ છે. ત્યારે કંગના રનૌત પણ ચૂંટણી પ્રસારને લઈને વ્યસ્ત બની છે. ત્યારે પોતાના નિવેદનોને લઈને ચર્ચામાં રહેનારી કંગનાએ વધુ એકવાર કોંગ્રસને લઈને નિવેદન આપ્યું છે. આ દરમિયાન મંડી લોકસભા સીટ પરથી બીજેપી ઉમેદવાર કંગના રનૌતે તેમનું નામ લીધા વિના હિમાચલ પ્રદેશ સરકારના મંત્રી અને કોંગ્રેસ નેતા વિક્રમાદિત્ય સિંહ પર પ્રહારો કર્યા છે. તેણે સીધો પડકાર આપ્યો છે અને કહ્યું છે કે કોઈના માતા-પિતાની જવાબદારી નથી કે તેને ડરાવી-ધમકાવીને મોકલી દેવામાં આવે. મંડી લોકસભા સીટ પરથી બીજેપી ઉમેદવાર કંગના રનૌતે કોંગ્રેસ નેતા વિક્રમાદિત્યનું નામ લીધા વગર વધુમાં કહ્યું કે, મને દરેક જગ્યાએ આવા રાજા બેટા મળ્યા છે. હું ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રાજાના ઘણા બેટાને મળી ચૂકી છું. જેમની સામે મેં મુંબઈમાં પણ અવાજ ઉઠાવ્યો હતો.

એક ઝટકામાં હટાવી દઇશું ગરીબી: રાહુલ ગાંધીનો વાયદો

## 'ખાતામાં ખટાખટ આવશે એક લાખ રૂપિયા'

### ગરીબ પરિવારોને દર મહિને 8500 રૂપિયા મળશે

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

રાજસ્થાનમાં લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં 12 બેઠક પર ચૂંટણી યોજાશે. અહીં બિકાનેર લોકસભા બેઠક પર કોંગ્રેસે ગોવિંદ રામ મેઘવાલને મેદાનમાં ઉતાર્યા છે. તેમના સમર્થનમાં આજે (ગુરુવાર) કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની સભા યોજી હતી. સભાને સંબોધતા તેમણે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસની સરકાર બનશે તો કોંગ્રેસને જનતાને આપેલા વચનો પણ યાદ કરાવ્યા. પોતાના ભાષણમાં ગરીબ પરિવારોને દર મહિને 8500 રૂપિયા આપવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે, 'દેશમાંથી ગરીબી દૂર કરવાનું કામ કરશે.'




### "સરકારમાં કોન્ટ્રાક્ટ સિસ્ટમ બંધ કરશે" અમે ખેડૂતોની લોન માફ કરી દઇશું

સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'જો કોંગ્રેસની સરકાર બનશે તો દેશમાં કોન્ટ્રાક્ટ સિસ્ટમ બંધ થઈ જશે. કેન્દ્રની મોદી સરકારે મોટા ઉદ્યોગપતિઓની 16 લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી દીધી છે. અમે ખેડૂતોની લોન માફ કરીશું. મોદી સરકારે અબજોપતિઓને જેટલી રકમ આપી હતી તેટલી જ રકમ અમે ગરીબોને આપીશું.' અગ્નિવીરને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે, 'દરેક રાજ્યના યુવાનો સેનામાં જોડાય છે પરંતુ મોદીએ અગ્નિવીર યોજના લાગુ કરીને યુવાનોનું ભવિષ્ય જોખમમાં મૂક્યું છે. સેના ઈચ્છતી ન હતી કે અગ્નવીર યોજના લાગુ કરવામાં આવે પરંતુ પીએમએ આ યોજનાને તેમના કાર્યાલયમાંથી લાગુ કરી. પહેલા આર્મી સૈનિકોને ગેરંટી આપતી હતી કે જો તમને કંઈ થશે તો સરકાર તમારું ધ્યાન રાખશે.

**જાતિની વસ્તી ગણતરી એ પ્રથમ કાર્ય હશે :** સભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'અત્યાર સુધી લોકોને ખબર નથી કે દેશમાં પછાત લોકો, દલિત, આદિવાસીઓ, મુસ્લિમો અને ગરીબોની વસ્તી કેટલી છે. કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ પ્રથમ જાતિની વસ્તી ગણતરી હાથ ધરાશે. જેથી જાણી શકાય કે દેશમાં કોની વસ્તી કેટલી છે. દેશની કેટલી સંપત્તિ કયા લોકોના હાથમાં છે તે જાણીશું. જાતિની વસ્તી ગણતરી દેશમાં દલિતો, પછાત લોકો અને ગરીબોની ભાગીદારી વિશે બધું જ જાહેર કરશે.'

ઉધમપુરમાં નો ફ્લાય ઝોન જાહેર

## 12 એપ્રિલે જમ્મુ કાશ્મીરમાં PMની જનઆશીર્વાદ રેલી



(એજન્સી) ઉધમપુર | તા. 11

લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ દરેક રાજ્યોમાં ચૂંટણી પ્રચાર તેજ કરવામાં આવ્યો છે. ત્યારે વધુ એકવાર પીએમ મોદી જમ્મુ કાશ્મીરના પ્રવાસે પહોંચશે. શ્રીનગરમાં રેલી સંબોધન બાદ હવે તેઓ ઉધમપુર જવાના છે. 12 એપ્રિલના પ્રવાસને લઈને કેવી છે તૈયારીઓ આવો જાણીએ.

પીએમ મોદી 12 એપ્રિલે ઉધમપુરના પ્રવાસે છે. પીએમ મોદીના આગમનને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. જિલ્લા પ્રશાસને ઉધમપુરમાં નો ફ્લાય ઝોન જાહેર કર્યો છે. પીએમ મોદીના આગમનને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આવતીકાલે ઉધમપુરમાં યોજાનારી પીએમ મોદીની આ રેલી છેલ્લા 10 વર્ષમાં ત્રીજી રેલી છે.

ઉત્તર મુંબઈ લોકસભા બેઠક માટે કોંગ્રેસને ઉમેદવારનો અભાવ

## મહારાષ્ટ્રમાં કોંગ્રેસ માટે મુશ્કેલી, બેઠક મળી પરંતુ ઉમેદવાર નથી

(એજન્સી) મુંબઇ | તા. 11

આગામી લોકસભાની ચૂંટણીને લઈ તડામાર તૈયારી ચાલી રહી છે. તેવામાં મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીની બેઠકોની વહેંચણીમાં ઉત્તર મુંબઈ લોકસભા બેઠક કોંગ્રેસના ખાતામાં ગઈ છે, પરંતુ કોંગ્રેસ પાસે આ બેઠક માટે કોઈ ઉમેદવાર નથી. મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીની સીટ વહેંચણીમાં ઉત્તર મુંબઈ લોકસભા સીટ કોંગ્રેસ પાસે ગઈ છે, પરંતુ કોંગ્રેસની સામે સમસ્યા એ છે કે તેમની પાસે આ સીટ માટે ઉમેદવાર નથી. કોંગ્રેસના પ્રમુખ નાના પટોલેએ શિવસેનાના યુબીટી નેતા વિનોદ ઘોસાલકરને કોંગ્રેસના ચૂંટણી ચિન્હ પર લડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ ઘોસાલકરે ના પાડી હતી. ઘોસાલકર કહ્યું હતું કે, સૌ પ્રથમ તો તેઓ કટ્ટર શિવસૈનિક છે.



### ઉત્તર મુંબઈ ભાજપનો ગઢ

આ સીટ પર રામ નાઈક ગોપાલ શેટ્ટી લડી રહ્યા છે, જ્યારે આ વખતે પીયૂષ ગોયલ મેદાનમાં છે. ઉત્તર મુંબઈ ભાજપનો ગઢ માનવામાં આવે છે. સંજય નિરુપમથી લઈને ઉર્મિલા માતોંડકર આ સીટ પરથી ચૂંટણી હારી ચૂક્યા છે. કોંગ્રેસમાં નારાજગી અને ઉમેદવારોના અભાવને લઈને ભાજપે પણ આકરા પ્રહારો કર્યા છે.

### કે. કવિતાની તિહારમાં CBIએ ધરપકડ કરી:તપાસ એજન્સી આવતીકાલે કોર્ટમાં રજૂ કરશે



દિલ્હી | દિલ્હી લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં CBIએ ગુરુવારે BRS નેતા કે. કવિતાની તિહારમાં ધરપકડ કરી છે. કવિતા 26 માર્ચથી તિહારમાં બંધ છે. CBI કવિતાને શુક્રવારે રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજૂ કરશે. રિમાન્ડ મળવા પર કવિતાને સીબીઆઈ હેડક્વાર્ટર લઈ જવામાં આવશે, જ્યાં એન્ટી કરપ્શન બ્રાન્ચની ટીમ તેની પૂછપરછ કરશે. અગાઉ સીબીઆઈએ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટની પરવાનગીથી 6 એપ્રિલે તિહાર જઈને કવિતાની પૂછપરછ કરી હતી.

"જે દિવસે હું કોંગ્રેસમાં જોડાયો, સુરક્ષા હટાવી દેવામાં આવી"

## પૂર્ણિયાથી અપક્ષ ચૂંટણી લડી રહેલા પપ્પુ યાદવની ઓફિસ પર દરોડા

(એજન્સી) પટના | તા. 11

પૂર્ણિયા લોકસભા સીટ પરથી અપક્ષ ચૂંટણી લડી રહેલા પપ્પુ યાદવની ઓફિસ પર પોલીસના દરોડા ચાલુ છે. મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ હાજર છે. જ્યારે પપ્પુ યાદવને આ ઘટનાની જાણકારી મળી તો તે ઓફિસ પહોંચી ગયો. પપ્પુ યાદવે પોલીસને પૂછ્યું કે, તમે અહીં કોના આદેશ પર આવ્યા છો. પૂર્ણિયા લોકસભા સીટ પરથી અપક્ષ ચૂંટણી લડી રહેલા પપ્પુ યાદવની ઓફિસ પર પોલીસના દરોડા યથાવત છે. ઓફિસ પર મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ હાજર છે. જો કે આ મામલે કોઈ પોલીસ અધિકારી કંઈ કરવાનો ઈન્કાર કરી રહ્યા નથી. જણાવવામાં આવી રહ્યું છે કે જ્યારે પપ્પુ યાદવને આ ઘટનાની જાણકારી મળી તો તેઓ ઓફિસ પહોંચ્યા.



### શું છે સમગ્ર મામલો?

પપ્પુ યાદવે વધુમાં જણાવ્યું હતું કે, તેનો જીવ જોખમમાં છે. જે દિવસે તેઓ કોંગ્રેસમાં જોડાયા તે દિવસે તેમની સુરક્ષા હટાવી લેવામાં આવી હતી. બીજી તરફ, સદર એસડીપીઓ પુષ્કર કુમારે કહ્યું કે, પોલીસને માહિતી મળી હતી કે પ્રચાર માટે પરવાનગી વિના વાહનને શણગારવામાં આવી રહ્યા છે.

ભારતની બોર્ડર પર BSF ટીમ કરાઇ તૈનાત

## આતંકીઓની ખેર નહીં..! લોકસભા ચૂંટણી પહેલા BSF એલર્ટ પર

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

BSFએ સૈનિકોને હાઈ એલર્ટ પર રાખ્યા છે અને તેમને ભારત-પાકિસ્તાન અને ભારત-બાંગ્લાદેશ સરહદ પર પેટ્રોલિંગ વધુ તીવ્ર બનાવવા જણાવ્યું છે. આ એલર્ટ એક ગુપ્તચર રિપોર્ટના આધારે આપવામાં આવ્યું હતું જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, લોકસભા ચૂંટણી પહેલા અરાજકતા ફેલાવવા માટે પાકિસ્તાન અને બાંગ્લાદેશથી ભારતમાં ઘૂસણખોરીના પ્રયાસો થઈ શકે છે.

BSFના મહાનિરીક્ષક સુરજીત સિંહ ગુલેરિયાએ કહ્યું, 'હા, અમે અમારા કર્મચારીઓને હાઈ એલર્ટ પર રાખ્યા છે. અસામાજિક તત્વો ભારતીય વિસ્તારમાં ઘૂસણખોરીના અહેવાલોને પગલે, અમે સરહદી વિસ્તારોમાં શંકાસ્પદ ગતિવિધિઓના પ્રવેશને રોકવા માટે સરહદી પેટ્રોલિંગ સઘન બનાવ્યું છે. સમગ્ર સરહદ પર પેટ્રોલિંગ સઘન કરવામાં આવ્યું છે. ગુલેરિયાએ કહ્યું, 'અસામાજિક તત્વો સામાન્ય ઘૂસણખોરીના માર્ગો દ્વારા ભારતીય ક્ષેત્રમાં પ્રવેશવાનો પ્રયાસ કરી શકે છે.'



### ભારતની સરહદ વિસ્તારમાં ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે...

BSFને 4,096 કિલોમીટર લાંબી ભારત-બાંગ્લાદેશ સરહદની રક્ષા કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, જેમાં આસામમાં 262 કિલોમીટર, ત્રિપુરામાં 856 કિલોમીટર, મિઝોરમમાં 318 કિલોમીટર, મેઘાલયમાં 443 કિલોમીટર અને 443 કિલોમીટરનો સમાવેશ થાય છે. પશ્ચિમ બંગાળ. 2,217 કિલોમીટર આવરી લે છે. એ જ રીતે, એજન્સી જમ્મુ, પંજાબ, રાજસ્થાન અને ગુજરાત સાથેની ભારતની પશ્ચિમ સરહદે 2,289 કિમીથી વધુ આંતરરાષ્ટ્રીય સરહદની રક્ષા કરે છે.

### BSF ડ્રોનની ગતિવિધિઓ પર રાખશે બાજ નજર

અધિકારીના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનના રાજ્ય પ્રાયોજિત આતંકવાદી સંગઠનો ચોક્કસપણે આગામી ચૂંટણીઓ પહેલા ભારતમાં અરાજકતા પેદા કરવાનો પ્રયાસ કરશે. અધિકારીએ કહ્યું, 'અમે અમારા કર્મચારીઓને પેટ્રોલિંગ વધુ તીવ્ર બનાવવા કહ્યું છે. અમે અમારા એન્ટિ-ડ્રોન યુનિટ્સને ડ્રોનની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવા માટે વિશેષ સૂચનાઓ પણ આપી છે. નોંધનીય છે કે તાજેતરમાં જ તમામ અર્ધલશ્કરી દળો અને સીમા સુરક્ષા એજન્સીઓના વડાઓ સાથેની બેઠકમાં ચૂંટણી પંચ (EC) એ દળોને આંતરરાષ્ટ્રીય સરહદ પર કડક તકેદારી રાખવા જણાવ્યું છે.

હવે ત્યાંના લોકો કહી રહ્યા છે કે...

## લોકસભા ચૂંટણી પહેલા PoKને લઈને રાજનાથ સિંહનું એલાન

નવી દિલ્હી | દેશમાં ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે, ત્યારે અરૂણાચલ પ્રદેશના નામસાઈ વિસ્તારમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે પાડોશી દેશ ચીન અને પાકિસ્તાનને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'ભારત પર ખરાબ નજર રાખનારાને જડબાતોડ જવાબ આપવામાં આવશે. વડાપ્રધાન મોદીના સત્તામાં રહેતા દેશની જમીન પર એક ઈંચ પણ કબજો ન કરી શકે. પાકિસ્તાનને આતંકવાદના પરિણામ ભોગવવા પડશે. જીવનમાં મિત્ર બદલી શકાય છે પરંતુ પાડોશી નહીં. પીઓકે આપણું હતું, છે અને રહેશે.'

### 'POKના લોકો કહે છે કે અમે ભારતની સાથે આવીશું

રાજનાથ સિંહે કહ્યું કે, 'જો પાકિસ્તાનને લાગે છે કે તેઓ આતંકવાદીઓને કાબૂ કરવામાં અસમર્થ છે, તો ભારત મદદ કરવા માટે તૈયાર છે. પાકિસ્તાને આતંકવાદના પરિણામ ભોગવવા પડશે. હવે પીઓકેના લોકો પણ કહે છે કે અમે ભારતની સાથે આવીશું. પીઓકે આપણું હતું, છે અને રહેશે, એવું માનીને ચાલીએ છીએ.

## બે પોલીસ કોન્સ્ટેબલો નંબર વગર વાહનનો ફરજ પર ઉપયોગ કરતા ઝડપાયા



પ્રતિનિધિ | સાહિલ ભાઈ

સુરત શહેર ડાયમંડ સિટી તરીકે જાણીતું છે , પરંતુ આ શહેરમાં ગુનાખોરીના દરો દિવસેને દિવસે વધી રહ્યા છે. ભારતના ચૂંટણી પંચે આચાર સહિંતા જાહેર કરી છે. અને ચૂંટણીના આ સમયગાળામાં પોલીસે ગુનાને અંકુશમાં લેવા માટે ખૂબ જ કડક અને સાવચેત રહેવું જોઈએ પીપલોદ રોડના sns બિઝનેસ પાર્ક સંકુલ પાસે ઉમરા પોલીસ સ્ટેશનના બે હોમગાર્ડ પોલીસ જોવા મળ્યા બંનેએ તેમનો યોગ્ય ડ્રેસ પહેર્યો નથી અને તેઓ નંબર પ્લેટ વગરની બ્લેક કલરની પલ્સર 220 બાઈકનો ઉપયોગ કરી રહ્યાં છે. પોલીસ દ્વારા આવી બેવડી નીતિ ચલાવી લેવામા આવે તો પછી ગુનેગાર તો વધસે જ.' તેમને કેવી રીતે ઓળખવું કે તેઓ સાચા પોલીસ છે કે નહીં જો કંઈક થાય તો આપણે કેવી રીતે જાણી શકીએ અને કોઈ તેમને કેવી રીતે પકડી શકે, ગુજરાત પોલીસ સ્ટાફે જાહેર સલામતી માટે પહેલા પોતાના અધિકારીઓને તપાસવા જોઈએ અને પછી તેમને ગુનાખોરી રોકવા મોકલવા જોઈએ. જનતા તેમને જોઈને એવું જ કરશે કે પોલીસ ગેરકાયદેસર કામ કરી શકે છે તો પબ્લિક કેમ કરી શકતી નથી ઉમરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે એવા કર્મચારીઓની સચોટ તપાસ કરવી જોઈએ બંધારણ અને કાયદાનું પાલન કરતા નથી.

## વિરોધ કે આંદોલનને ભડકાવવાનું કૃત્ય?

રાજકોટ | રાજકોટનાં કેકેવી ચોકથી ઈન્દિરા સર્કલ તરફ જતા રસ્તે 'રાજકોટ છે મક્કમ રૂપાલા સાથે અડીખમ' લખેલા પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જોકે, આ પૈકીના એક પોસ્ટરમાં અજાણ્યા શખ્સ કે શખ્સો દ્વારા પુરુષોત્તમ રૂપાલાનાં ફોટા ઉપર શાહી ફેંકવામાં આવી છે. ત્યારે ક્ષત્રિય સમાજ દ્વારા આ કામ કરવામાં આવ્યું છે કે, પછી કોઈ ટીખળખોરો દ્વારા આંદોલનને વધુ ભડકાવવા માટે આ કૃત્ય કરવામાં આવ્યું છે, તે તપાસનો વિષય છે. આ અંગેની જાણ થતાં પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરવામાં આવી છે.

### સિંહોની સુરક્ષા માટે અનોખી પહેલ

# પરિમલ નથવાણીના નેતૃત્વમાં RILએ ગીરમાં 1,534 ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી

(એજન્સી) અમદાવાદ | તા 11

ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) એ ગીર રક્ષિત વિસ્તારમાં 1,534 ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવાનું કાર્ય પૂર્ણ કર્યું છે. આ પહેલનો હેતુ વન વિસ્તારમાં વન્યજીવો, ખાસ કરીને ગુજરાત અને ભારતના ગર્વ સમાન એશિયાટીક સિંહોની સુરક્ષામાં વધારો કરીને તેમને મૃત્યુ તથા ઈજાથી બચાવવાનો છે. RILએ ગીરના રક્ષિત વિસ્તારમાં ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવા માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે જૂન 2021માં સમજૂતિ કરાર (એમ.ઓ.યુ.) કર્યો હતો. વન્યજીવ પ્રેમી અને આર.આઈ.એલ.ના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર પરિમલ નથવાણીના નેતૃત્વ હેઠળ રિલાયન્સે



ગીર પૂર્વ વિભાગના સાવરકુંડલા તથા તુલસીશ્યામમાં 638 કૂવા અને ગીર પશ્ચિમ વિભાગના માળિયા, તાલાળા અને કોડિનારમાં 896 કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી છે. વન્યજીવ પ્રેમી અને ગીરના સિંહો પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, "અમે ગીરમાં વન્યજીવો, ખાસ કરીને એશિયાટીક સિંહના રક્ષણ માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને કામ કરીએ છીએ કારણ કે વન્યજીવોના સંવર્ધન માટે અમે પ્રતિબધ્ધ છીએ. અમારી આ પહેલ એશિયાટીક સિંહો અને અન્ય વન્યજીવોને ગીરના રક્ષિત વિસ્તારમાં તેમજ આસપાસના વિસ્તારમાં ખૂલ્લા કૂવામાં પડીને જીવ ગુમાવવા કે ઈજા પામવાથી બચાવવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવશે." ગીરમાં કૂવાની સંખ્યામાં ઘણો વધારો થયો છે. પરંતુ દુઃખદ રીતે, આ કૂવાની ફરતે સંરક્ષણ દિવાલ નહીં હોવાને કારણે એશિયાટીક સિંહો મારણનો પીછો કરતી વેળાએ કૂવામાં પડી જતાં ગંભીર ઈજા પામે અથવા મૃત્યુ પામે છે. ભૂતકાળમાં પણ, પરિમલ નથવાણીના નેતૃત્વમાં રિલાયન્સે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને આ પ્રકારની પહેલ કરી હતી અને ગીર રક્ષિત વિસ્તારમાં 1,294 કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી હતી. પરિમલ નથવાણી રાજ્યસભાના સાંસદ પણ છે અને તેમણે સંસદ અને સંસદની બહાર એશિયાટીક સિંહોના રક્ષણ અને સંવર્ધન સાથે સંબંધિત મુદ્દા ઘણી વખત ઉઠાવ્યા છે.

## રૂપાલાના પોસ્ટર પર કાળી શાહી ફેંકાઇ

રાજકોટ | રાજકોટમાં રૂપાલા સામેનો વિરોધ શાંત થઈ નથી રહ્યો. આ વચ્ચે હવે રૂપાલાના પોસ્ટર પર ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટ બેઠકથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા સામે ઉગ્ર રીતે વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેમાં રાજકોટના 150 ફૂટ રીંગ રોડ ખાતે આવેલા મધ્યસ્થ કાર્યાલય પાસે રૂપાલાના પોસ્ટર ઉપર કાળી શાહી ફેંકવામાં આવી છે. આ અંગેની માહિતી અનુસાર, રાજકોટમાં ભાજપના મધ્યસ્થ કાર્યાલય પાસે રૂપાલાના પોસ્ટર ઉપર કાળી શાહી કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા ફેંકવામાં આવી હોય તે પ્રકારનું પોસ્ટર જોવા મળી રહ્યું છે.



## ચૈત્રી માસમાં લીમડાનાં રસના વિતરણની નિઃશુલ્ક સેવા

**અશેષ વ્યાસ | ખેડા, વણાકબોરી થર્મલ ખાતે દર વર્ષે ની જેમ આ વર્ષે પણ ચૈત્રી માસ માં આરોગ્ય માટે અમૃત સમાન લીમડાનાં રસ નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે.આ સેવા છેલ્લા સતર વર્ષ થી ચાલી રહેલ છે ચૈત્રી માસ શરૂ થતાં જ સેવા ભાવી કર્મચારી શ્રી શશીકાંતભાઈ રાઠોડ પીએ 1 તથા અરૂણભાઇ ધગટ ખૂબ જહેમત ઉઠાવી ને વહેલી સવારે લીમડાના મોર નો રસ બનાવીને લોકો ને નિઃશુલ્ક પીવડાવી રહ્યા છે જેનો લાભ મોટી સંખ્યામાં કોલોની તથા આસપાસના લોકો લઈ રહ્યા છે**

### લોકસભા ચૂંટણી

## ગુજરાતની રાજનીતિમાં મોટી ઉથલપાથલ

## હવે સોમા પટેલે કર્યો મોટો ધડાકો

(એજન્સી) અમદાવાદ | તા 11

લોકસભા ચૂંટણીને લઈને ફરી એકવાર ગુજરાતની રાજનીતિમાં ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસના એક પછી એક દિગ્ગજ નેતાઓ કોંગ્રેસનો સાથ છોડીને ભાજપનો કેસરિયો કેસ ધારણ કરી રહ્યા છે. ત્યાં કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. સુરેન્દ્રનગર કોંગ્રેસમાં મોટો ભંગાળ સર્જાયું છે.

### સોમા પટેલે આપ્યું રાજીનામું

પૂર્વ સાંસદ સોમા પટેલે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને પત્ર લખીને રાજીનામું ધરી દીધું છે. જે પત્રમાં અંગત કારણથી રાજીનામું આપ્યું હોવાનો ઉલ્લેખ કર્યો છે. તેમણે પત્રમાં લખ્યું છે કે, હું કોળી પટેલ સોમાભાઈ ગાંડાલાલ પૂર્વ સાંસદ સુરેન્દ્રનગર તથા પૂર્વ ધારાસભ્ય લિંબડી મારા અંગત કારણોસર કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપું છું. સુરેન્દ્રનગર લોકસભા બેઠક કોંગ્રેસનો ગઢ ગણાતી હતી. આ બેઠક પર અત્યાર સુધીની 15 ચૂંટણીઓ પૈકી 7 વખત કોંગ્રેસ ઉમેદવારોએ જીત મેળવી છે.

## નડિયાદ ખાતે કિન્નર સમાજના સભ્યો દ્વારા અચૂક મતદાન કરવાના શપથ લેવામાં આવ્યા



અશેષ વ્યાસ | ખેડા

આગામી 07 મે, 2024ના રોજ સમગ્ર ગુજરાતમાં લોકસભા સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. જેના માટે સમગ્ર રાજ્યભરમાં મતદાન જાગૃતિ કરવા અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે ખેડા જિલ્લામાં પણ વિવિધ સમુદાયો દ્વારા અવશ્ય મતદાન માટે શપથ લેવામાં આવી રહ્યા છે. જેમાં ખેડા જિલ્લાના નડિયાદ પીજ-ભાગોળ સ્થિત દાદા ગંગારામી કિન્નર અખાડાના કિન્નર સમુદાયના સભ્યો દ્વારા આગામી લોકસભા ચૂંટણી 2024માં કોઈ પણ પ્રકારના ભેદવાવ રહિત, પ્રલોભન રહિત અન નિર્ભયતાપુર્ણ મતદાન કરવા માટે શપથ લેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે નડિયાદ પીજ-ભાગોળ સ્થિત દાદા ગંગારામી કિન્નર અખાડામાં અંદાજિત એકસો થી વધુ કિન્નરો રહે છે. ત્યારે મતદાન જાગૃતિની કિન્નર સમાજની આ પહેલાંનું અનેકગણું મહત્વ વધી જાય છે.

આ પ્રસંગે કિન્નર આગેવાન શ્રી શબનમકુંવરે જણાવ્યું હતું કે મતદાન આપણી પવિત્ર ફરજ છે. કિન્નર સમુદાય પણ સમાજનો એક અભિન્ન અંગ છે. માટે લોકતાંત્રિક પરંપરાઓની જાળવણી કરવા હેતુ અમે સૌ અચૂક મતદાન કરીશું.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2014થી સુપ્રીમ કોર્ટ દ્વારા કિન્નર સમુદાયને 'અન્ય જાતિ' કેટેગરીમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. ત્યારે અન્ય જાતિ એટલે કે થર્ડ જેન્ડર માટેની અલાયદી કેટેગરીમાં મત આપીને ખેડા જિલ્લાનો કિન્નર સમુદાય પણ ભારતીય નાગરિક તરીકેની ફરજ બજાવવા કટીબદ્ધ થયો છે. ખેડા લોકસભા મતવિસ્તારના કુલ 19,91,968 મતદારોમાં કુલ 101 અન્ય જાતિના મતદાતાઓ નોંધાયેલ છે. જેમાં નડિયાદ શહેર 53 અન્ય જાતિનાં મતદાતાઓ સાથે મોખરે છે. લોકસભા સામાન્ય ચૂંટણી 2014માં ખેડા લોકસભા મતવિસ્તારના કુલ 17 અન્ય જાતિના મતદાતાઓમાંથી ફક્ત એક જ મતદાતાએ મતદાન કર્યું હતું.

જ્યારે લોકસભા સામાન્ય ચૂંટણી 2019માં ખેડા લોકસભા મતવિસ્તારના કુલ 72 અન્ય જાતિના મતદાતાઓમાંથી 30 મતદાતાઓએ મતદાન કર્યું હતું. ત્યારે ખેડા ચૂંટણી તંત્ર અન્ય જાતિના મતદાતાઓ, પ્રથમ વખત મતદાન કરતા મતદારો, યુવા મતદારો, મહિલા મતદારો, સીનિયર સીટીઝન મતદારો, દિવ્યાંગ મતદારો સહિત સૌ મતદાતાઓ અચૂક મતદાન કરી લોકશાહીના પર્વમાં જોડાય તેવી અપીલ કરે છે.

## લોકસભાના કલસ્ટર પ્રભારી અને પૂર્વ પ્રદેશ પ્રવકતા શ્રી ભરતભાઈ પંડયાએ ઉંમરગામ વિધાનસભામાં યોજાયેલ "મોદી પરિવાર" સભામાં



ઉંમરગામ : દક્ષિણ ગુજરાતની ચાર લોકસભાના કલસ્ટર પ્રભારી અને પૂર્વ પ્રદેશ પ્રવકતા શ્રી ભરતભાઈ પંડયાએ ઉંમરગામ વિધાનસભામાં યોજાયેલ "મોદી પરિવાર" સભામાં ઉપસ્થિત રહીને "મારું પરિવાર - મોદી પરિવાર" નું મહત્વ વિશે ગ્રામજનોને વિગતવાર માહિતી આપી હતી. મોદી પરિવાર તા.10.04.2024ના રોજ ગુજરાતની છેલ્લી ૧૮૨ - ઉમરગામ વિધાનસભા સીટનાં માડા અને શારોન્ડા શક્તિ કેન્દ્રની સંયુક્ત મામકવાડા ગામ ખાતે "મોદી પરિવાર સભા"માં ભરત પંડયાએ ઉપસ્થિતિ રહીને જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશનાં કરોડો પરીવારનાં આરોગ્ય, અન્ન, ઘર, ગેસ, વીજળી પાણીની ચિંતા કરીને યોજનાઓ આપેલ છે. જન્મથી માંડીને ્તૃયુ સુધીની યોજનાઓનાં પૈસા સીધાં બેન્કનાં ખાતામાં આપી રહ્યાં છે ત્યારે... શ્રી મોદીજી માટે "રાષ્ટ્ર અને દેશની જનતા" એ જ પરિવાર છે એટલા માટે... "મારું પરિવાર- મોદી પરિવાર" નું સૂત્ર સાર્થક થયેલ છે.તમામ લોકોએ "મૈં હૂઁ મોદી પરિવાર" અને "મારું પરિવાર -મોદી પરિવાર"ના નારાઓ સાથે સમગ્ર વાતાવરણ ગાજી ઉઠયું હતું .

# સ્પાઇસજેટની અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઓપરેટ થતી હોવા છતાં ફ્લાઈટ્સ વિલંબિત




(એજન્સી) અમદાવાદ તા 11

સમર શેડ્યુલ જાહેર થયા બાદ અમદાવાદના ડોમેસ્ટિક એરપોર્ટ પર મુસાફરો અને ફ્લાઈટ બંનેમાં વધારો થયો, જેના કારણે સ્પાઈસજેટે પોતાની તમામ ફ્લાઈટ SVP ટર્મિનલ-2 એટલે કે ઈન્ટરનેશનલ ટર્મિનલ પરથી ઓપરેટ કરવાની જાહેરાત કરી હતી. જોકે, 9 એપ્રિલના રોજ આ નિર્ણય લીધા બાદ પણ સ્પાઈસજેટની મોટાભાગની ફ્લાઈટ્સ તેના નિશ્ચિત સમય કરતા મોડી ઊડાન ભરે છે તદુપરાંત આજ રોજ અમદાવાદ-સીલીગુડીની એક ફ્લાઈટ પણ રદ થઈ હતી, જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

**અમદાવાદથી ઊડતી ફ્લાઈટ મોડી પડે છે :** વિવિધ શહેરોમાંથી આવતી ડોમેસ્ટિક ફ્લાઈટ અને અન્ય દેશમાંથી આવતી ઈન્ટરનેશનલ સ્પાઈસજેટની ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર તેના નિશ્ચિત સમય પર ઉતરાણ કરી દે છે પરંતુ, અમદાવાદથી અન્ય સ્થળ પર ઊડાન ભરતી ફ્લાઈટ વધુ સમય માટે વિલંબિત થતી રહે છે. આનો ભોગ બનતા મુસાફરોમાં એક જ પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે.

### મુસાફરોના જમાવડાને ઓછો કરવા માટે નિર્ણય લીધો હતો

9 એપ્રિલના રોજથી સ્પાઈસજેટે ચેન્નઈ, પોર્ટ બ્લેર, દિલ્લી, ગોવા, અયોધ્યા, સીલીગુડી અને જયપુરની ડોમેસ્ટિક ટર્મિનલ પરથી ઉડાન ભરતી તમામ ફ્લાઈટ્સ ઈન્ટરનેશનલ ટર્મિનલ પરથી જ ઉડાન ભરશે એવો નિર્ણય લીધો હતો. અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોની સુવિધા માટે અને ડોમેસ્ટિક ટર્મિનલ પર હાલમાં થઇ રહેલાં મુસાફરોના જમાવડાને ઓછો કરવા માટે આ ફેરફાર કરવામાં આવ્યો હતો. મહત્વનું છે કે, સ્પાઈસજેટની અનેક ફ્લાઈટ વધુ પ્રમાણમાં વિલંબિત થતી હતી. રન વે તરફ સ્પાઈસજેટની ફ્લાઈટને એર ટ્રાફિક કંટ્રોલમાંથી ક્લિયરન્સ ન મળતા ફ્લાઈટ તેના નિશ્ચિત સમય બાદ ઉતરાણ કરી શકતી અથવા ઉડાન ભરી શકતી હતી.

## કોંગ્રેસને લોકસભા ચૂંટણી માટે વાઘોડિયામાં ઉમેદવાર કેમ મળતો નથી?

વડોદરા | વડોદરા લોકસભા બેઠકની ચૂંટણીની સાથે સાથે વાઘોડિયા વિધાનસભા બેઠક પર ચૂંટણી યોજાવા જઈ રહી છે. જો કે, હજી સુધી કોંગ્રેસે વાઘોડિયા બેઠક પર પોતાનો ઉમેદવાર જાહેર કર્યો નથી. બેઠક પર ક્ષત્રિય ઉમેદવારને ઉતારવો કે, ભાજપના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને ટિકિટ આપવી એ અંગે કોંગ્રેસ હજી અવઢવમાં છે. આવતીકાલ 12 એપ્રિલથી ગેઝેટ નોટિફિકેશન બહાર પડવાની સાથે ઉમેદવારી ફોર્મ ભરવાની પણ શરૂઆત થઈ જશે અને 19 એપ્રિલ ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે. તેમ છતાં કોંગ્રેસના ઉમેદવારના કોઇ ઠેકાણા નથી. 2022ની વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપના મધુ શ્રીવાસ્તવને ભાજપે ટિકિટ ન આપતા તેઓ અપક્ષ તરીકે ચૂંટણી લડ્યા હતા. આ ઉપરાંત ધર્મેન્દ્રસિંહ વાઘેલાને પણ ભાજપે ટિકિટ ન આપતા તેઓ પણ અપક્ષ ચૂંટણી લડ્યા હતા.

બ્રેકિંગ ન્યૂઝ

### વડોદરાની રેસ્ટોરન્ટમાં ઢોસામાંથી જીવડું નીકળ્યું

વડોદરા | વડોદરા એક જાણીતી રેસ્ટોરન્ટમાં ઢોસામાં જીવડું નિકળતા ગ્રાહકે રોષ વ્યક્ત કર્યો હતો અને હોબાળો મચાવ્યો હતો. કહ્યું હતું કે, બે દિવસ પહેલા જ્યારે આ પ્રકારે ઘટના બની ત્યારે હોટલના મેનેજરને જાણ કરી હતી. જો કે, કોઇ કાર્યવાહી કરી નહોતી. આજે ફરીથી નાસ્તામાંથી જીવડું નિકળ્યું છે. જોકે હોટલ માલિકે જણાવ્યું હતું કે, આ ભાઈ ખોટું બોલી રહ્યા છે.




### 12 ફેલ યુવકે કર્યું કરોડોનું કૌભાંડ, નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના નામે કરોડો ફંડ મેળવી લીધું

સોશિયલ મીડિયામાં નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીની પોસ્ટ બનાવી સોશિયલ મીડિયામાં મૂકી કરોડો રૂપિયાનું ફંડ મેળવી લેનારની અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. ગુજરાત નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના ખજાનચી હેમાંગ શાહને ગત જાન્યુઆરી માસમાં કાર્યકર્તા મારફતે જાણવા મળ્યું હતું કે સોશિયલ મીડિયામાં એક પોસ્ટ ફરી રહી છે જે પોસ્ટના ફોટો પર નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીનો ચિન્હ છે. બેન્ક એકાઉન્ટ નંબર IFSC નંબર લખેલ છે. સાથે જ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી ગુજરાત પ્રદેશ લખેલ છે. જેમાં લખેલ હતું કે ફંડ સ્વીકારવા બદલ ટેક્સ બેનિફિટ મળશે ત્યારે NCPના કાર્યકર્તાના ધ્યાને આવતા પ્રદેશ NCPની કાર્યાલયના ધ્યાન પર મુકવામાં આવ્યું હતું.


## ઉત્તર મધ્ય રેલવે

### ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર કાનપુર વી ક ડેપો/2024.25/02 ઈ-પ્રણામ ટેન્ડર નોટિસ તારીખ 09-04-2024 ભારતના રાષ્ટ્રપતિ વતી, વરિષ્ઠ સામગ્રી મેનેજર ETD/CNB નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર આમંત્રિત કરે છે.

| | |
|---|---|
| ટેન્ડર નંબર :- 57245054 | જથ્થો :- 300 નંગ |
| સામગ્રી વર્ણન :- ટીન પેનલ્સ ના કદ : 150L+50W+0.3T MM., સ્પષ્ટીકરણ :- IS:101, PART_5, SEC_2/1986 (2001 માં પુનઃ સમર્થન). | |
| ટેન્ડર નંબર :- 57245058 | જથ્થો :- 600 મીટર |
| સામગ્રી વર્ણન :- CLW સ્પષ્ટીકરણ નંબર CLW/MS/3/030 Alt 12 અથવા નવીનતમ મુજબ કોપર પાઈપ. કોપર પાઈપનું કદ :- 10MM OD + 1.50 MM Thk. | |
| ટેન્ડર નંબર :- 57241060 | જથ્થો :- 70 નંગ |
| સામગ્રી વર્ણન :- 200W, 110VDC નો હેડ લાઈટ લેમ્પ, CLW સ્પેકન નંબર મુજબ : CLW/ES/3/0655 DRG નંબર મુજબ ------- સ્પેકન નંબર: CLW/ES/3/0655. | |
| ટેન્ડર નંબર :- 58245025 | જથ્થો :- 300 કિલો |
| સામગ્રી વર્ણન :- શીટ 0.25MM (10 MIL) IS-4819/1968. | |
| ટેન્ડર નંબર :- 58235269 | જથ્થો :- 3 સેટ |
| સામગ્રી વર્ણન :- MT-4, MT-5, MT-6 ટેપરમાં ટંગસ્ટેન કાર્બાઈડ ટિપ ડેડ સેન્ટરનો સેટ. , એક સેટમાં MT-4 , MT-5 , MT-6 માંથી દરેક 03 નંબરનો સમાવેશ થાય છે. ટર્નમેક્સ, L&T, ABM અથવા સમાન બનાવો. | |
| ટેન્ડર ખોલવાની તારીખ :- બધા ટેન્ડરો માટે 30-04-2024 | |
| બાના રકમ :- બધા ટેન્ડરો માટે શૂન્ય | |

નોંધ :- (1) ઉપરોક્ત ઈ-ટેન્ડરોની સંપૂર્ણ માહિતી ટ વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. (2) ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ (Class-III) દ્વારા ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે.(3) નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

638/24 (A)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

## ઉત્તર મધ્ય રેલવે

ટેન્ડર નોટિસ નંબર : 0120242025/01-03 તારીખ :- 09-04-2024

### ઈ-ટેન્ડર સૂચના

ડિવિઝનલ રેલ્વે મેનેજર/એન્જિનિયરિંગ/નોર્થ સેન્ટ્રલ રેલ્વે પ્રયાગરાજ, ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી, 02-05-2024 ના રોજ 13:30 કલાક સુધી નીચેના સુનિશ્ચિત કામો માટે ફોર્મ પર ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. કામોની વિગતો નીચે મુજબ છે:-

| અ.નં | ટેન્ડર નં | કાર્યનું વર્ણન |
|---|---|---|
| 1 | : 01 | કાર્યનું વર્ણન :- મદદનીશ વિભાગીય ઈજનેર/લાઈન/કાનપુર હેઠળ કાનપુર-પંકી વિભાગમાં ત્રીજી લાઈનના એલિવેટેડ ટ્રેકની કિનારીઓને સ્થિર કરવાનું કામ. |
| | | અંદાજીત કિંમત (રૂ) :- 4,54,42,246.18 / બાના રકમ (રૂ ) :- 3,77,700.00 |
| | | યોગ્યતાના માપદંડ હેઠળ સમાન કાર્ય:- અર્થ વર્ક માહિતી. |
| 2 | 02 | કાર્યનું વર્ણન :-મદદનીશ વિભાગીય ઈજનેર/મુખ્ય/II/કાનપુર હેઠળ SSE/કામ/મુખ્ય/કાનપુરના વિભાગમાં જમુનિયા બાગ અને લોકો ઉત્તર કોલોનીમાં રસ્તાની સપાટીનું સમારકામ. |
| | | અંદાજીત કિંમત (રૂ) :- 68,53,288.35 / બાના રકમ (રૂ ) :- 1,37,100.00 |
| | | યોગ્યતાના માપદંડ હેઠળ સમાન કાર્ય:- કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય |
| 3 | 03 | કાર્યનું વર્ણન :- મદદનીશ વિભાગીય ઈજનેર/લાઈન/કાનપુર હેઠળ પ્રયાગરાજ વિભાગના કાનપુર-ટુંડલા વિભાગ વચ્ચે કિમી 1062/20-22 પર LC-94 (રુરા) પર ROB સાથે નવા LHSના નિર્માણનું કામ. |
| | | અંદાજીત કિંમત (રૂ) :- 7,08,19,446.49 / બાના રકમ (રૂ ) :- 5,04,100.00 |
| | | યોગ્યતાના માપદંડ હેઠળ સમાન કાર્ય:- રેલ્વેના પાટા નીચે બોક્સ પુશિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પુલનું બાંધકામ. |

કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો (ક્રમ નં 1 અને 3 માટે ):- 08 મહિના , (ક્રમ નં 2 માટે ):- 06 મહિના ટેન્ડર ખુલવાની તારીખ (ક્રમ નં 1, 2, 3 માટે ) :- 02-05-2024, નોંધ:- 1. ઓનલાઈન ટેન્ડર 02-05-2024 એ 13:30 વાગ્યા સુધી પ્રસ્તુત કરી શકાશે. 2. ઉપરોક્ત ટેન્ડર ની સંપૂર્ણ માહિતી (ટેન્ડર ફોર્મ સાથે ) વેબસાઈટ www.ireps.gov.in પર ટેન્ડર ખુલવાની તારીખ 02-05-2024 ના રોજ 13:30 સુધી ઉપલબ્ધ છે .

635/24 (ADM)

@CPRONCR North central railways @ cproncrly @northcentralrailway www.ncr.indianrailways.gov.in


## સુરતમાં યુવકની નગ્ન હાલતમાં લાશ મળી

સુરત | તા.11

સુરતમાં રહસ્યમયી મોતના બનાવોમાં રોજેરોજ વધારો થઈ રહ્યો છે ત્યારે ડિંડોલી વિસ્તારમાં આવેલા માનસી રેસિડેન્સીમાંથી એક યુવકનો મૃતદેહ નગ્ન હાલતમાં મળી આવ્યો હતો. હાલ ડિંડોલી પોલીસે આ અંગે તાત્કાલિક ધોરણે તપાસની કાર્યવાહી શરૂ કરી છે.

મળતી માહિતી પ્રમાણે, ડિંડોલી વિસ્તારમાં માનસી રેસિડેન્સી ખાતે ફ્લેટ નંબર-410માં મૂળ રાજસ્થાનના 46 વર્ષીય પંકજકુમારસિંહ બંસિસિંહ એકલા રહેતા હતા. પરિવારમાં પત્ની અને બે સંતાન છે. જે વતન રાજસ્થાન રહેતા હતા અને પંકજકુમાર સોનગઢ નજીક રેલવેમાં નોકરી કરી ગુજરાન ચલાવતા હતા.

# ડાંગ જિલ્લામાં મુસ્લિમ સમાજ દ્વારા શાંતિ પૂર્ણ માહોલમાં ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી



સુશીલ પવાર | ડાંગ

મુસ્લિમ સમાજનો પવિત્ર રમજાન માસ પૂર્ણ થતા આહવા અને વઘઈમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ એકત્રિત થઈ સામુહિક નમાજ અદા કરી શાંતિ પૂર્ણ માહોલમાં રમઝાન ઈદની ધામધૂમથી ઉજવણી કરી હતી. મુસ્લિમ સમાજનો પવિત્ર મહિનો એવા રમઝાન માસ દરમિયાન મુસ્લિમ બિરાદરી સહિતના નાના બાળકો પણ અલ્લાહની બંદગી કરી હતી.ઈદના દિવસે નાના મોટા અબાલ વૃધ્ધોએ નવા કપડા પહેરીને મસ્જિદમાં જઈને નમાઝ અદા કરી હતી. જિલ્લાભરમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદારોએ ઈદગાહ ખાતે ઈદની નમાઝ અદા કરી હતી.તેમજ નમાઝ બાદ મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ભેટી ઈદની મુબારકબાદ પાઠવી હતી.આહવા અને વઘઈ ખાતે પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં મુસ્લિમ સમાજ દ્વારા આ પર્વની ઉજવણી કરી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

મજૂરા ગેટ વિસ્તારમાં રહેતી યુવતી સાથે તેના રહેણાંક ઉપરાંત વાંસદા-વઘઈ રોડના ગેસ્ટ હાઉસમાં અનેક વખત સંબંધ બાંધ્યા: ગર્ભ રહેતા કોલ્ડ્રીંકસમાં દવા પીવડાવી ગર્ભ પડાવી નાંખ્યો

# ડાંગની યુવતીને લગ્નની લાલચ આપી ગર્ભવતી બનાવી ST ડ્રાઇવરે તરછોડી દીધી

## બસમાં મુસાફરી વેળા મિત્રતા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો : મામલો સરપંચ પાસે પહોંચ્યો પરંતુ ડ્રાઈવર પ્રેમીએ કહ્યું તારે પોલીસ, કોર્ટ-કચેરી જયાં જવું હોય ત્યાં જા, મારૂ બધી જગ્યાએ સેટીંગ છે

(એજન્સી) સુરત | તા.11

રીંગરોડ મજૂરા ગેટ વિસ્તારમાં રહેતી ડાંગ જિલ્લાની કોમ્પ્યુટર એન્જિનીયર યુવતીને મુસાફરી દરમિયાન એસ.ટી બસના ડ્રાઈવરે મિત્રતા કેળવ્યા બાદ લગ્ન કરવાની લાલચ આપી અનેક વખત શરીરસંબંધ બાંધી ગર્ભવતી બનાવી હતી. પરંતુ પ્રેમીએ કોલ્ડ્રીંકસમાં ગર્ભપાતની દવા પીવડાવ્યા બાદ તારા જેવી અનેક છોકરી સાથે સંબંધ છે, પોલીસ, કોર્ટ-કચેરી જયાં જવું હોય ત્યાં જા, મારૂ બધી જગ્યાએ સેટીંગ છે એવી ધમકી આપી તરછોડી દેતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.



મજૂરા ગેટના કૈલાશ નગર વિસ્તારમાં રહેતી ડાંગ જિલ્લાની 27 વર્ષીય કોમ્પ્યુટર એન્જિનીયર સ્વાતી (નામ બદલ્યું છે) માર્ચ 2022 માં બેથી ત્રણ વખત સુરત સેન્ટ્રલ બસ સ્ટેન્ડ ખાતેથી બસમાં વતન જતી વેળા બસ ડ્રાઈવર મહેન્દ્ર જીવલુભાઈ ભોયા (ઉ.વ. 35 રહે. ભગત ફળિયું, હનુમાનબારી, તા. વાંસદા, નવસારી) સાથે મિત્રતા અને ત્યાર બાદ બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો અને લગ્ન કરવાનું નક્કી કર્યુ હતું. દરમિયાનમાં ભાભી ભરત કેન્સર હોસ્પિટલમાં દાખલ છે અને પોતે હાલ સુરતમાં છે એમ કહી મહેન્દ્ર સ્વાતીને તેના રહેણાંક ખાતે ગયો હતો. જયાં રાત્રી રોકાણ વેળા પ્રથમ વખત બંનેએ સંમતિથી શરીરસંબંધ બાંધ્યો હતો. ત્યાર બાદ બંનેએ અનેક વખત સ્વાતીના સુરત ખાતેના અલગ-અલગ વિસ્તારના ભાડાના રહેણાંક ઉપરાંત વાંસદા-વઘઈ રોડ ઉપર ગણેશ ગેસ્ટ હાઉસમાં રાત્રી રોકાણ કરી શરીરસંબંધ બાંધ્યા હતા અને ફેબ્રુઆરી 2023 માં સ્વાતીને ગર્ભ રહેતા લગ્ન માટે દબાણ કર્યુ હતું. પરંતુ મહેન્દ્રએ માતા-પિતાને વાત કરૂ છું એમ કહી સમય પસાર કર્યા બાદ એક વખત મળવાના બહાને કોલ્ડ્રીંકસમાં ગર્ભ પડી જાય તેવી ગોળી પીવડાવી દેતા તેઓ વચ્ચે ઝઘડો થયો હતો.

આ અરસામાં મહેન્દ્રને અન્ય યુવતી સાથે પણ સંબંધ હોવાની જાણ થતા તેની સાથે સંબંધ તોડી લગ્ન માટે દબાણ કરતા સ્વાતીને માર માર્યા હતો અને મામલો મહેન્દ્રના ગામના સરપંચ સુધી પહોંચ્યો હતો. પરંતુ ત્યાં પણ મહેન્દ્રએ લગ્નનો ઈન્કાર કરી તારા જેવી અનેક છોકરી સાથે સંબંધ છે, તારે પોલીસ, કોર્ટ-કચેરી જયાં જવું હોય ત્યાં જા, મારૂ બધી જગ્યાએ સેટીંગ છે એવી ધમકી આપી તરછોડી દીધી હતી. પોલીસ મહેન્દ્રની ધરપકડ કરી એક દિવસનો રિમાન્ડ મેળવ્યો છે.

## ન્યૂઝ કોર્નર

### ઓનલાઇન મોબાઇલ લેવા જતાં યુવાને રૂ.25 હજાર ગુમાવ્યા...

રાજકોટ | રાજકોટના વધુ એક યુવાન સાથે ઓનલાઈન છેતરપિંડી થયાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગુરુપ્રસાદ ચોક પાસે જૂની પપૈયાવાડી-4માં રહેતા કૌશિક પ્રતાપભાઈ રાઠોડ નામના યુવાને બે મોબાઈલધારક સામે ફરિયાદ નોંધાવી છે. ફેસબુક પર એક એપલ કંપનીનો મોબાઈલ રૂ.25 હજારમાં વેચવાનો હોવાની જાહેરાત વાંચી હતી. જેથી તે જાહેરાત નીચે મેસેજ કરતા કરણસિંહ નામના શખ્સનો ફોન આવ્યો હતો. આ મુદ્દે દુકાનદાર સાથે વાત કરતા તેને હજુ પેમેન્ટ મળ્યું નથી. ત્યાર બાદ કરણસિંહે તેનો મોબાઈલ સ્વિચ ઓફ કરી દેતા છેતરપિંડી થયાનું બહાર આવ્યું હતું.

### ધ્રોલમાં નિદ્રાધીન પરિવારના મકાનમાં તસ્કરો હાથફેરો કરી ગયા

ધ્રોલ | ધ્રોલમાં તસ્કરો ફરી સક્રીય થયા હોય તેમ ખારવા રોડ પર આવેલ ઉમીયા સોસાયટીમાં એક રહેણાંક મકાનને નીશાન બનાવ્યું હતું. રહેણાંક મકાનમાં રાત્રીનાં સમયે મકાન માલિક ઉપરના રુમમાં સુતા હતા.

એ દરમ્યાન મકાનની બારી માંથી તસ્કરોએ પ્રવેશ કરી મકાનનાં નીચેનાં રુમમાં ડ્રેસીંગ ટેબલ પર રાખેલ પર્સ માંથી કારખાનાનાં વેપારના હિસાબની 45000ની રકમ ચોરી કરી ગયા હતાં. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### દીકરીને મારી નખાઇ હોવાનો પરિવારજનોનો આક્ષેપ

સુરેન્દ્રનગર | પરિણીતાએ ફાંસો ખાઈને આત્મહત્યાની ઘટના મંગળવારની રાત્રિના સમયે બની હતી. ત્યારે તેના મૃતદેહને ગાંધી હોસ્પિટલમાં લવાતા દીકરીને મારી નાંખવામાં આવી હોવાના પરિવારજનોને આક્ષેપો કર્યા હતા. સાસરીયાઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાના ઈન્કાર બાદ પોલીસની ખાતરીથી મૃતદેહે સ્વીકાર્યો હતો. બીજી તરફ પતિ ઘરેથી ભાગી ગયો હોવાની તેમજ સાસુ, સસરાને પોલીસે પકડી લીધા હોવાની પ્રાથમિક વિગતો બહાર આવી હતી.

સુરતમાં રોગચાળાનો ભરડો: એક તો 6 મહિનાનું બાળક હતું...

# તાવની સાથે ઝાડા-ઊલટી અને પેટમાં દુખાવાથી પાંચ દિવસમાં પાંચનાં મોત

(એજન્સી) સુરત | તા.11

સુરતમાં થોડા દિવસોથી તાવની સાથે ઝાડા-ઊલટી તેમજ પેટમાં દુખાવાની ફરિયાદ કરતા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આવા દર્દીઓની સંખ્યા દિવસે ને દિવસે વધી રહી છે. જેને પગલે આ બીમારીથી દર્દીઓના મોત પણ થઈ રહ્યા છે. છેલ્લા પાંચ દિવસમાં ઝાડા-ઊલટી, પેટમાં દુખાવો અને તાવથી ત્રણ બાળકો સહિત પાંચનાં મોત થયાં છે. ગત રોજ ઝાડા-ઊલટીમાં સચિન વિસ્તારમાં રહેતા 2 વર્ષના બાળકનું અને ગોડાદરા વિસ્તારમાં રહેતી 28 વર્ષીય પરિણીતાનું મોત નીપજ્યું હતું. ગત શનિવારે સચિન વિસ્તારમાં તાવની ફરિયાદ બાદ 6 મહિનાના બાળકનું, પાંડેસરા વિસ્તારની 5 વર્ષની બાળકીનું ઝાડા-ઊલટીમાં અને કનકપુર વિસ્તારના 30 વર્ષના યુવકનું પેટમાં દુખાવાની ફરિયાદ સાથે મોત થયું હતું.

સુરતના સચિન જીઆઈડીસીમાં 2 વર્ષના બાળકનું ઝાડા-ઊલટીમાં મોત નીપજ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની જિતન પાસવાન હાલ સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલ તિરૂમાલા સોસાયટીમાં 6 સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. જિતન ડાઈંગ મિલમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

જિતનનાં સંતાન પૈકી સૌથી નાનો પુત્ર વિષ્ણુ (ઉં.વ.2)ને મંગળવારે રાત્રે ઝાડા-ઊલટી થવા લાગ્યાં હતાં. જેથી બુધવારે સવારે પરિવાર તેને સારવાર માટે રિક્ષામાં ખાનગી હોસ્પિટલમાં લઈને ગયા હતા. ત્યાંથી સારવાર લીધા બાદ વિષ્ણુ સાથે ફરી ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં તે અચાનક બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.



### 6 માસના બાળકનું તાવમાં મોત

સુરતના સચિનમાં 6 માસના બાળકનું તાવમાં મોત નીપજ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ સચિન વિસ્તારમાં આવેલ લક્ષ્મીનગરમાં વિમલેશભાઈ ગુપ્તા 3 સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. વિમલેશભાઈ કરિયાણાની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. વિમલેશભાઈનાં સંતાન પૈકી વિરાટ (6 માસ)ને બે દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી મરોલી ખાતે ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી. શનિવારે બપોરે 1 વાગ્યાના અરસામાં વિરાટ ઘરમાં અચાનક બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા.

### પાંડેસરામાં 5 વર્ષીય બાળકીનું ઝાડા-ઊલટીમાં મોત

સુરતના પાંડેસરામાં 5 વર્ષીય બાળકીનું ઝાડા-ઊલટીમાં મોત નીપજ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ઓરિસ્સાના વતની અને હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલ ક્રિષ્ના નગરમાં ચિત્રસેન બહેરા 4 સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. ચિત્રસેન લુમ્સના ખાતામાં નોકરી કરે છે. ચિત્રસેનના સંતાન પૈકી ત્રીજા નંબરની ચેનસી (5 વર્ષ) બાળકીને શુક્રવારે રાત્રે ઝાડા-ઊલટી થઈ રહ્યાં હતાં, પરંતુ સારું થઈ જશે તેમ વિચારી તેને ઘરની સારવાર આપવામાં આવી હતી. શનિવારે બપોરે 1:30 વાગ્યાના સુમારે ચેનસી ઘરમાં બેભાન થઈ ગઈ હતી. જેથી પરિવારજનો તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા.

# રૂ.3.1 કરોડથી વધુની ઠગાઈમાં મહિલા બેંક અધિકારીના જામીન નકારાયા

(એજન્સી) સુરત | તા.11

આઈસીઆઈસીઆઈ બેંકની અઠવા બ્રાંચની શાખાના ગ્રાહકોના નામે બોગસ દસ્તાવેજોના આધારે ક્રેડીટ કાર્ડ બનાવીને લાખો રૂપિયાની ગુનાઈત ઠગાઈનો કારસો રચનાર આરોપી મહીલા બેંક અધિકારીની જામીન મુક્તિની માંગને એડીશ્નલ સેશન્સ કોર્ટે નકારી કાઢી છે.

આઈસીઆઈસીઆઈ અઠવાલાઈન્સ શાખામાં ફરજ બજાવતા આરોપી શિવાનીબેન પટેલ (રે.સાંઈ દર્શન,એલ.પી.સવાણી કેનાલ રોડ)એ માર્ચ-2023થી તા.28-12-23 દરમિયાન ફરિયાદીના હરેકૃષ્ણ ટેક્ષના નામે કરન્ટ ખાતું ઓપન કરાવીને ફરિયાદીની જાણ બહાર તેમના ડોક્યુમેન્ટનો દુરુપયોગ કરીને સેવીંગ ખાતું ખોલ્યું હતુ.તદુપરાંત ફરિયાદીન જાણ બહાર ક્રેડીટ કાર્ડ એકટીવ કરીને અલગ અલગ ટ્રાન્જેકશન કરીને 5.21 લાખ ભરપાઈ ન કરી ફરિયાદી સાથે ઠગાઈ કરી હતી. તદુપરાંત અન્ય બેંક ગ્રાહકોના મ્યુચલ ફંડ પોલીસીમાં રોકાણના નામે,એફડી તોડીને તથા ક્રેડીટ કાર્ડના આધારે આરોપી શિવાની પટેલે પોતાના તથા પરિવારના સભ્યોના નામે લાખો રૂપિયાના ટ્રાન્જેકશન કરીને નાણાંકીય ઉચાપત કરી હતી.

આ કેસમાં સાયબર ક્રાઈમ પોલીસે ગુનાઈત ફોર્જરી ઠગાઈ તથા આઈટી એક્ટ સહિતના ગુના બદલ આરોપી શિવાની પટેલની તા.30-1-24ના રોજ ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા બાદ જેલકસ્ટડીમાં મોકલી આપ્યા હતા. હાલમાં જેલવાસ ભોગવતા આરોપી મહીલાએ વિલંબિત ટ્રાયલ,તથા પ્રથમ દર્શનીય કેસના અભાવે મહીલા આરોપી હોઈ જામીન મુક્ત કરવા માંગ કરી હતી. તદુપરાંત આરોપીને હાથો બનાવીને ગેરકાયદે કૃત્યમાં સંડોવી દેવામાં આવી હોવાનો બચાવ લીધો હતો.જેના વિરોધમાં સરકારપક્ષે એપીપી ઉમેશ પાટીલે તપાસ અધિકારીની એફીડેવિટ રજુ કરી હતી.

સરકારપક્ષે જણાવ્યું હતું કે આરોપીએ બેંકમાં સેલ્સ ઓફીસરની ફરજ બજવણી દરમિયાન બેંકના ખાતાધારકોની જાણ બહાર તેમના ડોક્યુમેન્ટનો ખોટી રીતે ઉપયોગ કરી ક્રેડીટ કાર્ડ મેળવી બેંક ખાતા ખોલાવ્યા છે.14 સાક્ષીઓ ક્રેડીટ કાર્ડનો ભોગ બનનાર છે.તદુપરાંત 6 સાક્ષીઓની બોગસ સહીથી બેંક ખાતા ખોલાવી બોગસ પોલીસી,એફ.ડી.વગેરેના આધારે બેંક સાથે કુલ અંદાજે 1.07 કરોડની ઠગાઈ કરી છે.જેથી કોર્ટે રેકર્ડ પરના પુરાવા તથા ફરિયાદપક્ષની રજુઆતોને માન્ય રાખી આરોપી વિરુધ્ધ ગંભીર ગુનાના પ્રથમ દર્શનીય કેસ હોઈ જામીની માંગ નકારી કાઢી છે.કોર્ટે જણાવ્યું છે કે આરોપી પબ્લિક સર્વન્ટ હોવા છતાં બેંકના ગ્રાહકોએ બેંક તથા બેંક ઓફીસર પર મુકેલા વિશ્વાસનો ભંગ કરતું સમાજને અસર કરતું ગંભીર કૃત્ય કર્યું છે.આરોપીને જામીન આપવાથી સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની તથા નાસી ભાગી જાય તેવી સંભાવના છે.

# તસ્કરોનો તરખાટ, બંધ મકાનમાં 13 લાખની ચોરી

(એજન્સી) રાજકોટ | તા.11

રાજકોટમાં તસ્કરોએ ફરી તરખાટ મચાવ્યો છે. યુનિવર્સિટી રોડ ઉપર સંજય વાટીકા સોસાયટી શેરી નં.૭માં રહેતાં શિતલબેન મનોજભાઈ સાણથરા (ઉ.વ.૪૬)ના મકાનને નિશાન બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂા.૧૩.૨૫ લાખની મત્તા ચોરી ગયાની ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. શિતલબેને પોલીસને જણાવ્યું કે તેના પુત્ર શુભમની સગાઈ પોરબંદર કરવા માટે તે, તેનો પુત્ર અને પતિ મકાનને તાળા મારી ગઈ તા.૮ના ત્યાં જવા રવાના થયા હતા. સગાઈ તા.૯ના હોવાથી તે પોરબંદર રહેતાં જેઠ દીનેશભાઈને ત્યાં રોકાયા હતા. સગાઈનો પ્રસંગ પુરો થતાં તે પતિ સાથે પરત રાત્રે ઘરે આવી ગયા હતા. તે ઘરે ઉપરના રૂમમાં હોલમાં જઈ બેઠા હોય પતિ પાણી પીવા રસોડામાં ગયા હતા. આ સમયે રસોડા પાસેનો બેડરૂમ ખુલ્લો જોવા મળતા તેણે અંદર તપાસ કરતાં કબાટનું તાળુ તુટેલુ જોવા મળ્યું હતું અને સામાન અસ્ત-વ્યસ્ત પડેલો હતો. આથી પતિએ તેને ત્યાં રૂમમાં બોલાવતા તે ગયા હતા. ઉપરના માળે આવેલા બે બેડરૂમમાં જતા તેના તાળા પણ તુટેલા જોવા મળ્યા હતા. દંપતીએ પ્રથમ મકાનના જમણી તરફના રૂમમાં આવેલા કબાટ કે જેનો દરવાજો તુટેલો હતો.

સટ્ટો રમતા શખ્સને પોલીસે તેના ફ્લેટમાંથી ઝડપી લીધો

# ક્રિકેટ સટ્ટો રમતો શખ્સ પકડાયો, આઇડી આપનારનું નામ ખુલ્યું

(એજન્સી) રાજકોટ | તા.11

ઉપકરણોને કારણે પોલીસ તંત્ર છાનેખૂણે ગુનાહિત પ્રવૃત્તિ કરતા લોકોને ઝડપી કાર્યવાહી કરી રહી છે. ત્યારે પોલીસથી બચવા ઘરમાં બેસી ક્રિકેટ સટ્ટો રમતા શખ્સને પોલીસે તેના ફ્લેટમાંથી ઝડપી લીધો છે.

યુનિવર્સિટી રોડ, યોગેશ્વર પાર્ક-1માં આવેલા મુક્તા કોમ્પ્લેક્સમાં એક નંબરના ફ્લેટમાં રહેતો અજિત ભીમ ભોજક નામનો શખ્સ ક્રિકેટ સટ્ટો રમતો હોવાની ક્રાઈમ બ્રાંચને ચોક્કસ માહિતી મળી હતી. જે માહિતીના આધારે પોલીસ ટીમે દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસે અજિત ભોજકની ખરાઇ કર્યા બાદ તેનો મોબાઈલ ચેક કરતા તે પંજાબ અને હૈદરાબાદ વચ્ચેના લાઈવ ક્રિકેટ મેચ પર હારજીતના અલગ અલગ સોદા નાંખી સટ્ટો રમતો હોવાનું જાણવા મળ્યું હતું. ખેતીકામ કરતા અજિતના ત્રણ મોબાઈલ પોલીસે કબજે કર્યા છે. પૂછપરછમાં તેને રાજકોટના પ્રશાંત શેઠ નામના શખ્સ પાસેથી સટ્ટો રમવા માટેની આઈડી મેળવી હોવાની કબૂલાત આપતા પોલીસે બંને સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# કાર્યવાહી: પેરોલ લઇને ફરાર હત્યાનો કેદી સલીમ વોરા પાણીગેટમાંથી ઝબ્બે

(એજન્સી) વડોદરા | તા.11

આણંદ ખાતે 15 વર્ષ પહેલાં બનેલા મહેબુબ બેગ હત્યા કેસમાં સજા ભોગવી રહેલો આરોપી સલીમ વોરા વડોદરા સેન્ટ્રલ જેલમાંથી પેરોલ પર છુટ્યા બાદ ફરાર કેદીને ડીસીબીએ પકડી ફરી જેલ હવાલે કરી દીધો હતો. અગાઉ થયેલા ફાયરિંગના કેસમાં મહેબુબ ઘડિયાળીને સજા થઈ હતી. તેની અદાવત રાખી વર્ષ 2008માં મહેબુબ ઘડીયાળી ખંજર સાથે, સલીમ અબ્દુલભાઈ વોરા તલવાર સાથે ઘસી આવ્યા હતા. તેઓએ મહેબુબ બેગ ઉર્ફે ચીનાભાઈ અને નસરૂ બેગ ઉપર હુમલો કરી દઈને ગંભીર ઈજા પહોંચાડી હતી.



ઘટના બાદ મહેબુબ બેગનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ કેસ આણંદ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સલીમ વોરા સહિત કુલ 6 જણાંને કોર્ટે આજીવન કેદની સજા કરી હતી. જેમાં સલીમ ઉર્ફે વકિલ અબ્દુલગની વોરા (ઉ.વ.52)(રે. ગોલ્ડન સોસાયટી, ભાલેજ રોડ, આણંદ) વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા ભોગવતો હતો.

ગત તા.13 ડિસેમ્બરે સલીમ વોરાને 10 દિવસની પેરોલ રજા માટે મુક્ત કરાયો હતો. સલીમે પેરોલ પૂર્ણ કરી તા.24 ડિસેમ્બરે પરત જેલમાં જવાનું હતું. જોકે તે હાજર ના થઇ ફરાર થયો હતો. પાણીગેટ વિસ્તારમાં આશ્રય લેતો હોવાનું જાણવા મળતાં ડીસીબીએ મોડી રાત્રે પાણીગેટ શાક માર્કેટ ખાતે વોચ રાખી સલીમ દેખાતા જ તેને પકડી જેલ હવાલે કર્યો હતો.

# કાર્યવાહી : થાણે સબ જેલની બહાર રીઢો ચોર વડોદરા પોલીસને ધક્કો મારી ફરાર...

(એજન્સી) વડોદરા | તા.11

ચોરીના 56 ગુનામાં પકડાયેલા તસ્કરે વડોદરા સહિત પાંચ શોપને ગુગલ સર્ચ કરી ચોરી કરી હતી. આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી વધુ તપાસ માટે જે.પી રોડ પોલીસને સોંપતા તેને લઈને તપાસ અર્થે થાણે ગઈ હતી, જ્યાં તે થાણે સબ જેલની બહારથી જ પોલીસને ધક્કો મારી નાશી છુટ્યો હતો. મુજમહુડામાં આવેલી ધ ફોન શોપ નામની મોબાઈલની દુકાનમાં ગત 29 માર્ચે 28 મોબાઈલ અને સીસીટીવીનું ડીવીઆર મળીને કુલ 6.51 લાખની મતાની ચોરી થઈ હતી. આ મામલે જે.પી.માં ફરિયાદ નોંધાઈ હતી.

ક્રાઈમ બ્રાન્ચે ગત તા.7 એપ્રિલે રામનિવાસ ઉર્ફે રામા મંજૂ ગુપ્તા(ઉ.વ.36)(રહે, રામનગર ચાલ, થાણે)ને મોપેડ સાથે પકડી પાડ્યો હતો. આરોપીએ તેના સાગરીત સાથે મળીને મુંબઇ, રાયગઢ અને પૂણેમાં મકાનો અને દુકાનોમાં ચોરીના 56 જેટલા ગુના આચર્યાનું ખુલ્યું હતું. પૂણે બાદ અમદાવાદથી વડોદરા પર એક્ટિવા પર આવ્યો હતો અને અકોટામાં ચોરી કરી હતી. પોલીસે પીછો કર્યો પરંતુ તે ભાગી જવામાં સફળ બન્યો હતો.

બ્રેકિંગ ન્યૂઝ

### ધરપકડ : દારૂ, હત્યાની કોશિશના ગુનામાં ફરાર નામચીન આરોપી પકડાયો

રાજકોટ | શહેરમાં વારંવાર ગુના આચરતા ગુનેગારોને પકડવાની ઝુંબેશ વચ્ચે પોલીસે વધુ એક નામચીન આરોપીને ચાર મહિના બાદ ઝડપી લીધો છે. અગાઉ બી ડિવિઝન પોલીસ મથકમાં વિદેશી દારૂના ગુનામાં તેમજ આજી ડેમ પોલીસ મથકના હત્યાની કોશિશના ગુનામાં સંત કબીર રોડ, ભગીરથ સોસાયટી-7માં રહેતો પ્રતિક દિલીપ ચંદારાણા નાસતો ફરતો હતો. પોલીસથી બચવા સતત નાસતો ફરતો આરોપી પ્રતિક ચંદારાણા કાલાવડ ગામે હોવાની એલસીબી ઝોન-1ને માહિતી મળી હતી. તુરંત ટીમ કાલાવડ ગામે દોડી જઈ પ્રતિક ચંદારાણાને સકંજામાં લીધો હતો.

### ફરિયાદ : આડા સંબંધનો વિરોધ કરનાર પરિણીતાને નશાખોર પતિનો ત્રાસ

રાજકોટ | શહેરમાં ઘરેલુ હિંસા અંતર્ગત વધુ એક પરિણીતાએ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. રૈયા રોડ, અક્ષર રેસિડેન્સી-2માં રહેતી રીનાબેન નામની પરિણીતાએ તેના પતિ મિલન જેન્તીભાઈ કોઠારી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, પતિના આડાસંબંધનો વિરોધ કર્યો તો ત્રાસ આપવાનું શરુ કર્યું છે. રાજકોટના રૈયા રોડ પર રહેવા આવ્યા બાદ પણ પતિના સ્વભાવમાં કે દારૂની ટેવ બંધ થઈ ન હતી. ત્યારે પાવર પ્રોટેક્ટનો વેપાર કરતા પતિ પોતાને અવારનવાર દહેજ મુદ્દે મેણાં મારી તું કાંઇ લાવી નથી તેમ કહી ગાળો ભાંડતા હતા.

બાઇકમાં ચોરખાનું બનાવી દારૂ સંતાડ્યો...

# માંડવી ચેકપોસ્ટ પર વાહન ચેકીંગ દરમિયાન 2 બાઇકમાંથી દારૂની બોટલો મળી આવી...

(એજન્સી) ઉના | તા.11

ઉનાના એ. માંડવી ચેક પોસ્ટ પાસે પોલીસ દ્વારા વાહન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે કેન્દ્ર શાસિત દિવમાંથી દારૂની હેરાફેરી થતી હોય તેને અટકાવવા પોલીસે બાઈકને રોકવી તલાસી લેતાં બાઈકમાં પેટ્રોલની ટાંકી નીચે બનાવેલા ચોરખનામાંથી અલગ અલગ વિદેશી દારૂની બોટલો સાથે બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ અસલમખાન ઉર્ફે બાબલો સહીખાન પઠાણ તેમજ કયુમ જહાંગીર સિદ્દીકી રહે. ઉના આ શખ્સોને દિવથી દારૂ લઈ આવતા હોય પોલીસે બાઈક ચેકીંગ દરમિયાન બાઈકમાં બનાવેલા ચોરખાનામાંથી કુલ 33 બોટલો, બાઈક સહીત કુલ 58,550નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આગામી લોકસભા ચૂંટણી-2024 અનુસંધાને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે પ્રોહી-જુગાર અંગેની પ્રવૃતિ નેસ્ત-નાબુદ કરવા સુચના મુજબ ઉના પીઆઈ. એમ.એન.રાણાની સુચનાથી સર્વેલન્સ સ્કોર્ડના પોલીસ ટીમો બનાવી પ્રોહી-જુગારના પ્રવૃતિ કરતા શખ્સોને ઝડપી પાડવા સર્વેલન્સ સ્કોડના પી.એસ.આઇ એચ.એલ.જેબલીયા, એ માંડવી ચેક પોસ્ટ ઈન્ચાર્જ પી એસ આઇ એચ.કે.વરૂ, ચેક પોસ્ટે ફરજ પરના પોલીસ સ્ટાફ તથા ઉના સર્વેલન્સ સ્કોર્ડની ટીમ દ્વારા ઉના એહમદપુર માંડવી ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગ દરમિયાન દિવ તરફથી આવતા વાહનોને આગવી સુઝબુઝથી વાહન ચેકીંગ હાથ ધરવામાં આવી હતી.

પીડિત મહિલાએ અભયમની મદદ લઇ વહુને સબક શીખવ્યો, આખરે સમાધાન કરાવ્યું

# સાસુ કંટાળી: વહુએ સાસુની ગર્દન પકડી મારપીટ કરી

(એજન્સી) વડોદરા | તા.11

વડોદરા શહેરમાં અભયમ 181 હેલ્પલાઈન પર મોટા ભાગે પીડિત મહિલાઓ જેમાં ખાસ કરીને પરિવાર અને પતિથી હેરાન થતી પરિણીત મહિલાઓના કોલ મળતા હોય છે, પરંતુ આજે અભયમને વહુથી ત્રસ્ત સાસુએ અભયમની મદદ માંગી હતી અને પીડિતાને વહુ ઝગડો કરી ગર્દન પકડીને મારપીટ કરી હોવાની વાત કરતા અભયમ દોડી ગઈ હતી અને મહિલાને મદદ કરી હતી.

અભયમની ટીમ મહિલાએ જણાવેલા સરનામે પહોંચી પીડિત મહિલાનું અસરકારક કાઉન્સિલિંગ



કરતા માહિતી મળી હતી કે, વહુ છેલ્લા છ મહિનાથી અલગ રહેવા જવા માટે વારંવાર ઝઘડા કરે છે. સસરાને અસ્થમાની બીમારી હોવાથી તેમને શ્વાસ લેવાનું મશીન અવાર નવાર ફેંકી દેવાનું કહે છે. સાથે દીકરો દવા લાવી આપે છે, તો પણ ઝઘડા કરે છે અને થોડા દિવસથી રાત્રે પિયર ચાલ્યા જાય છે. ઘર વપરાશમાં ઘરમાં તેલ ન હોવાથી તે બાબતે ઝઘડો થયો હતો. ગતરોજ વહુના પિયરમાંથી વહુના કાકા આમંત્રણ આપવા આવ્યાં હતા.t ત્યારે સાસુએ વહુની હેરાનગતિ વિશે વાત કરી હતી. જેથી વહુએ મારા પિયર વાળાને ખોટી વાતો કરે છે, તેવું કહી સાસુની ગર્દન પકડીને મારપીટ કરી હતી. જેથી પીડિત સાસુએ અભયમની મદદ માગી હતી.

અભયમની ટીમે બન્ને પક્ષની વિગત જાણ્યા બાદ વહુને સમજાવી હતી કે, સાસુથી તમારા વિશે વાત કરી તે તમને ના ગમ્યું હોય તો શાંતિથી કહી શકાય કે, મારા વિશે કોઈ પણ વાત મારા પિયરમાં કરવી નહિ,. પરંતુ મારપીટ કરવું એ યોગ્ય નથી. તમે ઘરના વહુ છો અને ઘરના દરેક સભ્યની સંભાળ તમારે રાખવાની હોય તેના બદલે તમે મારપીટ કરો છો. વડીલોથી ભૂલ થાય તો માફી આપવી જોઈએ ના કે મારપીટ કરવી જોઈએ. માતા-પિતાની દવાનો ખર્ચ દીકરો ઉપાડે છે તેઓ તેમની ફરજ બજાવે છે. અલગ રહેવાની ઈચ્છા હોય તો પ્રેમથી અલગ થવું ઝઘડો કરીને નહિ. જેથી પરિવાર સાથે આપણા સંબંધો જળવાઈ રહે અને સાસુને પણ સમજાવેલું કે, ઘરની વાત ઘરમાં રાખવી. ગમે ત્યાં વાતો કરવી નહિ. અસરકારક કાઉન્સિલિંગ દ્વારા અભયમે સુખદ સમાધાન કરાવ્યું હતું.

# સોલ્ટ ઈન્સ્ટીટ્યૂટને વિશ્વમાં અગ્રગણ્ય બનાવવા સંસ્થાના ડિરેક્ટરનું આહવાન

(એજન્સી) ભાવનગર | તા. 11

સીએસઆઈઆરની ભાવનગર ખાતે આવેલી પ્રયોગશાળા સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રીસર્ચ ઈન્સ્ટિટયૂટના 71 મા સ્થાપના દિવસની આજે ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલ હતી.સમાજ અને ઉદ્યોગોને સેવા આપવાના સીએસએમસીઆરઆઈના પ્રયાસો સાથે મીઠું અને દરિયાઈ રસાયણો, પાણી ડી-સેલિનેશન અને શુદ્ધિકરણ, ઉત્પ્રેરક, સીવીડની ખેતી જેવા વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં તેના સંશોધન માટે જાણીતું છે. આખા દિવસના આ કાર્યમાં, સ્વાતંત્ર્યના સુવર્ણકાળની સ્મૃતિમાં સવારે ભાવનગરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સંસ્થામાં વૈજ્ઞાનિક-શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું હતું. બપોરે મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેલ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવસટીના વાઈસ ચાન્સેલર અને ફોરેન્સિક સાયન્સ ડિરેક્ટોરેટના ડાયરેક્ટર જનરલ પદ્મશ્રી પ્રો.જે.એમ. વ્યાસે સ્થાપના દિનનું વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે વિજ્ઞાન અને આધ્યાત્મિકતા પર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. સ્થાપના દિન સમારોહમાં સંસ્થાના ડાયરેક્ટર ડો.કન્નન શ્રીનિવાસને સીએસએમસીઆરઆઈને વિશ્વની અગ્રણી સંસ્થા બનાવવા હાકલ કરી હતી. આ દરમિયાન સંસ્થાનું વીડિયો સ્ક્રીનિંગ અને ગુજરાતી ટેકનોલોજી કલેક્શન અને ડો. સંધ્યા મિશ્રા અને ડો. કે.બી. પાંડે લિખિત 'માઈક્રોએલ્ગી સ્પિરૂલી' પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંકલન ડો. વિશ્વજીત ગાંગુલીએ અને સંચાલન ડો. પારુલ સાહુએ કર્યું હતું. આભારવિધિ વહીવટી નિયંત્રક સુભાષ ચંદ્ર અંતિલ દ્વારા કરાઈ હતી.

## ન્યુઝ ફ્લેશ

### મદનપુર ગ્રા.પં.ને સભાખંડ ખાલી કરી સુખપરને આપવા DDOનો હુકમ

ભુજ | સુખપર ગ્રામ પંચાયતમાંથી વિભાજન થયેલ મદનપુર ગ્રામ પંચાયતનું કોકડું ગુંચવાયું છે. ગત સપ્તાહે મદનપુર ગ્રામ પંચાયતના ચાલતા બાંધકામને સુખપર ગ્રામ પંચાયતના સતાધીશોએ તોડી પાડયા બાદ સમગ્ર મામલો જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ પહોંચ્યો હતો. તાલુકા વિકાસ અધિકારીના અહેવાલ બાદ જિલ્લા વિકાસ અધિકારીએ મદનપુર ગ્રામ પંચાયતને સુખપર ગ્રા.પં.નો સભા ખંડ ખાલી કરી તેનો પ્રત્યક્ષ કબ્જો સુખપર પંચાયતને સોંપવા આદેશ કર્યો છે. જેના પગલે બંને પંચાયતની બોડીમાં ફરી એક વખત ગરમાગરમી આવી ગઈ છે.

### જિલ્લામાં 3 માસમાં 1412 જેટલા વેપારીને ત્યાં તોલમાપ ખાતુ ત્રાટક્યુ

ભાવનગર | ભાવનગર શહેર-જિલ્લામાં તોલમાપ ખાતાં દ્વારા જુદા જુદા 1412 જેટલા વેપારીઓને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં છેલ્લા ત્રણ માસ દરમિયાન વજન કાંટા તેમજ પી.સી.આર.ના 31 કેસ કરી માંડવાળ ફી વસુલ કરવામાં આવી હતી. તેમજ વાર્ષિક અને દ્વિવાર્ષિક વેપારીઓના ઈલેક્ટ્રીક તેમજ મીકેનીકલ વજન માપ સાધનોની ખરાઇ કરી ચકાસણી મુંદ્રાકન પેટે તોલમાપ વિભાગે છેલ્લા ત્રણ માસમાં રૂા.17 લાખથી વધુની રકમ વસુલ કરવામાં આવી હોવાનું તોલમાપ અધિકારીએ જણાવ્યું હતું.ભાવનગર તોલમાપ વિભાગ દ્વારા સમયાંતરે જુદા જુદા વેપારીઓ જેવા કે અનાજ-કરિયાણા, ફરસાણ, સોના ચાંદીનો વેપાર કરતા સોનીઓ, પેટ્રોલ પંપ જેવા સ્થળોએ અવાર નવાર ચેકીંગ હાથ ધરવામાં આવે છે.

### તળાજા સુંદરવન ગૌશાળામાં આગથી નુકશાન સામે દાનની સરવાણી વહી

તળાજા | તળાજા નજીક માખણીયા ગામની સીમમાં આવેલી સુંદરવન ગૌ શાળાની અંદર જે આકસ્મિક આગની ઘટનાથી પશુઓ માટેનો ઘાસચારો બળી ગયાના સમાચાર જાણીને અબોલ પશુઓની સેવા કરતી ગૌશાળાની આ ખૂબ જ દુ:ખદ ઘટના જીવદયા પ્રેમીઓને આઘાત લાગેલ છે અને આ ગૌશાળાની 600 જેટલી અંધ, અપંગ ગાયો વાછરડા, વાછરડી સહિત નધણીયા ગૌવંશની સેવા સુશ્રુષાને મદદરૂપ થવા તળાજાના દાતાઓ, દરેક સમાજના, તમામ ધર્મના , તમામ વર્ગના લોકો વ્યાપારીઓ વગેરે આ ગૌશાળાની પડખે ઊભા રહીને દાનની સરવાણી વહાવી હતી. પુન: ઘાસચારો ખરીદી આ કાળજાળ મોંઘવારી અને ગરમીમાં પણ પશુઓને રાહત મળે તે માટે જૈન સમાજના પૂજ્ય આચાર્ય પ્રબોધચંદ્ર સુરી મહારાજ જ્યારે સુરત તરફ વિહાર કરીને આવી રહ્યા હતા ત્યારે તેમણે આ સમાચાર સાંભળ્યા એટલે તરત જ એમણે શ્રેષ્ઠીઓને કહીને સુંદરવન ગૌશાળામાં રૂપિયા 1,00,000 આ અબોલ જીવોના ઘાસચારા માટે મોકલી આપ્યા હતા.

### 3,060 કરદાતાએ મિલ્કત વેરો ભરી રૂ. 13 લાખનુ રીબેટ મેળવ્યું

# ભાવનગર મહાપાલિકાને રજાના દિવસે મિલ્કત વેરાની રૂ. 1.70 કરોડની આવક

(એજન્સી) ભાવનગર | તા. 11

દર વર્ષે એપ્રિલ માસમાં ભાવનગર મહાપાલિકા દ્વારા રીબેટ યોજના લાવવામાં આવે છે અને મિલ્કત વેરો ભરનારને રીબેટ યોજનાનો લાભ આપવામાં આવે છે. હાલ ૯ દિવસથી રીબેટ યોજના શરૂ થઈ છે તેથી મિલ્કત વેરો ભરવા કરદાતાઓનો ધસારો જોવા મળી રહ્યો છે. આજે બુધવારે રજાના દિવસે રૂ. ૧.૭૦ કરોડની મિલ્કત વેરાની આવક થઈ હતી. રીબેટ યોજનાના પગલે મિલ્કત વેરો ભરવા કરદાતાઓનો ધસારો યથાવત છે. રજાના દિવસોમાં પણ મનપાએ મિલ્કત વેરો સ્વિકારવા કેશબારી ખુલ્લી રાખી છે.

ભાવનગર મહાનગરપાલિકામાં ગત તા. ૨ એપ્રિલથી મિલ્કત વેરો સ્વીકારવાનુ શરૂ કરવામાં આવેલ છે અને મિલ્કત વેરો ભરનારને કરદાતાઓને રીબેટ યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે, જેમાં આજે બુધવારે રજાના દિવસે ૩,૦૬૦ કરદાતાએ રૂ. ૧.૭૦ કરોડનો મિલ્કત વેરો ભર્યો હતો, જેમાં ૧૭૯૫ કરદાતાએ ઓનલાઈન વેરો ભર્યો હતો, જયારે ૧૨૫૧ કરદાતાઓ ઓફલાઈન એટલે મહાપાલિકાની કચેરી ખાતે વેરો ભર્યો




હતો. આજે કરદાતાઓએ વેરો ભરી રૂ. ૧૩ લાખનુ રીબેટ મેળવ્યુ હતું. છેલ્લા ૯ દિવસમાં કુલ ૩૫,૨૧૫ કરદાતાએ રૂ. ૨૨.૦૩ કરોડનો વેરો ભર્યો છે, જેમાં ૨૨,૨૮૩ કરદાતાએ ઓનલાઈન અને ૧૨,૭૬૪ કરદાતાએ ઓફલાઈન વેરો ભર્યો હતો, જ્યારે ૧૬૮ કરદાતાએ બેંક મારફત વેરો ભર્યો હતો. ઓફલાઈનની સરખામણીએ ઓનલાઈન વધુ રીબેટ મળતુ હોવાથી હાલ વધુ કરદાતાઓ ઓનલાઈન મિલ્કત વેરો ભરી રહ્યા છે અને વધુ રીબેટ મેળવી રહ્યા છે.

મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તથા બંને ઝોનલ કચેરીઓ (પૂર્વ તથા પશ્ચિમ) ખાતે મિલકત વેરો સવારે ૧૦.૩૦ થી બપોરે ૨.૩૦ અને બપોરે ૩ થી ૫ દરમિયાન સ્વીકારવા નિર્ધારિત કરાયેલ છે. જાહેર રજાઓ તથા શનિ-રવિવાર સહિતના તમામ દિવસો વેરો સ્વિકારાશે. હાલમાં ઘરવેરાની કાર્પેટ એરિયા કરપદ્ધતિમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની રિબેટ યોજના ચાલુ થઈ છે, જેમાં તમામ વેરો એકી સાથે ભરપાઇ કર્યેથી એપ્રિલ માસમાં ચાલુ વર્ષના મિલકત વેરા તથા સફાઇ વેરાની રકમ પર ૧૦ ટકા રિબેટ તથા મે માસમાં ચાલુ વર્ષના મિલકત વેરા તથા સફાઇ વેરાની રકમ પર ૫ ટકા સુધીનું રિબેટ તથા પી.ઓ.એસ., મહાનગરપાલિકાની વેબસાઇટ ડબલ્યુડબલ્યુડબલ્યુ. બીએમસીગુજરાત. કોમ પર ઓનલાઇન તેમજ એન્ડ્રોઇડ મોબાઇલ એપ્લીકેશન મારફત પેમેન્ટ કરવા પર વધુ ૨ ટકા રિબેટ મળવાપાત્ર છે. મહાપાલિકામાં જુની કર પધ્ધતિમાં ત્રણ માસ સુધી વ્યાજમાફી સ્કિમ શરૂ રાખવામાં આવી છે તેથી કરદાતાઓ લાભ લઈ શકશે. શહેરના બાકી કરદાતાઓને દર વર્ષની માફક ચાલુ વર્ષની રીબેટ યોજનાનો સત્વરે લાભ લઇ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તથા બંને ઝોનલ કચેરીઓ (પૂર્વ તથા પશ્ચિમ) ખાતેની કેશબારીઓએ અથવા મહાનગરપાલિકાની વેબસાઇટ પર વેરો ભરપાઇ શકાશે તેમ મહાપાલિકાના ઘરવેરા વિભાગે જણાવેલ છે.



## બાલાસિનોર બોડેલી ગ્રામ પંચાયતની ચૂંટણી બહિષ્કાર સંદર્ભે તંત્ર દોડતું થયું

(એજન્સી) બાલાસિનોર | તા. 11

બોડોલી ગ્રામ પંચાયતે વિસ્તારમાં કાર્યરત વેસ્ટ કેમિકલ ડમ્પિંગ પ્લાન્ટના વિરોધમાં ચૂંટણી બહિષ્કારની ચિમકી ઉચ્ચારતું આવેદનપત્ર મંગળવારે આપ્યું હતું. જે સંદર્ભે વહિવટી તંત્ર દોડતું થયું હતું અને સરપંચ સહિતના આગેવાનોને સમજૂતી માટે દોડી ગયું હતું. બાલાસિનોર તાલુકામાં બોડોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં જમિયતપુરાની સીમમાં મેસર્સ મોર્યા એન્વારો પ્રોજેક્ટ હેઠળ વેસ્ટ કેમિકલ ડમ્પ કરવા માટેની સાઈટ ૮ વર્ષ પહેલા કાર્યરત કરવામાં આવી છે. ત્યારે આસપાસના વિસ્તારમાં ભૂગર્ભમાં પાણી લાલ થયાની અનેક ફરિયાદો લોકો દ્વારા ઉઠવા પણ પામી છે. ત્યારે અનેક વખત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ કંટ્રોલ બોર્ડ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા હોવા છતાં પારદર્શક પરિણામ ન મળતા ગ્રામજનો દ્વારા લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

### બગદાણા પોલીસ મથકમાં 3 શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઇ

# એલ.આઇ.સી. એજન્ટને જુગાર રમવા બોલાવી છરીની અણીએ રૂા. 2.70 લાખની લૂંટ ચલાવાઇ

(એજન્સી) ભાવનગર | તા. 11

મહુવા તાલુકાના ડેગવડા ગામના વતની અને મહુવામાં રહેતા એલ. આઈ.સી. એજન્ટને રાજાવદર ગામે જુગાર રમવા બોલાવી જુગારમાં મોટી રકમ જીત્યા બાદ ઘરે પરત જઈ રહેલા એલ.આઈ.સી. એજન્ટને ગળથર ગામ નજીક આંતરી કારમાં આવેલા બે શખ્સે રૂા.૨.૭૦ લાખ રોકડાની લૂંટ કરી મોબાઈલ ફોન, પાકીટ અને બાઈકની ચાવી ઝૂંટવી લઈને રસ્તામાં ફેંકી દઈ ફરાર થઈ જતા બગદાણા પોલીસે ત્રણ શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. એલ.આઈ.સી. એજન્ટ અવાર-નવાર જુગાર રમવા જતા હોય અને મોટી રકમ જુગારમાં જીતતા હોય શખ્સોએ લૂંટનો પ્લાન બનાવ્યો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ મહુવા તાલુકાના ડેગવડા ગામના વતની અને મહુવામાં આવેલ સૈતાનગર પ્લોટ નં.૦૯ માં રહેતા અને એલ.આઈ.સી. એજન્ટ ભરતકુમાર લક્ષ્મીશંકર જાની (ઉ.વ.૬૨) છેલ્લા બે વર્ષથી રાજાવદર ગામના વાઘા પાંચાભાઈ લાફકાને ઓળખતા હોવાથી અગાઉ તેમના ઘરે જુગાર રમવા માટે જતા હતા. છેલ્લા બે દિવસથી વાઘા લાફકાએ તેમને અવાર-નવાર ફોન કરી જુગાર રમવા માટે



બોલાવતો હોવાથી, ગઈકાલે ભરતકુમાર જાની રૂા.૧,૪૦,૦૦૦ રોકડા લઈને વાઘાના ઘરે જુગાર રમવા માટે રાજાવદર ગયા હતા. અહીં બન્ને જુગાર રમતા ભરતભાઈ રૂા.૧,૩૦,૦૦૦ જીત્યા હતા. જુગાર રમ્યા બાદ ભરતકુમાર ઘરે જવા માટે નીકળતા હતા, ત્યારે કાળા કલરની સ્કોપયો કારમાં બે શખ્સ આવ્યા હતા. વાઘાએ બન્નેની ઓળખાણ કરાવી બન્ને તેના મિત્રો લાલા હકાભાઈ મેર (રહે, કાળાતળાવ, ભાવનગર) અને પકો સિંધી (રહે, ભાવનગર) હોવાનું જણાવ્યું હતું. દરમિયાનમાં ભરતભાઈ તેમનું મોટરસાઈકલ લઈને નીકળ્યા બાદ પાછળથી સ્કોપયો કારમાં આવેલા લાલા મેર અને પકો સિંધીએ ગળથર ગામ નજીક કાર આગળ કરી વૃદ્ધને આંતરી છરી બતાવી હાથની આંગળીના ભાગે છરી વડે ઘસરકો કરી રૂા.૨,૭૦,૦૦૦ રોકડાની લૂંટ કરી મોબાઈલ ફોન, પાકીટ અને બાઈકની ચાવી ઝૂંટવી કારમાં ફરાર થઈ ગયા હતા.



## વિરપુરમાં ફૂટપાથ પર દબાણ અને આડેધડ પાર્કિંગથી લોકોને હાલાકી

(એજન્સી) ખેડા | તા. 11

વિરપુર : વિરપુરમાં આડેધડ પાર્કિંગ અને ફૂટપાથ પર દુકાનદારોના દબાણના લીધે દિવસે અને દિવસે ટ્રાફિક સમસ્યા તેમજ સિનિયર સિટીઝન સહિતના રાહદારીઓ હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે તંત્ર ત્વરિત કાર્યવાહી કરે તેવું વિરપુરવાસીઓ ઈચ્છી રહ્યા છે. વિરપુર બસ સ્ટેન્ડ સામેના વિસ્તારમાં આડેધડ પાકગ કરનારા વાહનચાલકો બેફીકર બન્યા છે. ત્યારે વિરપુર બસ સ્ટેન્ડથી જનતા સીનેમા સુધીના માર્ગ પર દુકાનોની બહાર લોકો ગમે તેમ વાહનો પાર્ક કરી રહ્યા છે. તો બીજી તરફ વિરપુરની અંબીકા સોસાયટીથી વીરાજી સર્કલ સુધી રોડ વિભાગ દ્વારા લાખો રૂપિયા ખર્ચીને રાહદારીઓ માટે ફૂટપાથ બનાવવામાં આવી છે. જ્યાં વેપારીઓ દ્વારા વેચાણ માટેનો સામાન મુકીને દબાણ કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત દુકાનોની સામે પણ આડેધડ વાહનો પાર્ક થવાના લીધે ટ્રાફિક સમસ્યા દિવસે દિવસે વકરતી જાય છે.



## ખેડાના પ્રવેશદ્વાર પાસેનો રસ્તો ગણતરીના દિવસોમાં તૂટી ગયો

(એજન્સી) ખેડા | તા. 11

ખેડા નગરપાલિકાએ બનાવેલા રોડ- રસ્તા ગણતરીના દિવસોમાં જ તૂટી જાય છે. છતાં કોન્ટ્રાકટરો દ્વારા તેનું રિપેરિંગ કરાતું નથી. શરમજનક વાત એ છે કે, પાલિકાના પ્રવેશદ્વાર આગળનો માર્ગ જ જર્જરિત બન્યો છે. લાલ દરવાજા, વડવાળી શેરી અને લાંબી શેરી તરફ શહેર અંદર જતા રોડ મધ્યે ત્રિભેટે મુખ્ય રોડ બનાવ્યા પછી થોડા જ દિવસમાં સિમેન્ટમાંથી કપચી અને રેતી છુટા પડી ગયા હતા. ઉપરથી સિમેન્ટ ઉડી જતા માત્ર કપચી વેરાયેલી દેખાય છે. નાગરિકોના જણાવ્યા પ્રમાણે ગત નવરાત્રી સમયે બનાવાયેલો રોડ દિવાળીએ તૂટી ગયો. ત્યારે નાગરિકોમાં ભારે અસંતોષ દેખાતા કોન્ટ્રાકટરે તૂટેલા રોડ ઉપર કેમિકલ થીગડાં માર્યા હતા, તે પણ થોડા દિવસમાં ઉખડી જતા રોડની સ્થિતિ અગાઉ કરતા વધારે દુર્ગમ બની છે. ત્યારે પાલિકાતંત્ર અને કોન્ટ્રાક્ટરની કામગીરી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.



## શાકભાજીની આવક અને વાવેતર ઘટતા ભાવ બમણો વધ્યો

(એજન્સી) આણંદ | તા. 11

ઉનાળાની ગરમીની શરૂઆત સાથે જ આણંદ જિલ્લામાં સ્થાનિક કક્ષાએથી વિવિધ પ્રકારના શાકભાજીની આવક ઘટતા ધીમે ધીમે શાકભાજીના ભાવ ઉંચકાયા છે. શિયાળાની સિઝનમાં પ્રતિ રૂા. ૨૦ થી ૩૦ના કિલોના ભાવે મળતા શાકભાજીના ભાવ હાલ ડબલ એટલે કે ૬૦ થી ૮૦ રૂા. પ્રતિ કિલો ઉપર પહોંચી ગયા છે.ઉનાળાની સીઝનમાં પાણીની તંગી વચ્ચે મોટા ભાગે આણંદ જિલ્લામાં તમાકુ, દિવેલા તથા બાજરી સહિતના વિવિધ પાકોની ખેતી કરવામાં આવે છે. જેને લઈ શાકભાજીનું વાવેતર ઘટતા સ્થાનિક કક્ષાએથી શાકભાજીની આવક ઘટે છે. બીજી તરફ રાજ્યના અન્ય જિલ્લાઓ તેમજ રાજ્ય બહારથી વિવિધ પ્રકારના શાકભાજીની આવક થતી હોવાથી ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધતા શાકભાજીની કિંમતોમાં પણ વધારો જોવા મળે છે. હાલ ઉનાળાની ગરમીનો પ્રારંભ થતાંની સાથે જ આણંદ જિલ્લાના બજારોમાં ધીમે ધીમે શાકભાજીના ભાવ ઉંચકાવા લાગ્યા છે.



## તારીખ પે તારીખ: સમગ્ર ભુજને પાણી પહોંચતા વધુ 24 કલાક વિતશે

(એજન્સી) ભુજ | તા. 11

કચ્છના પાટનગર ભુજ શહેરને પાણી પહોંચાડતી પાણીની મુખ્ય લાઇનમાં ભુજોડી પાસે ભંગાણ સર્જાયાના ૧૦ દિવસ બાદ પણ પરિસ્થિતી હજુ થાળે પડી નાથી. મંગળવારે શહેરના ૫૦ ટકા વિસ્તારોમાં પાણી વિતરણ કરાયાના પાલિકાના દાવા વચ્ચે આજે પણ ટેન્કરના ફેરા અવિરત રહ્યા હતા. હજુ આવતીકાલે સવાર સુધીમાં શહેરના તમામ વિસ્તારોમાં પાણી પહોંચશે તેવા આશ્વાસન વચ્ચે એક નવી સમસ્યા એ સામે આવી છે કે, જે વિસ્તારોમાં પાણી વિતરણ થયું છે તે પૈકીના અમુક વિસ્તારોમાં પાણી ડહોળુ આવતું હોવાની ગૃહિણીઓએ ફરિયાદ કરી હતી. ભુજ શહેરના વોર્ડ નં.૧૧ ઉપરાંત ૩ અને ૪ માં પણ પાણીની સમસ્યા ઠેરની ઠેર છે. બીજી એપ્રિલાથી સર્જાયેલા જળ સંકટે ભુજને બાનમાં લીધું છે આમ છતાં પાલિકાના સતાધીશો હજુય ફોન ઉપાડવાની તસ્દી લેતા નાથી.

### 2024 માં કોરોના કરતા સ્વાઈન ફ્લૂના કેસ વધ્યા

## કોરોના કરતા સ્વાઈન ફ્લૂ ભારે પડયો, H1N1થી 3 મહિનામાં 4 દર્દીઓના મોત

(એજન્સી) ભાવનગર | તા. 11

કોરોના અને સ્વાઈન ફ્લૂ હવે સિઝનલ ફ્લૂમાં સમાવેશ થાય છે. ભાવનગરમાં જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૩ની સરખામણીએ વર્ષ ૨૦૨૪ના આ સમયગાળામાં કોરોના કરતા સ્વાઈન ફ્લૂના કેસ વધારે નોંધાયા છે. આ સમયગાળા દરમિયાન બેવડી અને ત્રણ ઋતુ અનુભવાઈ હતી. જેના કારણે શરદી, ઉધરસ, ઝાડા-ઉલ્ટીના કેસોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ઉપરાંત આ વર્ષે ઉનાળાના પ્રારંભે લૂ લાગવાના ૧૦ બનાવો બન્યા છે. સિવિલ હોસ્પિટલમાં કોરોના અને સ્વાઈન ફ્લૂના દર્દીઓ માટે અલાયદો વોર્ડ તૈયાર કરાયો છે. હાલ કોરોના અને સ્વાઈન ફ્લૂથી સંક્રમિત ૧ દર્દી સારવાર હેઠળ છે.ભાવનગરમાં વર્ષ ૨૦૨૩ના જાન્યૂઆરી, ફેબ્રુઆરી અને માર્ચના ત્રણ મહિનાના સમયગાળાની સરખામણીએ ચાલૂ વર્ષે આ સમયગાળા દરમિયાન કોરોના કરતા સ્વાઈન ફ્લૂ વધારે ઘાતક સાબિત થયો છે. વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનાના સમયગાળાની સરખામણીએ વર્ષ ૨૦૨૪ના જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનાના સમયગાળામાં સ્વાઈન ફ્લૂના કેસ વધારે નોંધાયા છે. કોરોના અને સ્વાઈન ફ્લૂની ગણતરી સિઝનલ ફ્લૂમાં થાય છે પરંતુ આ વાયરલ બિમારીની સાથે સાથે દર્દી અન્ય શારિરીક તકલીફોનો સામનો કરતો હોવાથી વધુ ઘાતકી સાબિત થાય છે. જાન્યુઆરી ૨૦૨૩માં કોરોનાના ૬ શંકાસ્પદ કેસો તથા માર્ચ ૨૦૨૩માં પણ કોરોનાના ૬ શંકાસ્પદ કેસો સામે આવ્યા હતા. જોકે તેમાંથી કોઈ પોઝિટિવ કેસ સામે આવ્યો નહોતો. જાન્યૂઆરી થી માર્ચ ૨૦૨૩ની સરખામણીએ જાન્યૂઆરી થી માર્ચ ૨૦૨૪ના સમયગાળામાં કોરોના કરતા સ્વાઈન ફ્લૂ ભારે પડતો હોય એવી સ્થિતિ જોવા મળી રહી છે.

### અમેરિકામાં વધી ગઈ મોંઘવારી, સસ્તી લોનની આશા ઠગારી નીવડી, બજાર ઊંધે માથે પટકાયું

# ભાવનગર જિલ્લાના તાલુકા મથકો પરથી ફુડ વિભાગે કુલ 114 મરીમસાલાના સેમ્પલ લીધા

(એજન્સી) ભાવનગર | તા. 11

ભાવનગર જિલ્લા ફુડ વિભાગ દ્વારા આરોગ્યપ્રદ ખોરાકની જાળવણી માટે રેગ્યુલર અને સર્વેલન્સ મુજબ ભાવનગર જિલ્લામાંથી વિવિધ ખાદ્ય સામગ્રીના કુલ ૨૦૫ અને બોટાદમાંથી ૮૬ નમુના લેબ ટેસ્ટીંગ માટે મોકલાયા હતા. જેમાં ભાવનગર જિલ્લામાંથી હાઈએસ્ટ ૧૧૪ નમુના મરી મસાલાના લેવાયા હોવાનું જણાયું છે. આરોગ્ય સુખાકારી માટે આહારની ગુણવત્તા પણ જરૂરી છે ત્યારે લોકોને આરોગ્યપ્રદ ખોરાક મળે તેવા આશય સાથે જિલ્લા ફુડ વિભાગ કાર્યરત છે અને તાલુકા મથકો પર નિયમિત અલગ અલગ વેપારીને ત્યાંથી વિવિધ ફુડ સામગ્રીના નમુના એકત્ર કરાતા હોય છે. જિલ્લા ફુડ વિભાગ દ્વારા ગત માસમાં



ભાવનગર જિલ્લામાંથી ૧ દુધનું, ૧ મીઠાઈનું, ૭ મરી મસાલાના, ૨ ફરસાણનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. તો બોટાદ જિલ્લામાંથી ખાદ્યતેલનું ૧, અનાજ કઠોળનું ૧, મીઠાઈનું ૧, મરી મસાલાનું ૧ અને તૈયાર ખોરાકના ત્રણ નમુના લેવાયા હતા. આમ કુલ ૧૭ નમુના એકત્ર કરાયા હતા જ્યારે જિલ્લા ફુડ વિભાગના ઈન્સપેકટરો દ્વારા સર્વેલન્સ મુજબ પણ આ કામગીરી હાથ ધરાતી હોય જેમાં ખાસ કરીને ઉનાળામાં બાર માસના મરી મસાલા ભરાતા હોય ભાવનગર જિલ્લામાંથી ૧૦૭ નમુના મરી મસાલાના લેવાયા હતા તો બેકરી પ્રોડક્ટના ૧૬, અનાજ કઠોળના ૧, ખાંડનું ૧, ફરસાણના ૫૨, તૈયાર ખોરાકના ૧૯, એમ કુલ ૯૬ નમુના લેવાયા હતા જ્યારે સર્વેલન્સ મુજબ બોટાદમાં મરી મસાલાના ૨૭ નમુના, તેલના ૧૨, મીઠાઈના ૪, ફરસાણના ૨૯ અને તૈયાર ખોરાકનાં ૭ મળી ૭૯ નમુના એકત્ર કરી તમામ લેબોરેટ્રી ટેસ્ટીંગ માટે મોકલાયા હોવાનું જણાયું છે. જો કે તેના રીપોર્ટ આવ્યા બાદ ભેળસેળ જણાશે તો આગળની કાર્યવાહી હાથ ધરાશે.



## ગળતેશ્વરના વણાંકબોરી થર્મલ સ્ટેશનમાંથી દૂષિત કેમિકલ મહીસાગર નદીમાં ઠલવાયું

(એજન્સી) સેવાલિયા | તા. 11


ગળતેશ્વર તાલુકાના વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશનના પમ્પ હાઉસ પાસેથી પાઈપ મારફતે પાણી સાથે ક્રૂડઓઈલ મહીસાગર નદીમાં છોડાઈ રહ્યું છે. ત્યારે નદીના પાણીમાં કેમિકલના થર જામેલા સ્પષ્ટ જોવા મળી રહ્યા છે. જેના કારણે લોકાના આરોગ્ય સામે ખતરો ઉભો થવા સાથે રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઉભી થઈ છે. આ ઘટના જોતા મહીસાગર નદીમાં નહાવા કે તેનું પાણી પીતા ચરોતર વાસીઓએ ચેતવું જરૂરી બન્યું છે. ગળતેશ્વર તાલુકામાંથી પસાર થતી લોકમાતા મહીસાગરમાં કેમિકલવાળું પાણી ભળતા ગંદુ અને દૂષિત પાણી પીવાનો વારો આવશે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો.



**વૃષભ (બ,વ,ઉ)**

ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.



**મિથુન (ક,છ,ઘ)**

ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.



**કર્ક (ડ,હ)**

આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો.



**સિંહ (મ,ટ)**

આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.




**કન્યા (પ,ઠ,ણ)**

આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.



**તુલા (ર,ત)**

આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે.



**વૃશ્ચિક (ન,ય)**

આજે તમારો મૂડ બગાડી શકે છે અને તમે ગુસ્સે થઈ શકો છો. વિશિષ્ટ ધૈર્ય રાખો કારણકે ઉતાવળમાં કરવામાં આવેલા કામથી નુકસાન થઈ શકે છે. તમારા સુખમાં વધારો થશે.




**ધન (ભ,ધ,ફ)**

તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.



**મકર (ખ,જ)**

આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.



**કુંભ (ગ,શ,સ)**

ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

# ભારતનો જીડીપી ગ્રોથ આ વર્ષે 7 ટકા રહેવાનો આશાવાદ
# એશિયન ડેવલપમેન્ટ બેન્ક

(એજન્સી) નવી દિલ્હી | તા.11

એશિયન ડેવલપમેન્ટ બેન્કે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો જીડીપી ગ્રોથ અંદાજ 0.3 ટકા વધારી 7 ટકા કર્યો છે. એડીબીએ અગાઉ 6.7 ટકાનો અંદાજ આપ્યો હતો. દેશમાં ખાનગી અને જાહેર ક્ષેત્રોમાં રોકાણો વધવાની સાથે માગ વધવાની શક્યતા દર્શાવી છે. જેના પગલે ગ્રોથ અંદાજ વધાર્યો છે. ભારતના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાં ઝડપી અને મજબૂત ગ્રોથ નોંધાયો છે. ગ્રાહકોની માગમાં પણ સુધારાના કારણે એકંદરે ગ્રોથમાં સુધારો જોવા મળ્યો છે. ફુગાવામાં ઘટાડાના પગલે મોનેટરી પોલિસીમાં પણ સુધારાનો આશાવાદ છે. નાણાકીય વર્ષ 2025-26 માટે એડીબીએ જીડીપી ગ્રોથ અંદાજ 7.2 ટકા નિર્ધારિત કર્યો છે.




**છેલ્લા 3 વર્ષથી ગ્રોથ વધ્યો |** ભારતનું અર્થતંત્રે 2022-23માં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેગમેન્ટમાં મજબૂત ગ્રોથ સાથે નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી હતી, ત્યારથી અત્યારસુધીમાં આકર્ષક ગ્રોથ સાથે વેગવાન બન્યું છે. આગામી 2024-25 અને 2025-26માં પણ આ મોમેન્ટમ જળવાઈ રહેવાનો આશાવાદ છે. દેશમાં વપરાશ માગમાં સતત સુધારાની સાથે રોકાણો વધી રહ્યા છે. ફુગાવો પણ નિયંત્રણ હેઠળ હોવાની સાથે વૈશ્વિક વલણો પણ સકારાત્મક જણાઈ રહ્યા છે. દેશની આર્થિક સ્થિતિને ટ્રેક કરવા માટે ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ (જીડીપી)ની ગણતરી કરવામાં આવે છે. જે તમામ ગુડ્સ અને સર્વિસિઝના મૂલ્યો દર્શાવે છે.

## વર્લ્ડ બેન્કે પણ જીડીપી અંદાજમાં સુધારો કર્યો

તાજેતરમાં જ વર્લ્ડ બેન્કે નાણાકીય વર્ષ 2024-25 માટે જીડીપી ગ્રોથ અંદાજ 0.2 ટકા વધારી 6.6 ટકા કર્યો છે. વર્લ્ડ બેન્કે ગત નાણાકીય વર્ષ માટે ભારતનો જીડીપી અંદાજ 1.2 ટકા વધારી 7.5 ટકા કર્યો છે. વર્લ્ડ બેન્કે સર્વિસ અને ઈન્ડસ્ટ્રીયલ સેક્ટરમાં તેજીની શક્યતા દર્શાવતાં અંદાજ વધાર્યો હોવાનું જણાવ્યું છે. આરબીઆઈએ રિઅલ જીડીપી ગ્રોથ અંદાજ 6.70 ટકાથી સુધારી 7 ટકા કર્યો હતો. રિટેલ મોંઘવારીનો અંદાજ પણ 4.5 ટકા નોંધાવ્યો હતો.




## ડૉ. રેડ્ડી'ઝે યુરોપમાં ડ્રગ-ફ્રી માઇગ્રેન મેનેજમેન્ટ ડિવાઇસ નેરીવિયો લોન્ચ કર્યું

અમદાવાદ | તા.11

ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝ લિ. અહીંથી 'ડૉ. રેડ્ડી'ઝ' તરીકે સંદર્ભિત), વૈશ્વિક ફાર્માસ્યુટિકલ કંપનીએ તેની સ્ટેપ-ડાઉન પેટાકંપની બીટાફાર્મ દ્વારા જર્મનીમાં ડ્રગ-ફ્રી નોન-ઈન્વેસિવ માઇગ્રેન મેનેજમેન્ટ વીઅરેબલ ડિવાઇસ નેરીવિયો® લોન્ચ કરવાની જાહેરાત કરી. લોન્ચ યુરોપમાં ડિજિટલ થેરાપ્યુટિક્સમાં કંપનીની એન્ટ્રીને ચિહ્નિત કરે છે.

નેરીવિયો® ને યુનાઇટેડ સ્ટેટ્સ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (USFDA) દ્વારા મંજૂર કરવામાં આવે છે અને યુરોપમાં CE-માર્ક પ્રમાણિત છે.

બ્રાન્ડેડ માર્કેટ્સ (ઇન્ડિયા એન્ડ ઇમર્જિંગ માર્કેટ્સ)ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર એમ.વી.રમના, ડૉ. રેડ્ડી'ઝે જણાવ્યું હતું કે, "એવા સમયે જ્યારે માઇગ્રેન પરની વાતચીત મહિલા સ્વાસ્થ્ય સમસ્યા[1] તરીકે માઇગ્રેન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા માઇગ્રેનથી રાહત અને ડ્રગ-ફ્રી સોલ્યુશન્સ, બાળકને જન્મ આપવાની ઉંમર દરમિયાન માઇગ્રેનના વ્યવસ્થાપન સાથે સંકળાયેલ પડકારો અને માથાના દુખાવાથી માઇગ્રેનને અલગ પાડવા, અમે અમારા ઓળખી કાઢેલા બજારોના દર્દીઓ માટે અમારા તબીબી રીતે સાબિત પ્રથમ ડિજિટલ થેરાપ્યુટિક્સ પ્રોડક્ટ, નેરીવિયો® ને લઈને ખુશ છીએ.

ભારતમાં ન્યુરોલોજીસ્ટની ભલામણ અને માઇગ્રેનથી પીડાતા દર્દીઓને રાહત આપવા સાથે નેરીવિયો® ની ભારતમાં પ્રોત્સાહક શરૂઆત થઈ છે.

### ન્યૂઝ ટ્રેક

## નીતા અંબાણીએ ખરીદી Rolls-Royce કાર



મુંબઈ | દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીની પત્ની નીતા અંબાણીએ કરોડો રૂપિયાની કાર ખરીદી છે. જર્મન કંપની રોલ્સ રોયસની આ કાર નીતા અંબાણી માટે ખાસ કસ્ટમાઇઝ કરવામાં આવી છે. જાણો તેની કિંમત અને ખાસિયત ભારત અને એશિયાના સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણીની પત્ની નીતા અંબાણી ફરી એકવાર હેડલાઈન્સમાં છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેણે 12 કરોડ રૂપિયાની સુપર લક્ઝરી કાર ખરીદી છે. દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન પાસે લગભગ 168 લક્ઝરી કારનું કલેક્શન છે.

## અંબાણી પરિવારનો નાનો દીકરો જીવે છે સાદું જીવન

મુંબઈ | આજે મુકેશ અંબાણીના નાના દિકરા અનંત અંબાણીનો જન્મદિવસ છે. તો આજે આપણે અંબાણી પરિવાર વિશે વાત કરીશું. તમને જણાવી દઈએ કે, અનંત અંબાણીના જન્મદિવસને લઈ બોલિવુડ સ્ટાર જામનગર પહોંચ્યા છે. મુકેશ ધીરુભાઈ અંબાણીનો જન્મ 19 એપ્રિલ 1957ના રોજ ધીરુભાઈ અંબાણી અને કોકિલાબેન અંબાણીના ઘરે એક ગુજરાતી હિન્દુ પરિવારમાં થયો હતો. તેમનો એક નાનો ભાઈ અનિલ અંબાણી અને બે બહેનો, નીના ભદ્રશ્યામ કોઠારી અને દિપ્તી દત્તરાજ સાલગાંવકર છે.

## Paytm પેમેન્ટ્સ બેંકના CEO સુરિન્દર ચાવલાએ આપ્યું રાજીનામું

મુંબઈ | મુશ્કેલીમાં મુકાયેલી પેમેન્ટ્સ કંપની Paytm પેમેન્ટ્સ બેંકના MD અને CEO સુરિન્દર ચાવલાએ રાજીનામું આપી દીધું છે. ચાવલાનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે Paytm પેમેન્ટ્સ બેંક લિમિટેડ (PPBL) ભારતીય રિઝર્વ બેંક (RBI) તરફથી કડક કાર્યવાહીનો સામનો કરી રહી છે. Paytm બ્રાન્ડનું સંચાલન કરતી કંપની One97 Communicationsએ મંગળવારે શેરબજારને આ રાજીનામાની જાણકારી આપી હતી. કંપનીએ કહ્યું, 'ચાવલાએ 8 એપ્રિલ, 2024ના રોજ અંગત કારણોસર અને કારકિર્દીની સારી સંભાવનાઓ શોધવા માટે રાજીનામું આપ્યું હતું.

### લોકો પહેલાની જેમ યુપીઆઇ ટ્રાન્ઝેક્શન માટે પેટીએમનો ઉપયોગ કરવાથી દુર થઇ ગયા

# Paytm મુશ્કેલીમાં, UPIમાં માત્ર 9 ટકા માર્કેટ શેર

(એજન્સી) નવી દિલ્હી | તા.11

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં પેટીએમ પેમેન્ટ બેંક પર લેવામાં આવેલી કાર્યવાહીની અસર હવે પેટીએમના બિઝનેસ પર સ્પષ્ટ દેખાઈ રહી છે. તાજેતરના ડેટા દર્શાવે છે કે યુપીઆઈ માર્કેટમાં પેટીએમનો હિસ્સો ઘટયો છે. આનો અર્થ એ થયો કે લોકો પહેલાની જેમ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન માટે પેટીએમનો ઉપયોગ કરતા નથી. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, એક સમયે ફિનટેકમાં અગ્રણી, આગામી પેટીએમ એપની પેરેન્ટ કંપની વન ૯૭ કોમ્યુનિકેશનનો યુપીઆઈ માર્કેટ શેર ઘટી ગયો છે. માર્ચ મહિનામાં આ શેર ઘટીને નવ ટકા થઈ ગયો હતો, જે છેલ્લા




ચાર વર્ષમાં તેનું સૌથી નીચું સ્તર છે. ફેબ્રુઆરી મહિનામાં, જ્યારે રિઝર્વ બેંકે પેટીએમની પેટાકંપની પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડ પર કડક નિયંત્રણો લાદ્યા હતા, ત્યારે તેનો બજાર હિસ્સો પાછલા મહિનાની તુલનામાં ઘટીને ૧૧ ટકા પર આવી ગયો હતો. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એપ્રિલ ૨૦૨૦ થી યુપીઆઈ એપ ટ્રાન્ઝેક્શનનું વોલ્યુમ અને મૂલ્ય શેર કરી રહ્યું છે. ત્યાર બાદ પેટીએમનો આ સૌથી ઓછો બજાર હિસ્સો છે. તે જ સમયે, પેટીએમ પેમેન્ટ્સ બેંક પર કાર્યવાહી બાદ, મોબાઇલ પેમેન્ટ એપ્લિકેશનના ટ્રાન્ઝેક્શન વેલ્યુ માર્કેટ શેરમાં પણ ઘટાડો થયો છે, તે ઘટીને ૬.૭ ટકા થઈ ગયો છે. આ આંકડો પણ પાછલા વર્ષોમાં સૌથી ઓછો છે. ૨૦૨૦ અને ૨૦૨૧ દરમિયાન ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં પેટીએમનો બજાર હિસ્સો લગભગ ૧૧-૧૨ ટકા હતો, જે કંપની ધીમે ધીમે વધીને ૧૩ ટકા કરવામાં સફળ રહી, જે હવે ઘટીને માત્ર નવ ટકા થઈ ગયો છે. ૨૦૧૮ અને ૨૦૧૯ દરમિયાન કંપનીનો યુપીઆઈમાં લગભગ ૪૦ ટકા બજાર હિસ્સો હતો.

# TVS SCLએ તેના ગ્રાહક માટે 5,00,000 ટુ-વ્હીલર સીકેડી કિટ્સનો સીમાચિહ્ન હાંસલ કર્યો

ચેન્નાઈ | તા.11

ગ્લોબલ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ પ્રોવાઈડર અને ભારતની સૌથી મોટી તથા ઝડપથી વિકસતી ઈન્ટિગ્રેટેડ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ પ્રોવાઈડર્સ પૈકીની એક ટીવીએસ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિમિટેડે (NSE: TVSSCS, BOM: 543965) આજે જાહેરાત કરી હતી કે તેણે તેના ગ્રાહક ટીવીએસ મોટર કંપની માટે 5,00,000 સીકેડી (કમ્પ્લીટ નોક-ડાઉન) કિટ્સનો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. હિસુર ખાતે ટીવીએસ એસસીએસની સમર્પિત વેરહાઉસ ફેસિલિટીમાં આ સિદ્ધિ હાંસલ થઈ હતી.

કંપનીની 1,50,000 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલી એડવાન્સ્ડ વેરહાઉસ ફેસિલિટી ડિફેક્ટ-ફ્રી ડિસ્પેચ સુનિશ્ચિત કરે છે અને પાર્ટ્સના મિસમેચને અટકાવે છે.

તેની હિસુર ફેસિલિટી ખાતે ટીવીએસ એસસીએસ પ્રોડક્શન પ્લાનિંગ, ક્વોલિટી મેનેજમેન્ટ, ઇનબાઉન્ડ મટિરિયલ એક્ટિવિટીઝ, કિટિંગ, રિવર્સ લોજિસ્ટિક્સ, એક્સપોર્ટ વગેરે જેવી એન્ડ-ટુ-એન્ડ વેલ્યુ-એડેડ સર્વિસીઝ પૂરી પાડે છે. આ ફુલ્લી ઓટોમેટેડ ફેસિલિટીએ જુલાઈ, 2022માં 1,00,000 સીકેડી કિટ્સનો પહેલો સીમાચિહ્ન હાંસલ કર્યો હતો અને તેના પછી ક્રમિકપણે દર પાંચ મહિને એક લાખ કિટ્સ ઉમેરવાની સિદ્ધિની એકધારી પેટર્ન દર્શાવી હતી.

# માર્ચ ત્રિમાસિકમાં પીઈ રોકાણ ઘટી છ મહિનાની નીચી સપાટીએ

### ઈન્ટરનેટ તથા નાણાંકીય સેવા ક્ષેત્રમાં આકર્ષણ

(એજન્સી) અમદાવાદ | તા.11

૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિકમાં દેશમાં પ્રાઈવેટ ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટસ ગયા વર્ષના માર્ચ ત્રિમાસિકની સરખામણીએ ૪૪ ટકા ઘટી છ વર્ષની નીચી સપાટીએ રહ્યું હતું. માર્ચ ત્રિમાસિકમાં કુલ ૧.૮૦ અબજ ડોલરનું ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટસ જોવાયું છે. ૨૦૧૮ બાદ વર્તમાન વર્ષનો પ્રારંઈ પ્રાઈવેટ ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટસની દ્રષ્ટિએ નબળો રહ્યો છે. પ્રાઈવેટ ઈક્વિટી ભંડોળ ઊભું કરવાની માત્રા પણ માર્ચ ત્રિમાસિકમાં વાર્ષિક ધોરણે ૪૬ ટકા ઘટી ૧.૫૦ અબજ ડોલર રહ્યું છે. જો કે ડિસેમ્બર, ૨૦૨૩ના ત્રિમાસિકની સરખામણીએ પ્રાઈવેટ ઈક્વિટી ભંડોળ ઊભું કરવાની માત્રા ત્રણ ગણી ઊંચી રહી છે. ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિકમાં કુલ ૩૬૬ કંપનીઓએ ઈક્વિટી





ઈન્વેસ્ટમેન્ટસ કર્યું હતું. ૨૦૨૩ના પ્રથમ ત્રિમાસિકમાં ૩૭૩ કંપનીઓએ દેશમાં ઈક્વિટી રોકાણ કર્યું હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. ઈન્ટરનેટ તથા નાણાંકીય સેવા ક્ષેત્રની કંપનીઓમાં વધુ પ્રાઈવેટ ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટસ જોવા મળ્યું છે. બીજી બાજુ ૨૦૨૩ના માર્ચ ત્રિમાસિકમાં ૪૬.૫૦ કરોડ ડોલરની સરખામણીએ વર્તમાન વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં કુલ ૧૪૮.૧૦ કરોડ ડોલર ઈક્વિટી ભંડોળ ઊભું કરાયું છે.

# વર્ષના પ્રથમ ત્રણ માસમાં ગોલ્ડ ETFમાં કુલ રૂપિયા 2028 કરોડનું થયેલું રોકાણ

(એજન્સી) અમદાવાદ | તા.11

દરમિયાન દેશના કુલ ૧૭ ગોલ્ડ ઈટીએફ (ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ)માં રૂ. ૩૭૩.૩૬ કરોડનો ચોખ્ખો પ્રવાહ હતો. જ્યારે ગયા મહિને એટલે કે ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન ૯૯૭.૨૨ કરોડ રૂપિયાનું ચોખ્ખું રોકાણ થયું હતું. આમ, કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના પ્રથમ ત્રણ મહિના (જાન્યુઆરી-માર્ચ) દરમિયાન ગોલ્ડ ઈટીએફમાં કુલ રૂ. ૨૦૨૮.૦૪ કરોડનું ચોખ્ખું રોકાણ થયું છે. જો ત્રિમાસિક ધોરણે જોવામાં આવે તો, આ સતત ચોથું ક્વાર્ટર છે જ્યારે ગોલ્ડ ઈટીએફમાં રોકાણ વધ્યું છે. ગોલ્ડ ઈટીએફમાં (જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪) ક્વાર્ટર પહેલા સતત ત્રણ ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૩, જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૩, એપ્રિલ-જૂન ૨૦૨૩) દરમિયાન ઈનફ્લો જોવા મળ્યો હતો. જ્યારે આ પહેલા, જાન્યુઆરી-માર્ચ ૨૦૨૩, ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૨ અને જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૨ના સતત ત્રણ ત્રિમાસિક ગાળા દરમિયાન ગોલ્ડ




ઈટીએફમાંથી ઉપાડ જોવા મળ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગોલ્ડ ઈટીએફમાં રોકાણમાં રૂ. ૫,૨૪૮.૪૬ કરોડનો વધારો થયો છે. આ પહેલા, ગોલ્ડ ઈટીએફમાં રોકાણમાં આટલો વધારો કોઈપણ નાણાકીય વર્ષ દરમિયાન જોવા મળ્યો ન હતો. ગયા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન, ગોલ્ડ ઈટીએફમાં રોકાણ રૂ. ૬૫૨.૮૧ કરોડ વધ્યું હતું. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાના ડેટા અનુસાર, આ સતત ૧૨મો મહિનો છે કે ગોલ્ડ ઈટીએફમાં ચોખ્ખું રોકાણ જોવા મળ્યું છે. અગાઉ કેલેન્ડર વર્ષ ૨૦૨૩ માં, ગોલ્ડ ઈટીએફમાંથી આઉટફ્લો માત્ર બે મહિના એટલે કે જાન્યુઆરી અને માર્ચ દરમિયાન નોંધવામાં આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૩ અને માર્ચ ૨૦૨૩ દરમિયાન અનુક્રમે રૂ. ૧૯૯.૪૩ કરોડ અને રૂ. ૨૬૬.૫૭ કરોડનો ઉપાડ થયો હતો. જ્યારે રોકાણ અન્ય ૧૦ મહિના દરમિયાન થયું હતું. કેલેન્ડર વર્ષ ૨૦૨૩ દરમિયાન ભારતમાં ગોલ્ડ ઈટીએફમાં રૂ. ૨,૯૨૩.૮૧ કરોડનું ચોખ્ખું રોકાણ થયું હતું. જે કેલેન્ડર વર્ષ ૨૦૨૨ કરતાં ૬ ગણું વધારે છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૨ દરમિયાન ૧૧ ગોલ્ડ ઈટીએફમાં કુલ રૂ. ૪૫૮.૭૯ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

## હવે પૈસા ઉપાડવા માટે નહીં જવું પડે ATM સુધી, ઘરે બેઠા જ મળશે રોકડ

(એજન્સી)નવી દિલ્હી | તા.10

જો તમને અચાનક ઘરે રોકડની જરૂર પડે અને ATMમાંથી રોકડ ઉપાડવાનો સમય ન હોય તો તમારે ચિંતા કરવાની જરૂર નથી. તમે આધાર ATM સેવા એટલે કે Aadhaar Enabled Payment Service (AePS) દ્વારા ઘરે બેઠા રોકડ મેળવી શકો છો. જો તમારે પણ રોકડ ઉપાડવા માટે વારંવાર ATMમાં જવું પડતું હોય તો હવે તમારી સમસ્યા દૂર થવા જઈ રહી છે. હવે તમારે રોકડ ઉપાડવા માટે ATM જવાની જરૂર નથી, તેના બદલે કેશ તમારા ઘરે પહોંચી જશે. આ થોડું વિચિત્ર લાગશે પણ શક્ય છે. વાસ્તવમાં, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકની સુવિધાનો ઉપયોગ કરીને, તમે બેંક અથવા ATMની મુલાકાત લીધા વિના સરળતાથી ઘરે રોકડ મેળવી શકો છો. આધાર ATM સેવા એટલે કે Aadhaar Enabled Payment Service (AePS) દ્વારા તમે ઘરે બેઠા જ રોકડ મેળવી શકો છો.

**બ્રેકિંગ ન્યૂઝ**

### ફોરેન ફંડો તેજીમાં આવતાં સેન્સેક્સ 354 પોઈન્ટ ઉછળી 75038ની વિક્રમી ટોચે

મુંબઈ : લોકસભા ચૂંટણીની તૈયારી વચ્ચે ભારતીય શેર બજારોમાં લોકલ ફંડો, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની શેરોમાં અવિરત ખરીદીના સથવારે ફિલગુડ ફેક્ટર કાયમ રહી આજે સેન્સેક્સ, નિફટીએ નવા વિક્રમો સર્જયા હતા. વૈશ્વિક મોરચે યુરોપ, એશીયાના બજારોમાં મજબૂતી અને ક્રુડ ઓઈલના ભાવ વધતાં અટકતાં અને ચૂંટણી બાદ કેન્દ્રમાં ફરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મજબૂત સરકાર રચાવાની હેટ્રિક લાગવાની અને આર્થિક વિકાસ મામલે ભારત અસાધારણ વૃદ્ધિ હાંસલ કરશે.



### Elon Musk:ભારત શા માટે આવવા માગે છે

મુંબઈ | ટેસ્લાના વડા એલન મસ્કે તેમની ભારત મુલાકાતની પુષ્ટિ કરી છે. 10 એપ્રિલ, બુધવારે રાત્રે 11:14 વાગ્યે X પોસ્ટમાં લખ્યું કે તેઓ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે ઉત્સુક છે. એપ્રિલના અંત સુધીમાં એલોન મસ્ક પીએમ મોદી સાથે મુલાકાત કરવા માટે ભારત આવી શકે છે.

### Vedanta એ 8 દિવસમાં 35 ટકાથી વધુનું આપ્યું રિટર્ન

મુંબઈ | દિગ્ગજ માઈનિંગ કંપની વેદાંતનો શેર આજે 10 એપ્રિલના રોજ વેપારમાં 7.8 ટકા જેટલો ઉછળ્યો હતો અને રૂ. 364.60ની નવી 52 સપ્તાહની ટોચે પહોંચ્યો હતો. છેલ્લા 2 વર્ષમાં કંપનીના શેરમાં આ સૌથી મોટો વધારો છે. બ્રોકરેજ ફર્મ CLSA એ વેદાંતાના સ્ટોકના રેટિંગ અને લક્ષ્ય ભાવમાં વધારો કર્યો છે. આ સમાચાર બાદ વેદાંતના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. CLSA એ વેદાંતનું રેટિંગ વધારીને 'Reduce' થી 'Buy' કર્યું છે.

**જાણો બંને વચ્ચેનો તફાવત**

### જૂની પદ્ધતિમાં અનેક પ્રકારના ડિડક્શન અને કર મુક્તિનો લાભ

# ઈનકમ ટેક્સ રિટર્ન નવી કે જૂની પદ્ધતિમાં ફાઈલ કરવું?

નવી દિલ્હી | તા.11

આવકવેરા વિભાગે હાલમાં જ ઓનલાઈન રિટર્ન ફાઈલિંગ માટે ITR-1, ITR-2 અને ITR-4 ફોર્મ જારી કર્યા છે. કરદાતાઓ 2023-24 માટે જુલાઈ સુધી ઓનલાઈન કે ઓફલાઈન ટેક્સ રિટર્ન ફાઈલ કરી શકે છે. જો કે, હાલ કરદાતાઓનો સૌથી મોટો પ્રશ્ન એ છે કે, નવી ટેક્સ પદ્ધતિ અનુસાર રિટર્ન ફાઈલ કરવુ કે જૂની... બંનેમાંથી કઈ પદ્ધતિ (રેઝિમ) તેમના માટે લાભદાયી અને યોગ્ય રહેશે? આવો જાણીએ બંનેમાં શું તફાવત છે અને તે કેવી રીતે ઉપયોગી છે.




### નવી રૅઝિમમાં રૂ. 7.5 લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નહિં

નાણા મંત્રી નિર્મલા સિતારમણે 2023માં રજૂ કરેલા બજેટમાં આવકવેરાની નવી રૅઝિમમાં કર માફીની મર્યાદા રૂ. 2.5 લાખથી વધારી રૂ. 3 લાખ કરી હતી. અર્થાત જે વ્યક્તિની વાર્ષિક આવક રૂ. 3 લાખ કે તેથી ઓછી છે, તો તેઓને કરમાંથી મુક્તિ મળશે. તેમજ આવકવેરા અધિનિયમ 1961ની કલમ 87 (એ) અંતર્ગત રૂ. 50 હજારનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ મળે છે. અર્થાત જો કોઈ વ્યક્તિની વાર્ષિક આવક 7 લાખ છે, તો તેણે નવી પદ્ધતિ અનુસાર કોઈ ટેક્સ ચૂકવવાની જરૂર નથી.

### નવી અને જૂની પદ્ધતિ

કરદાતા નવી અને જૂની પદ્ધતિમાંથી કોઈ એક વિકલ્પ અનુસાર ટેક્સ રિટર્ન ફાઈલ કરી શકે છે, જો કે, ધ્યાનમાં રાખવુ પડશે કે, નવી પદ્ધતિમાં વાર્ષિક આવક રૂ. 7 લાખથી વધુ હોવી જોઈએ નહિં, તેમાં કલમ 87 (એ) અંતર્ગત રિબેટ ક્લેમ કરી શકો છો. રિબેટની રકમ ઈનકમ ટેક્સના 100 ટકા અથવા રૂ. 25 હજાર સુધી (બંનેમાંથી ઓછી રકમ) લાગૂ થશે. જૂની પદ્ધતિમાં જો કોઈ વ્યક્તિની વાર્ષિક આવક રૂ. 5 લાખ સુધી છે, તો તેને કલમ 87 (એ) હેઠળ રિબેટનો લાભ મળે છે. રિબેટની રકમ ઈનકમ ટેક્સના 100 ટકા અથવા રૂ. 12500 (બંનેમાંથી ઓછી રકમ) લાગૂ થશે.

### બંનેમાં કેવી રીતે લાભ મળે છે?

કર નિષ્ણાતના જણાવ્યા અનુસાર, જો કોઈ વ્યક્તિ બચત કરતુ નથી અને ડિડક્શન તથા કર મુક્તિ માટે દાવો કરતો નથી, તેના માટે નવી પદ્ધતિ લાભદાયી છે. જો કોઈ વ્યક્તિ ખાસ કરીને ટેક્સ-સેવિંગ્સ સ્કીમમાં બચત કરે છે, બાળકોની ટ્યુશન ફી ચૂકવી રહ્યો છે, તો તેના માટે જૂની પદ્ધતિ યોગ્ય છે. કલમ 80 સી અંતર્ગત ટેક્સ-સેવિંગ્સ ઈન્વેસ્ટમેન્ટ અને બંને બાળકોની ટ્યુશન ફી પેમેન્ટ પર ડિડક્શનનો દાવો કરી શકો છો. જેનાથી કર જવાબદારીમાં ઘટાડો થાય છે.

### પ્રોપર્ટી માર્કેટની મંદીમાંથી બહાર નીકળવા ચીનના પ્રયાસોથી દેવામાં થયેલો વધારો

# જંગી દેવાબોજના જોખમને પરિણામે ચીનના આઉટલુકને ફિચે નેગેટિવ કર્યું

(એજન્સી) મુંબઈ | તા.11

ફિચ રેટિંગ્સે ચીનના આઉટલુકને સ્ટેબલમાંથી નેગેટિવ કર્યું છે. પ્રોપર્ટી માર્કેટને પરિણામે ફેલાયેલી મંદીમાંથી દેશને બહાર કાઢવા ચીનની સરકાર જંગી દેવાના બોજ હેઠળ આવી જવાનું જોખમ રહેલું હોવાનું ધ્યાનમાં રાખી રેટિંગ્સમાં ફેરબદલ કરાયો હોવાનું ફિચ દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું છે. દેશના વિકાસ માટે રિઅલ એસ્ટેટ ક્ષેત્ર પર ઓછો આધાર રાખવો પડે તેવા ચીનની સરકારના પ્રયાસોને પરિણામે દેવાબોજમાં સ્થિર વધારો જોવા મળશે જેને પગલે ચીનના આઉટલુકને લઈને અનિશ્ચિતતા વધી રહી છે. દેશનું અર્થતંત્ર સુધરી રહ્યું હોવાનો ચીનની સરકાર સતત દાવો કરી રહી છે. ફિચના રિપોર્ટને નકારી કાઢતા ચીને જણાવ્યું હતું કે, વિકાસને ગતિ આપવા રાજકોષિય નીતિની ભૂમિકાને રિપોર્ટમાં ધ્યાનમાં લેવાઈ નથી. રાજકોષિય નીતિને કારણે દેવા બોજ સ્થિર કરવામાં મદદ મળી છે.

### આ અગાઉ મૂડીસે પણ ડિસેમ્બરમાં ચીન માટે આવો જ અંદાજ મૂકયો હતો



જો કે ચીનના દેવાની સમશ્યા અને પ્રોપર્ટી માર્કેટની કટોકટી જાણીતી છે અને બજારના ખેલાડીઓ તે સારી રીતે જાણે પણ છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે ફિચના રિપોર્ટથી બજાર પર તેની ખાસ અસર જોવા નહીં મળે. દેશના આર્થિક વિકાસને વધારવાના પ્રયાસમાં છેલ્લા કેટલાક વર્ષોથી ચીન જાહેર દેવામાં સતત વધારો કરી રહ્યું છે. પ્રોપર્ટી માર્કેટ હાલમાં મંદીમાં છે ત્યારે સરકાર કેટલાક સ્ટીમ્યુલસ જાહેર કરી રહી છે. ગયા વર્ષના મધ્યમાં ચીનનું જાહેર દેવું તેના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટના ૮૦ ટકા જેટલું પહોંચી ગયું હતું.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, ચૈત્ર સુદ-04**

# બંગાળ કયા રસ્તે?

સંદેશખાલીમાં રાશન કૌભાંડમાં આરોપિત તૃણમૂલ નેતા શાહજહાં શેખના ઘરે છાપામારી માટે પહોંચેલ ઈડીની ટીમ પર થયેલ હુમલાના લગભગ ત્રણ મહિના બાદ હવે પશ્ચિમ બંગાળના જ પૂર્વ મેદિનીપુર જિલ્લામાં ૨૦૨૨માં થયેલ એક બોમ્બ વિસ્ફોટની તપાસ કરવા ગયેલ એનઆઈએની ટીમ પર સ્થાનિક ભીડે જે રીતે હુમલો કર્યો, તે રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની અસલી તસવીર રજૂ કરે છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨માં ડિસેમ્બરના ત્રીજા દિવસે ભૂપતિનગરમાં તૃણમૂલ કોંગ્રેસના સ્થાનિક નેતા રાજકુમાર મન્નાના ઘરે વિસ્ફોટ થયો હતો, જેમાં મન્ના સહિત કુલ ત્રણ લોકોનાં મોત થયાં હતાં. માર્ચ, ૨૦૨૩માં કલકત્તા ઉચ્ચ ન્યાયાલય કુલ ત્રણ લોકોનાં મોત થયાં હતાં. માર્ચ ૨૦૨૩માં કલકત્તા હાઈકોર્ટ દ્વારા એનઆઈએને ઘટનાની તપાસના આદેશ આપ્યા બાદથી એનઆઈએએ આઠ તૃણમૂલ કાર્યકર્તા અને સ્થાનિક નેતાઓને સમન્સ પાઠવ્યા, પરંતુ તેઓ સતત તેને ઠુકરાવતા રહ્યા. આ મામલે એનઆઈએની ટીમ પર ત્યારે હુમલો થયો, જ્યારે તે વિસ્ફોટના બે મુખ્ય આરોપીઓને અટકાયતમાં લઈ રહી હતી. આનાથી એ જ ખબર પડે છે કે બંગાળમાં અપરાધી તત્ત્વોને દુસ્સાહસ કઈ રીતે ચરમ પર છે. આ દુસ્સાહસનું કારણ મમતા સરકાર દ્વારા કેન્દ્રીય એજન્સીઓ વિરુદ્ધ શત્રુવત માહોલ બનાવવાનો છે. એક વાર તે સીબીઆઈ વિરુદ્ધ ધરણાં પર બેસી ગયાં હતાં, જ્યારે આ એજન્સીના અધિકારી ચિટફંડ કૌભાંડ બાબતે કોલકાતાના તત્કાલીન પોલીસ કમિશ્નરની પૂછપરછ કરવા તેમના આવાસ પર ગયા હતા. બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ કાર્યકર્તા સીબીઆઈની ઓફિસ પર પથ્થરમારો પણ કરી ચૂક્યા છે.એ જ રીતે એક વખત આવકવેરા વિભાગની ટીમ પણ તૃણમૂલ કોંગ્રેસના કાર્યકર્તાઓના ઉગ્ર પ્રદર્શનનો સામનો કરી ચૂકી છે. લોકસભા ચૂંટણી પહેલાં કેન્દ્રીય એજન્સીઓની સક્રિયતા પર સવાલ ઉઠાવનારાં મુખ્યમંત્રી મમતા બેનર્જી હવે તો હિંસાને વાજબી ઠેરવવા સુધી જઈ રહ્યાં છે. તેમને ખબર હોવી જોઈએ કે એનઆઈએની ટીમ તો અદાલતના આદેશનું પાલન કરી રહી હતી. મમતા એમ કહી રહ્યાં છે કે એનઆઈએની ટીમે અડધી રાત્રે રેડ કેમ કરી? રાજકીય આકાના ઈશારે પોલીસે તો કેન્દ્રીય એજન્સી વિરુદ્ધ ફરિયાદ પણ નોંધી દીધી, જેનાથી એ જ ખબર પડે છે કે મમતાના રાજમાં કેન્દ્રનો વિરોધ એક અલગ સ્તર પર પહોંચી ગયો છે. જ્યારે ખુદ મુખ્યમંત્રી જ સમયે સમયે ભડકાઉ નિવેદનો આપતાં હોય, તો સમર્થકો માટે તેમનો સંદેશ સ્પષ્ટ હોય છે. પહેલા ચરણના મતદાનના ઠીક બે દિવસ પહેલાં રામનવમી પર તોફાનો ભડકવાની ચેતવણી મમતા જે અંદાજમાં ચૂંટણી સભાઓમાં આપી રહ્યાં છે, તેને અવ્યવસ્થાને આમંત્રણ જ ગણી શકાય. જો બંગાળમાં રાજકીય હિંસા સામાન્ય સમજવામાં આવે છે, તો તે રાજ્ય પોલીસની અકર્મણ્યતાનું જ પરિણામ છે. એ જ કારણથી તે આજે કદાચ દેશનું પહેલું રાજ્ય હશે, જ્યાં કેન્દ્રીય અધિકારીઓની સુરક્ષા માટે કેન્દ્રીય દળોની નિયુક્તિ કરવી પડી રહી છે. તેમ છતાં જો તેઓ સુરક્ષિત નથી, તો આ રાજ્યમાં અપરાધિક તત્ત્વોની વધતી હિંમતને જ દર્શાવે છે, જેના પર કડક કાર્યવાહી કરવાની જરૂર છે. ચૂંટણી માહોલમાં રાજકીય આરોપ-પ્રત્યારોપ પોતાની જગ્યાએ છે, પરંતુ કેટલાક સમયથી પશ્ચિમ બંગાળમાં જેવો 'કેન્દ્ર-વિરોધી' માહોલ બન્યો છે, તે સંઘવાદને તો પ્રતિકૂળ છે જ , સાથે જ એક ખોટું દૃષ્ટાંત પણ રજૂ કરે છે.

# નકલી ઘી, પનીર બાદ હવે સુરતમાંથી પકડાઈ નકલી સિગારેટ




પ્રતિનિધિ- સાહિલ ભાઈ | સુરત

સુરત પોલીસને બાતમી મળી હતી કે કેટલાંક પાનના ગલ્લાંવાળા નકલી સિગારેટ વેચી રહ્યાં છે. આ બાતમીના આધારે રાંદેર પોલીસે પાલનપર પાટિયાના ગણેશ મંદિર સામે આવેલા જય ભોલે પાન સેન્ટર પર દરોડા પાડ્યા હતા. તપાસમાં રૂપિયા 1.30 લાખની સિગારેટનો જથ્થો મળી આવ્યો હતો. આ સિગારેટ નકલી હોવાનું સાબિત થતા પાન સેન્ટરના માલિક સુભાષ લાલચંત અમરનાણીની ધરપકડ કરાઈ હતી.આ ઉપરાંત પાલનપુર પાટિયા પાસે ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાંથી પણ વિદેશી સિગારેટનો મોટો જત્થો પોલીસને મળી આવ્યો છે.

આ મકાનમાં રહેતા મૂલચંદ નારવાણીએ પોતાના ઘરમાં જ 68,000ની કિંમતી નકલી સિગારેટ સંગ્રહી રાખી હતી. તે જપ્ત કરી લેવાઈ છે. એસઓજી દ્વારા બંને આરોપીઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી ધરવામાં આવી છે.

અલગ અલગ સિગારેટની કંપનીના પેકેટ નંગ 650ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપી સામે ધી સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ કલમ 7,8,9 અને 20 મુજબ રાંદેર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ચાણસ્માના વડાવલી ખોરસમ ટાકો દી ખાતે ઈદે ફ્રિદની મુસ્લિમ બિરાદરો દ્વારા ઉમંગ ભેર ઉજવણી કરાઇ



નિતીન ઠાકર, ચાણસ્મા | ચાણસ્મા સહિત પંથક ના વડાવલી ખોરસમ ટાકોદી ઈદે ફ્રિદ ની મુસ્લિમ બિરાદરો દ્વારા ભાવપૂર્ણ રીતે ઉજવણી કરાઈ હતી જેમાં મુસ્લિમ બિરાદરો એ પરસ્પર મળી ને ઈદની શુભેચ્છા ઓ પાઠવી હતી જ્યારે વડાવલી ખોરસમ ગામે શાંતી પૂર્ણ રીતે ઈદ-એ - ફિદ્ર ની ઉજવણી કરાઈ હતી.

# સુરતમાં ચાલુ પરીક્ષાએ વર્ગખંડમાં વિદ્યાર્થિનીને કહ્યું ટીશર્ટ ઊંચુ કર... , બાદ મચી ગયો હોબાળો

પ્રતિનિધિ- સાહિલ ભાઈ | સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાને લઇ વધુ એક વિવાદ સામે આવ્યો છે.Vnsgu ની સંલગ્ન કોલેજોમાં વિદ્યાર્થીનીનું પરીક્ષા દરમિયાન ટી-શર્ટ ઉપર કરવાનું કહેતા હોબાળો થઈ ગયો હતો. Vnsgu ની સંલગ્ન કોલેજોમાં હાલ રેગ્યુલર તેમજ એટીકેટીની પરીક્ષાઓ ચાલી રહી છે. જેમાં ગેરરીતિ કરતા વિદ્યાર્થીઓને પકડવા માટે સ્કવોડની ટીમ તૈયાર કરાઈ હતી. જેમાં આ વર્ષે પહેલી વખત મહિલા સ્કવોડની ટીમ તૈયાર કરવામાં આવી હતી. જેમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની 3 મહિલા પ્રોફેસરોને સામેલ કરવામાં આવી હતી. આ મહિલા સ્કવોડની ટીમ ગઈકાલે યોજાયેલી પરીક્ષામાં ચેકિંગ માટે કામરેજ અને ભરુચ ખાતે પહોંચી હતી. આ દરમિયાન એક વર્ગખંડમાં ચેકિંગ કરતી વખતે વિદ્યાર્થીનીઓને ટી-શર્ટ ઉપર કરવા જણાવ્યું હતું, સમગ્ર વર્ગખંડની વચ્ચે આ રીતે ચેકિંગ કરાતા વિદ્યાર્થીનીઓ ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગઈ હતી અને વિદ્યાર્થીઓએ આવી વર્તણુંકનો વિરોધ કરતા હોબાળો પણ કર્યો હતો જો કે યુનિવર્સિટી સત્તાધીશોએ આ મુદે કંઈ પણ ન કહેતા મૌન સેવ્યું છે. યુનિવર્સિટી સતાધીશોનું કહેવું છે કે આ મામલે હજુ સુધી કોઈ ફરિયાદ જ નથી મળી.



# મહીસાગર જિલ્લા ચુંટણી અધિકારીશ્રી દ્વારા કલાના રંગ દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લા કલેક્ટર અને ચુંટણી અધિકારીશ્રી શ્રીમતિ નેહાકુમારીના માર્ગદર્શન અને ઉપસ્થિતિમાં SVEEP કામગીરી અંતર્ગત ખાનપુર તાલુકાના લવાણા ગામે કલેશ્વરી ખાતે પેઈન્ટિંગ કમ વર્કશોપ તેમજ ઈલેક્શન પેઈન્ટિંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું અને લોકશાહીના પર્વને કલાના રંગ દ્વારા ઉજવી મતદાન જાગૃતિનો સંદેશ પાઠવવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્પર્ધાના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે આગામી લોકસભા ચૂંટણીમાં વધારેમાં વધારે મતદારો પોતાની ભાગીદારી નોંધાવે એ માટે લોકશાહીનો અવસર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે જેમાં ખાસ આ વખતે પ્રથમવાર મતદાન કરતા નવયુવાન, મહિલાઓ, વડીલો નાગરિકો ઉત્સાહ સાથે ચૂંટણીમાં ભાગીદાર બની મોટા પાયે મતદાન કરે એ માટે મતદાતા જાગૃતિ અભિયાન ખૂબ જ બહોળા પ્રમાણમાં આયોજનબદ્ધ રીતે ચલાવવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે આ ચિત્ર સ્પર્ધા દ્વારા કળાના માધ્યમથી મતદાન જાગૃતિનો સંદેશ પ્રસરાવશે.

છેલ્લા સાત વર્ષથી રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવવાની સિદ્ધિથી જાણીતા જિલ્લાના પ્રસિદ્ધ



ચિત્રકાર બીપીનભાઈ પટેલે સૌને માર્ગદર્શન આપ્યું હતું. આ કોમ્પિટિશનમાં જિલ્લા કલેક્ટર શ્રીમતિ નેહાકુમારી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલ, પ્રોબેશનલ આઈ એ એસશ્રી મહેક જૈન, પ્રાંત અધિકારીશ્રી આનંદ પાટીલ, નાયબ ચૂંટણી અધિકારીશ્રી એમ એસ મનાત, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અવનીબા મોરી સહિતના અધિકારીઓએ પણ પેઈન્ટિંગ બનાવી મતદાર જાગૃતિનો સંદેશ પાઠવ્યો હતો.

આ સ્પર્ધામાં ચુનાવ કા પર્વ લોકશાહી કા ગર્વ, મારો મત એ જ મારું ભવિષ્ય, બુઢે હો યા જવાન સભી કરે મતદાન, મત સે મત ભાગો, પ્રથમ કર્તવ્ય વોટ, મત આપો દેશ બચાવો, દસ મિનીટ દેશ માટે જેવા મતદાર જાગૃતિના સંદેશ સાથે ઉત્તમ ચિત્રો પ્રદર્શનીમાં જોવા મળ્યા હતા.

# ધર્મસ્થાનો ઊર્જાના ક્ષેત્રો છે જ્યાં જવાથી પરમ શાંતિ મળે છે : જયરામગીરી બાપુ

નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્માના જુના રબારીવાસમાં આવેલા ગોગા મહારાજના મંદિરે બુધવારે યોજાયેલા ધર્મોત્સવ પ્રસંગે ઉપસ્થિત વાળીનાથ અખાડાના મહંત જયરામગીરી બાપુએ આશીર્વાદ પાઠવતાં જણાવ્યું કે, ધર્મસ્થાનો ઊર્જાનાં ક્ષેત્રો છે, જ્યાં જવાથી મનુષ્ય માત્રને મનની શાંતિ મળે છે.

વાળીનાથ ધામ ન માત્ર માલધારી સમાજ માટે પરંતુ સર્વ સમાજ માટે શ્રદ્ધાનું મોટું કેન્દ્ર બન્યું છે. સોમનાથ પછી બીજું મોટું શિવતીર્થ ઉત્તર ગુજરાતમાં નિર્માણ પામતાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પછી શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ વધી રહ્યો છે જે લોકોની શ્રદ્ધા અને આસ્થાનું પ્રતિબિંબ છે.

ચાણસ્મા ગોગા મહારાજ પરિવારના યજમાન પદે યોજાયેલા નવચંડી યજ્ઞ અને રમેણ પ્રસંગે પધારેલા જયરામગીરી બાપુનું વાળીનાથ ધામના ઐતિહાસિક પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના આયોજન બદલ ચાણસ્મા નગરની 25થી વધુ વિવિધ સામાજિક, ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓ તેમજ વિવિધ સમાજો દ્વારા શાલ, ફૂલહારથી



બહુમાન કરાયું હતું. ભુવાજી મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ અને પરેશભાઈ દેસાઈ દ્વારા બાપુને સુવર્ણ મગમાળા અર્પણ કરાઈ હતી. જયરામગીરી બાપુએ સમસ્ત સમાજને આશીર્વાદ પાઠવતાં ઉમેર્યું કે, ચાણસ્માના ગોગા મહારાજ અને વાળીનાથ ધામ સાથે સદીઓથી નાતો છે. સ્વ. અમથાભાઈ દેસાઈ બળદેવગીરી મહારાજને પાવરહાઉસ ગણાવતા હતા. બાપુએ કહ્યું કે, ધર્મથી જ સમાજ ઉજળો છે અને સમાજનાં ઉત્તમ કાર્યો ધર્મમાંથી જ થાય છે. વાળીનાથ ધામ મહોત્સવ તેનું ઉદાહરણ છે. આ મહોત્સવ તમામ સમાજની મહેનતથી સફળ થયો તેમ કહી સૌનો આભાર માન્યો હતો. પ્રારંભે મહેન્દ્રભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચન અને કાર્યક્રમનું સંચાલન સુરેશભાઈ દેસાઈએ કર્યું હતું. મહોત્સવને સફળ બનાવવા પૂજારી હસુભાઈ ગોસ્વામી, પરેશભાઈ દેસાઈ, મુકેશ ચિત્રોડા, આશિષ દેસાઈ સહિત કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# સુરતના વરાછામાં સુપર કિંગ ટ્રેડર્સને નોટિસ




**250 દુકાનમાંથી તબક્કાવાર રીતે 30 દુકાન સીલ કરાઈ હતી**

પ્રતિનિધિ સાહિલ ભાઈ | સુરત

સુરતમાં ખાદ્યતેલ, અનાજ- કઠોળનો જથ્થાબંધ વેપાર કરનારા વેપારીઓ નીતિ-નિયમો અભરાઈ ચઢાવી મનસ્વી રીતે વેપાર કરી રહ્યા હોવાની બુમરાણ ઉઠી હતી. જથ્થાબંધ અનાજનો વેપાર કરનારા કેટલાક વેપારીઓ રહેણાંક વિસ્તારમાં જ કમર્શિયલ પ્રવૃત્તિ તો કરી રહ્યા છે, પરંતુ કેટલાક વેપારીઓ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ 1955ની જોગવાઈનું સરેઆમ ઉલ્લંઘન કરી મનફાવે તે રીતે વેપાર કરી રહ્યા છે. આ દરમિયાન તંત્રે આવા વેપારીઓને સાણસામાં લેવા ઉલટ તપાસ હાથ ધરી છે. અગાઉ ઝાંપાબજારના વેપારીને સાણસામાં લીધા બાદ હવે વરાછા રોડના સુપર કિંગ ટ્રેડર્સને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. સુપર પેલેસમાં આવેલા વેપારીને ત્યાં અનાજનું લાયસન્સ તો છે, પરંતુ લાયસન્સની શરતોનું ઉલ્લંઘન કરી વેપાર કરવામાં આવી રહ્યો હતો. તેમને ત્યાં પરવાનગી કરતાં દાળનો 72.61 મેટ્રિક ટન અનાજનો જથ્થો મળી આવ્યો હતો. જેને પગલે તંત્રે વેપારીને નોટિસ ફટકારી 7 દિવસમાં ખુલાસો કરવા આદેશ આપ્યો છે.તો બીજી તરફ દર મહિને અનાજના જથ્થાની વિગત ઓનલાઈન અપડેટ કરવા પણ સૂચના આપી છે. તેમજ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ 1955ની જોગવાઈનું પાલન કરવા માટે પણ સૂચના આપી હતી. ઉલ્લેખનીય છે કે, નીતિ- નિયમો અભરાઈએ ચઢાવી જથ્થાબંધ અનાજનો વેપાર કરનારા વેપારીની દુકાનો પાલિકાએ સીલ કરી હતી.

250 દુકાનમાંથી તબક્કાવાર રીતે 30 દુકાન સીલ કરાઈ હતી. આ જથ્થાબંધ અનાજના વેપારીઓ ટ્રાફિકના નિયમોનું પણ સરેઆમ ઉલ્લંઘન કરી રહ્યા છે. ત્યારે આવા વેપારીઓ સામે આગામી દિવસમાં કડકાઈથી પગલાં ભરાશે.

# મેસરા પંચાસર સીમમાં નર્મદાની મુખ્ય કેનાલમાં ઠેર ઠેર ગાબડાં

નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા ના મેસરા પંચાસર સીમ વિસ્તાર માં થી નર્મદા ની મુખ્ય કેનાલ પસાર થઈ રહી છે. જ્યારે બીજી બાજુ ઠેકેદારો દ્વારા હલકી ગુણવત્તા નું કામ કરાતાં નર્મદા ની મુખ્ય કેનાલ માં ઠેર ઠેર ગાબડાં પડી રહ્યા છે ત્યારે ચાણસ્મા ના મેસરા પંચાસર વિસ્તાર માં પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં પુલ નજીક પાણી ના ઘસારા ના કારણે કેનાલ ની અંદર ના ભાગે નુકશાન થઈ રહ્યું છે . ત્યારે તંત્ર દ્વારા જો કેનાલ નો જર્જરીત થઈ રહેલ આ ભાગ ની મરામત કરવામાં નહી આવે તો ગાબડુ પડવાના કારણે નર્મદાની મુખ્ય કેનાલ માં પાણી વહી જવા ના કારણે મોટુ નુકશાન થવાની સંભાવના. પંચાસર ના પૂર્વ સરપંચ દિનેશ જી ઠાકોર અને પૂર્વ સરપંચ દશરથજી ઠાકોરે જણાવ્યું હતું.



# વડાવલીના ભગતની ડેરી નજીક જર્જરીત ટાંકી ઉતારી લેવા પંચાયતમાં રજૂઆત કરાઇ

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના વડાવલી ગામે ભગત ની ડેરી વિસ્તારમાં પલાખ લીટર ની ક્ષમતા ધરાવતી ઓવર હેડ પાણી ની ટાંકી જર્જરીત થઈ જતાં અને હાલમાં આ વિસ્તાર ના રહેણાંક વિસ્તાર ના લોકો ને પીવાનું પાણી આ ટાંકી માંથી પુરુ પાડવાનું હોઈ પંચાયત દ્વારા આ જર્જરીત ઓવર હેડ ટાંકી ભરવામાં આવે છે. પરંતુ આ ટાંકી રહેણાક વિસ્તાર માં આવેલી હોવાથી અને જર્જરીત હાલતમાં હોવા થી ક્યારે ઘરાસય થાય અને મોટી દુર્ઘટના સર્જાય તેવા ભય ના ઓથાર નીચે આજુબાજુના રહેણાક ના લોકો રહે છે. વડાવલી ના ભગતની ડેરી નજીક જ્યાં જ જરીત ઓવરહેડ પાણી ની ટાંકી આવેલી છે તે વિસ્તારમાં રહેતા લોકો એ આ જર્જરીત ટાંકી ઉતારી લેવા પંચાયત માં રજૂઆત કરાઈ છે. પરંતુ ઝબુબત1 મોત સમાન આ ટાંકી ને ઉત્તરાવા ની કોઈ જ કાર્યવાહી નહી કરાયાનું જણાવ્યું હતું.



## સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા ઈદુલ-ફિત્રની શાનદાર ઉજવણી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ મુસ્લિમ સમાજનો પવિત્ર તહેવાર રમઝાન માસ આજરોજ પૂર્ણ થયો છે. ત્યારે સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા ૩૦ રોઝા પૂર્ણ થઈ આજરોજ ઈદુલ-ફિત્રની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સવારે શહેરની અનેક મસ્જિદોમાં ફઝરની નમાઝ પછી દુઆ સલામ પઢવામાં આવેલ ત્યારબાદ ઈદની વિશેષ નમાઝ પઢવામાં આવેલ શહેરની મધ્યમાં આવેલી ઈદગાહ ખાતે સવારે ઈદની વિશેષ નમાઝ પઢવામાં આવેલ અને ત્યારબાદ સુન્ની મુસ્લિમ બિરાદરોએ ઈદુલ-ફિત્રના મુબારક અફઝલ પર્વ નિમિત્તે એકબીજાને ઈદની મુબારકબાદીની આપ-લે કરેલ હિન્દુ મુસ્લિમ સમાજના અગ્રણીઓએ એકબીજાને રૂબરૂ મળીને અથવા મોબાઈલના માધ્યમથી શૂભેચ્છા પાઠવેલ.

# 3 વર્ષથી ગુમ લિંબાયતની 14 વર્ષીય નગીના મન્સૂરીની ભાળ મળે તો જાણ કરશો

## સુરત પોલીસ કમિશનર દ્વારા ગુમ થનાર નગીના મન્સૂરીની જાણકારી આપનારને રૂ. રૂ.20,000/-નું રોકડ ઈનામ અપાશે

પ્રતિનિધિ સાહિલભાઈ | સુરત

લિંબાયત પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૧ માં નોંધાયેલી મિસિંગ ફરિયાદ મુજબ ઈમામ અલી મુનીર અહેમદ મન્સૂરી(રહે: પ્લોટ નં.૪૧૫, મેઈન રોડ, બેઠી કોલોની, મીઠી ખાડી, લિંબાયત, સુરત, મુળ વતન:-ગામ: બહેરામપુર, થાના:-ચૌબેપુર, જી.વારાણસી, ઉત્તરપ્રદેશ) ની ૧૪ વર્ષ ૦૮ માસની પુત્રી લિંબાયતથી ગત તા.૩૦/૦૩/૨૦૨૧ ના રોજ કોઈને કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા હતા. જેથી તેની માતા નઝમાબહેન મન્સૂરીએ દીકરીના અપહરણની પોલીસ ફરિયાદ આપી હતી. પોલીસ તપાસમાં આજ દિન સુધી ગુમ થનાર મળી ન આવતા ફરિયાદીએ હાઈકોર્ટમાં હેબિયર્સ કોપર્સ દાખલ કરી હોઈ, ગુમ થનાર નગીનાની પોલીસને સચોટ માહિતી આપનાર તથા શોધી કાઢનાર વ્યક્તિને સુરત પોલીસ કમિશનરશ્રી દ્વારા 'વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષ માટેના ગુપ્ત સેવા અનુદાન ફંડ'માંથી રૂ.૨૦,૦૦૦/- (વીસ હજાર) રોકડ ઈનામ અપાશે. ગુમ થનાર શરીરે પાતળા બાંધાની, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ આશરે ૫.૦ ફુટ છે. તેણે શરીરે નારંગી કલરની સલવાર તથા મહેંદી કલરનો લહેંગો તેમજ મહેંદી કલરનો દુપટ્ટો પહેરેલ છે. આ કિશોરી વિષે જાણ કરવા માટે (૧) હે.કો. ધર્મેન્દ્ર કિશન મો.નં.૯૮૭૯૫૨૭૧૧૧ (૨) ક્રાઈમ બ્રાંચ, સુરત શહેર ફોન નં.૦૨૬૧-૪૩૬૦૨૪(૩)સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમ ટે.નં.:-૦૨૬૧-૨૨૪૧૩૦૧ નો સંપર્ક કરવા મિસીંગ સેલ, ક્રાઈમ બ્રાંચ, સુરતની યાદીમાં જણાવાયું છે.



# જુગારની જાહેરાત પર સુરત પાલિકાના બેવડા ધોરણ

પ્રતિનિધિ સાહિલભાઈ | સુરત

સુરત પાલિકાએ આવક મેળવવા માટે અનેક એજન્સીને જાહેરાતના હક્ક આપ્યા છે. પરંતુ શહેરમાં જુગારની જાહેરાત સામે પગલાં ભરવામાં પાલિકાના બેવડા ધોરણ બહાર આવ્યા છે. પાલિકાની સીટી બસ પર ઓનલાઈન જુગારની જાહેરાત કરનાર એજન્સીને દંડ પાલિકાના હોર્ડિંગ્સ પર જુગારની જાહેરાત યથાવત જોવા મળી રહી છે. જેના કારણે જુગારની જાહેરાતમાં પગલાં ભરવામાં પાલિકાના વ્હાલા દવલા નીતિ હોવાની ફરિયાદ થઈ રહી છે. ઓનલાઈન જુગારમાં યુવાધન ફસાઈ રહ્યું છે તેવા સંજોગોમાં સુરત પાલિકાના આ પગલાને અનેક લોકોએ આવકાર્યો હતો.

**સુરત મહાનગરપાલિકા પણ લાખો રૂપિયાની ઉઘરાણી જુગારની જાહેરાત થકી કરે છે**

જોકે, પાલિકાના આ પ્રયાસને આવકાર્યા બાદ લોકો અચંબામાં પડી ગયા હતા. કારણ એ હતું કે પાલિકાની સીટી બસ પરથી ઓનલાઈન ગેમ જેવા કે તીનપત્તી, રમી, પોકર જેવા જુગારની જાહેરાત ગાયબ થઈ ગઈ હતી. પરંતુ શહેરના જાહેર માર્ગો પર આવા પ્રકારની જ જાહેરાતના મોટા મોટા હોર્ડિંગ્સ લાગી ગયાં છે. લોકો એવું કહે છે કે આ જાહેરાત પણ ઓન લાઈન જુગારની જ છે. જો પાલિકા સીટી બસ પરથી આવા પ્રકારની જાહેરાત હટાવી શકતા હોય તો હોર્ડિંગ્સ પર જાહેરાત કેવી રીતે થવા દે છે ? એક જ પ્રકારની જાહેરાત સામે પાલિકાના બેવડા ધોરણ કેમ છે તે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# પાટણ કોગ્રેસના ઉમેદવાર ચંદનજી અને ભાજપના ઉમેદવાર ભરતજી ડાભી એ ચાણસ્માનો ઝંઝાવાતી પ્રવાસ શરૂ કર્યો

નિતીન ઠાકર | ચાણસ્મા, લોકસભા ની ચૂંટણી ને ગણત્રી ના દિવસો બાકી રહ્યા છે - ત્યારે પાટણ સંસદીય બેઠક ના કોગ્રેશ ના ઉમેદવાર ચંદનજી ઠાકોરે ચાણસ્મા તાલુકાના ગ્રામીણ વિસ્તારો નો ઝંઝાવાતી પ્રવાસ કર્યો હતો દરમિયાન કોગ્રેશ ના ઉમેદવાર ચંદનજી એ ચાણસ્મા તા ના જીતોડા વડાવલી બ્રાહમણવાડા ખાતે મતદારો સામે પાઘડી ઉતારી જો જો પાઘડી ની લાજ જાય નહી તેમ ભાવુક થઈ મતદારો ને રીઝવવાનો પ્રયત્ન કર્યો હતો પાટણ સંસદીય બેઠક કોગ્રેશ ના ઉમેદવાર ચંદન જી સાથે ચાણસ્મા ના ધારાસભ્ય દિનેશજી ઠાકોર સાથે ચાણસ્મા તા કોગ્રેસ ના અગ્રણીઓ પદાધિકારીઓ જોડાયા હતા જ્યારે ભાજપ ના ઉમેદવાર ભરતસિહ ડાભી દ્વારા ચાણસ્મા ના ગ્રામીણ પંથક લણવા સુણસર બ્રાહ્મણવાડા સહિત ગામો ચુંટણી પ્રવાસ દરમિયાન તેમની ભાજપ સરકારે કરેલા વિકાશ ના કામો થી મતદારો ને અવગત કરી મતદારો ને રીઝવવાનો પ્રયત્ન કર્યો હતો.

# સારા પાર્ટનરની શોધમાં યંગ જનરેશનમાં વધી રહેલું 'કોસ્મેટિક સર્જરી'નું વળગણ

ઘણી છોકરીઓ હવે મુરતિયાઓની શોધ શરૂ કરતાં પહેલાં પ્લાસ્ટિક સર્જનો અને ડર્મેટોલોજિસ્ટોની ક્લિનીકોની એપોઈન્ટમેન્ટ લઈ રહી છે. લગભગ દાયકા પહેલા આ પ્રથા શરૂ થઈ ત્યારે તે માત્ર શ્રીમંતો પૂરતી જ સીમિત રહી હતી, પરંતુ હવે તો મધ્યમ વર્ગની છોકરીઓ પણ સૌંદર્યવાન દેખાવા માટેનાં આવા પ્રયાસો કરે છે અને આનું મુખ્ય અને મહત્ત્વનું કારણ એ છે કે એનઆરઆઈ મુરતિયાઓ આનો આગ્રહ રાખતા થઈ ગયા છે અને ગુજરાતી છોકરીઓ વિદેશમાં પરણવા થનગની રહી છે. અમદાવાદના એક પ્લાસ્ટિક સર્જન જણાવે છે કે મારી પાસે દર મહિને ૨૦ વર્ષની આસપાસની પાંચથી છ છોકરીઓ આવે છે. તેઓ પોતાના ચહેરાઓનો દેખાવ સુધારવા માગે છે. કેટલાક કિસ્સાઓમાં છોકરીઓ સ્તનવૃધ્ધિ કરાવવા માગે છે. તેઓ પોતાની ચળકાટભરી ત્વચા અને શાર્પ ફીચર્સ - સુંદર દેખાવ બદલ મોંમાંગી ફી ચૂકવે છે. ચહેરા પરની સર્જરી માટે રૂપિયા ૫૦ થી એક લાખનો ખર્ચ થાય છે અને ત્વચાની ટ્રીટમેન્ટ માટે રૂપિયા ૬૦ હજાર સુધીનો ખર્ચ આવે છે, એવું ડૉક્ટરે જણાવ્યું હતું. અમદાવાદની ન્યુ સિવિલ હોસ્પિટલના સિનિયર પ્લાસ્ટિક સર્જન જણાવે છે કે મારી પાસે યુવાન છોકરીઓનાં માતા-પિતા આવીને કહે છે કે અમે અમારી છોકરીને વિદેશમાં પરણાવવા માગીએ છીએ. તમે તેને સુંદર દેખાવડી બનાવી આપો. ટૂંકમાં કોસ્મેટિક સર્જરી માટેની યુવાન છોકરીઓની સંખ્યામાં બેહદ વધારો નોંધાયો છે. મોટે ભાગે છોકરીઓ પ્લાસ્ટિક સર્જરી માટે આવે છે. છોકરીઓ બિનતબીબી કારણોસર માત્ર સુંદરતાને પ્રારંભિક મહત્ત્વ આપતી થઈ હોવાથી આ પ્રથા ચિંતાજનક છે. છેલ્લા કેટલાક વર્ષથી માત્ર કન્યાઓનું જ નહીં, પરિણીત યુવતીઓ અને યુવાન માતાઓમાં પણ પાતળા રહેવાની ઘેલછા ચરમસીમાએ જોવા મળી રહી છે. ખાસ કરીને શ્રીમંત વર્ગની માનુનીઓમાં. તેથી જ શિશુને જન્મ આપ્યા પછી વધેલી સ્થૂળતા દૂર કરવા તેઓ ઉતાવળી બને છે. આને માટે તેમને શસ્ત્રક્રિયાની મદદ લેવામાં પણ કાંઈ ખોટું નથી જણાતું. બાળક સ્તનપાન કરવાનું બંધ કરે કે તરત જ તેઓ અગાઉ જેવું ફિગર મેળવવા દોડધામ કરી મૂકે છે. એક પ્લાસ્ટિક સર્જન કહે છે કે ૩૨ વર્ષીય મહિલાએ બીજા સંતાનને જન્મ આપ્યો પછી તેના સ્તન



એકદમ ઢીલાં થઈ ગયા હતા. એક સમયમાં આકર્ષક ફિગર ધરાવતી મહિલા તેને કારણે એકદમ નિરાશમાં સરી પડી હતી. છેવટે તેણે અને તેના પતિએ પ્લાસ્ટિક સર્જનનો સંપર્ક સાધવાનો નિર્ણય કર્યો. તેણે તેને બ્રેસ્ટ ઈમ્પ્લાન્ટેશન સર્જરી કરાવવાની સલાહ આપી. આ સર્જરી કરાવ્યા પછી મહિલા ખુશ છે. જોકે તબીબો કહે છે કે પ્રસૂતા શિશુને સ્તનપાન કરાવવાનું બંધ કરે પછી તરત જ કોઈ પણ જાતની કોસ્મેટિક સર્જરી કરાવવાની ઉતાવળ ન કરવી જોઈએ. ચાહે તે બ્રેસ્ટ ઓગ્મેન્ટેશન સર્જરી હોય, લાઈપોસકશન હોય કે પછી પેટ પર પડેલા સ્ટ્રેચ માર્ક દૂર કરવાની હોય. વાસ્તવમાં શરીરને કુદરતી રીતે જ અગાઉના આકારમાં આવવાની તક આપવી જોઈએ, માતા બનવું એ જીવનનો અનેરો લ્હાવો છે જેને મન ભરીને માણવો જોઈએ. ઘણીવાર બકરું કાઢવા જતાં ઊંટ પેસે જેવો તાલ પણ થઈ શકે. ઘણી માનુનીઓની પ્રસૂતિ શસ્ત્રક્રિયાથી કરવી પડે ત્યારે તેઓ સ્થૂળતા દૂર કરવાની સર્જરી પણ સાથે સાથે જ કરાવી લેવાનો આગ્રહ રાખે છે. પરંતુ તબીબો ચેતવણી આપતાં કહે છે કે આમ કરવા જતાં ચેપ લાગવાનો ભય રહે છે. તેથી સૌથી પહેલા તો શરીરને પોતાની મેળે જ સાજા થવાની તક આપવી જોઈએ. હકીકતમાં આરોગ્યના નિષ્ણાતોના મતે ૧૩થી ૧૯ વર્ષના ટીન-એજરોએ ચરબી ઉતારવા કે ચહેરાની ખોડખાંપણો દૂર કરવા કોઈપણ સારવારનો વિકલ્પ બચ્યો ન હોય ત્યારે જ, અને તે પણ કોઈક ડોક્ટરની ભલામણ તથા મા-બાપની સંમતિ લીધા પછી જ, 'પ્લાસ્ટિક સર્જરી'ને પનારે પડવું જોઈએ. પરંતુ પોતાની 'ઈમેજ'ની ચિંતાથી માનસિક તાણ અનુભવતી યુવા પેઢી, જવલ્લેજ લઈ શકાય તેવા પ્લાસ્ટિક સર્જરીના ઉપચારનો સહારો લેવામાં અધીરી, ઉતાવળી અને બહાવરી બની રહી છે, તે ખરેખર આઘાતજનક છે. અમેરિકાના પ્લાસ્ટિક સર્જ્યનોની સંસ્થા 'અમેરિકન સોસાયટી ઓફ પ્લાસ્ટિક સર્જ્યન્સ'ના તાજેતરના એક સર્વેક્ષણ મુજબ ૧૪ થી ૧૫ વર્ષના ટીન-એજરોમાંના ૪૦ ટકા જેટલાં છોકરા-છોકરીઓ પોતાનો દેખાવ સુધારવા પ્લાસ્ટિક સર્જરી કરાવે છે. યુવાપેઢીની આ ઘેલછાનું મૂળ કારણ દર્શાવતા એક કોલેજિયન તરુણી કહે છે કે આજકાલ ટીન-એજરોને વધુ પોકેટ-મની મળવા માંડયા છે અને કોલ સેન્ટરોમાં કામ કરનારાઓને ઊંચો પગાર મળતો હોવાથી અગાઉ જે સારવાર ગજા બહારની અને ખર્ચાળ લાગતી હતી તે હવે પરવડે તેવી લાગે છે. બીજું કારણ એ છે કે આજના ટીન-એજરો હોડ-હરીફાઈ-હુંસાતુંસીના ભારણ હેઠળ જીવે છે. બાઈક ચલાવવાથી માંડીને લેટનાઈટ પાર્ટીઓમાં સતત તેઓ બીજા મિત્રો સાથે સરખામણી કરી 'વન-અપ' બનવાના અભરખા સેવે છે. આવી લાગણીઓના પરિણામે યુવાનો 'હાઈપોકોન્ડ્રિયાસિસ' અને 'ડિસ્મોર્ફો-ફોબિયા' જેવા ટેન્શનજનિત માનસિક રોગોથી પિડાય છે. આવા લોકો એકવાર પ્લાસ્ટિક સર્જરી કરાવે તો પણ પોતાની ઈમેજ બદલ ચિંતાતુર રહેવાને કારણે શરીરના બીજા અંગની ખોડખાંપણ વિશે વ્યગ્ર બને છે અને તેને સુધારવાની સારવાર કરાવે છે. ડોક્ટરોના અભિપ્રાય મુજબ આવાં મનોરોગી સંતાનોને મોડર્ન 'સ્ટાઈલ-ગુરુઓ'ના પ્રભાવમાંથી મુક્ત કરાવવા મા-બાપે તેમની સાથે મોકળા મનથી ચર્ચા કરવી જોઈએ અને તેમને બાહરી સૌંદર્યના વધુપડતા વળગણને બદલે આંતરિક સૌંદર્ય પ્રત્યે આકર્ષિત કરવા પ્રેરણાત્મક પ્રયાસો કરવા જોઈએ. દેશવ્યાપી એક સર્વેક્ષણ પરથી એવું માલુમ પડયું છે કે સુંદર દેખાવાની લાયમાં ભારતની ૯૮ ટકા શહેરી યુવતીઓ ચહેરાની ચામડીની શસ્ત્રક્રિયા (કોસ્મેટિક સર્જરી)નો આશરો લેવા માંડી છે. મોટી મોટી કંપનીઓમાં કામ કરતી દર દસ યુવતીમાંની એક કોર્પોરેટ વુમન લાવણ્યમય લુક મેળવવા પ્લાસ્ટિક સર્જરી, બોટોક્સ ટ્રીટમેન્ટ અથવા 'કોલાજેન' ઈન્જેકશનોનો સહારો લેવામાં જરાય છોછ-સંકોચ અનુભવતી નથી, એવું આશ્ચર્યજનક તારણ દિલ્હીની એક હોસ્પિટલના 'એસ્થેટિક એન્ડ રિકન્સ્ટ્રકિટવ સર્જરી' વિભાગે રજૂ કર્યું છે. આ વિભાગે વીસથી ચાળીસની વય વચ્ચેની બસો યુવતીઓનું સર્વેક્ષણ કર્યું હતું. આ સર્વેક્ષણનાં પરિણામો સ્પષ્ટ સૂચવે છે કે આધુનિક ભારતીય નોકરિયાત નારીઓ પોતાની ત્વચાને તરોતાજા રાખવા તત્પર બની છે. તેનાથી પોતાના દેહલાલિત્ય પ્રત્યે સ્ત્રીઓની સૂઝ-સમજને પ્રોત્સાહન મળે છે એટલું જ નહિ, પરંતુ તેમની કારકિર્દીમાં પણ તે મદદરૂપ બનશે એવું તેઓ માને છે. ચામડીની આવી શસ્ત્રક્રિયા ઓફિસમાં કે કાર્યના સ્થળે પ્રોત્સાહક નીવડે છે. વધુને વધુ લોકો સુંદર સહકર્મચારી યુવતીઓને જોવા ઉત્સુક રહે છે. તેમને બહેતર પગારવધારો મળે છે અને ક્યારેક ઝટપટ બઢતી પણ મળે છે, એમ દિલ્હીની એક પ્રતિષ્ઠિત એડ. એજન્સીની મહિલા અધિકારી જણાવે છે. નવી મુંબઈના એક કોલ સેન્ટરમાં કામ કરતી બંગાળી યુવતી કહે છે કે સુંદર દેખાવ હંમેશાં લાભકારક નીવડે છે. કોઈ પણ સ્ત્રી ગમે તેટલી સક્ષમ હોય તો પણ સૌથી પહેલાં તેનું મૂલ્યાંકન તેના બોસ તેના દેખાવ કે લુક પરથી કરે છે. તેથી જ મને 'ફેસલિફ્ટ' (ચહેરાની સર્જરી) કરાવવામાં કશો સંકોચ નથી. લગભગ ૭૦ ટકા સ્ત્રીઓ જીવનના એક યા બીજા તબક્કે ચહેરાની કાયાપલટ કરાવવા ઉત્સુક હતી. જ્યારે ૫૦ ટકાથી વધુ સ્ત્રીઓ ચરબી ઘટાડવા (લિપોસકશન) માગતી હતી. શસ્ત્રક્રિયા વિનાના (નોન-સર્જિકલ) સાધનો જેવાં કે 'બોટોક્સ ઈન્જેકશનો' અને 'ફિલર્સ' માટે પણ પોણા ભાગની સ્ત્રીઓએ રસ-રુચિ પ્રગટ કર્યાં હતાં. દેખાદેખીનો જમાનો છે એટલે ઘણી યુવતીઓ ચોક્કસ અભિનેત્રી જેવી દેખાવા પોતાની કાયાના ઘાટ-ઘડામણ કરવાની મહેચ્છા ધરાવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ફિલ્મી તારિકાઓ અને મોડેલોમાં શરીરના વિવિધ અંગોની કોસ્મેટીક સર્જરી કરાવવાનું વળગણ વધી રહ્યું છે. સુસ્મિતા સેન, કેટી પ્રાઈસ-જોર્ડન અને રાખી સાવંતે ઉરોજોને ભરાવદાર બનાવવા માટે કોસ્મેટીક સર્જરી કરાવી હતી. પોપ ગાયિકા મેડોનાને જ્યારે લોકોએ 'યુ.એન.ફંડ રેઈઝીંગ ઈવેન્ટ' અને 'ગ્રેમી એવોર્ડ' દરમિયાન જોઈ ત્યારે તેમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ હતી. તેના ચહેરા પરની ગાયબ થઈ ગયેલી કરચલીઓ જોઈને લોકોમાં એવો ગણગણાટ શરૂ થઈ ગયો હતો કે તેણે ફેસ લિફ્ટ કરાવ્યું છે. પરંતુ વિડંબણા એ છે કે આ સેલિબ્રિટીઓના રવાડે ચડીને શ્રીમંત વર્ગની સ્ત્રીઓ પણ કોસ્મેટીક સર્જરી કરાવીને પોતાના અંગોના આકાર બદલવા લાગી છે. આ માનુનીઓમાં આ પ્રકારની સર્જરી દ્વારા સૌંદર્ય પ્રાપ્ત કરવાનું વળગણ એટલી હદે વધી ગયું છે કે સેલિબ્રિટીઓ જ્યારે પોતાના એકાદ અંગની શસ્ત્રક્રિયા કરાવે છે, ત્યારે તેઓ વિવિધ અભિનેત્રીઓએ કરાવેલી બધી સર્જરી કરાવી નાખે છે. ૩૦ વર્ષની વય ધરાવતી એક યુવતીએ આના સંદર્ભમાં જણાવ્યું હતું કે સૌથી પહેલાં મેં થાપાને સુડોળ બનાવવા માટે શસ્ત્રક્રિયા કરાવી હતી. ત્યાર બાદ મેં બ્રેસ્ટ સર્જરી કરાવી. બે ઓપરેશન કરાવ્યા બાદ મને સતત એમ થતું હતું કે હું મારા શરીરના બધા અંગોને મનગમતો આકાર અપાવી દઉં.

# એરપોર્ટ પર ઊડતાં પક્ષીઓથી ગંભીર અકસ્માતનું જોખમ

ઊ ડતા વિમાન સાથે પક્ષી અથડાય એ બનાવને બર્ડ સ્ટ્રાઈડ કે બર્ડ હિટ કહેવામાં આવે છે. પક્ષીના અથડાવાથી વિમાની ઊડ્ડયન જોખમાય છે. કેટલીક વખત પ્રવાસીઓના મોત પણ થાય છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં દર વર્ષે આશરે ૧૩,૦૦૦ પક્ષીઓ વિમાન સાથે અથડાય છે પરંતુ તે વિમાનને હાનિ કરે છે. માણસો બચી જાય છે. એક બિલિઅન (૧૦૯) વિમાની ઉડ્ડયનના કલાકો થાય ત્યારે એક અકસ્માત ઘાતકી નીકળે છે. પક્ષીઓ વિમાનની પાંખમાં અથડાય છે. કેટલીકવાર એન્જીનના પંખામાં ઘૂસી જાય તો કેટલીકવાર પાયલોટની સામેના વિન્ડશીલ્ડ પર અથડાય છે. કેટલાંક પક્ષીઓ વિમાનના નાક પર અથડાય ત્યારે ત્યાં મોટું કાણું પાડી દે છે. ૬૫ ટકા જેટલી બર્ડ સ્ટ્રાઈક વિમાનને સામાન્ય નુકશાન પહોંચાડે છે. છતાં આ અકસ્માતમાં પક્ષી તો મૃત્યુ પામે જ છે. હરણો, સમડીઓ પછી કેનેડા ગુઝ ખુબ નુકશાન કરનારી વાઈલ્ડ લાઈટ છે. અમેરિકામાં એક સર્વે પ્રમાણે દર વર્ષે આ નુકશાન ૪૦૦ મિલિઅન ડોલર જેટલું થાય છે. અમદાવાદના એરપોર્ટ પર પણ આવી અથડામણો જોવા મળે છે. ૨૦૧૯માં અહી ૩૯ વખત પક્ષીઓ વિમાન સાથે અથડાયા હતા. ઘણીવાર જાણકાર પાયલોટ રનવે નો બીજો છેડો માંગી અકસ્માતોમાંથી બચવા પ્રયત્ન કરે છે. પરંતુ પવનની દિશા અનુકુળના હોય તો પરમીશન મળતી નથી. નવા પાયલોટને તો ઘણીવાર આ ન્યુસન્સની ખબર જ હોતી નથી...! અમદાવાદમાં પક્ષીઓને એરપોર્ટથી દૂર રાખવા માટે એરપોર્ટની આસપાસ સહેજ પણ કચરો કે ખોરાક ઢોળાયેલો હોવો ના જોઈએ. આ જવાબદારી એ એમસી



અને પ્રજાની છે. અહી ૨૮,૦૮૦ મુસાફરો દરરોજ આવતી જતી ૨૦૦ ફલાઈટમાં કચરો નાંખે છે. જે છેવટે બહાર ઠલવાય છે. એટલે આ કચરો સતત ત્યાંથી નીકળી જવો જોઈએ. એરપોર્ટ પર બર્ડ હિટ ના થાય તે માટે ફાયર ફેકર્સ ટીમ, લેઝર ગન હવે આઉટ ડેટેડ થઈ ગયા હવે નવી પધ્ધતિથી પક્ષીઓ, ભગાડવા જરૂરી છે. જેની માહિતી એરપોર્ટ પાસે હોય જ છે. નવી અદાણી મેનેજમેન્ટ તેનો ઉપયોગ કરશે. એવી આશા ગુજરાતીઓ સેવી રહ્યા છે...! બર્ડ હિટથી બચવા માટે પાયલોટ અને વિમાની કુ પાસે જ્ઞાન જરૂરી છે. બર્ડ હિટથી આર્થિક નુકશાન થાય છે જે કરોડોમાં હોય શકે. આ સાથે સલામતી જોખમાય છે જેની કિંમત આંકી શકાતી નથી. વિમાન સાથે પક્ષીઓ ક્યા કેટલા પ્રમાણમાં સરેરાશ અથડાય છે તે જાણવા જેવું છે. ૮ ટકા પક્ષીઓની અથડામણ વિમાનના નાક સાથે, ૧૩ ટકા વિન્ડશિલ્ડ સાથે, ૪૪ ટકા એન્જિન સાથે, ૩૧ ટકા પાંખ સાથે અને ૪ ટકા ફ્યુજલેજ સાથે થાય છે. અમેરિકામાં વિવિધ પ્રકારના પક્ષીઓ વિમાન સાથે અથડાય છે. જેમાં કેનેડા ગુઝ, પિજીઅન, કબુતર, બ્લેકબર્ડ, સ્પેરો અને હોક મુખ્ય છે. ૨૦૧૦માં ૫૦૦૦ પક્ષીઓ વિમાન સાથે અથડાયા હતા. ૧૯૯૦થી ૨૦૦૯ વચ્ચે અમેરિકાના સિવિલ એવિએશને બર્ડ હિટને કારણે પ્રતિવર્ષ ૬૫૦ મિલિઅન ડોલર ખર્ચવા પડયા હતા...! ૧૯૮૮થી આજદિન સુધીમાં વિશ્વમાં બર્ડહિટથી ૨૧૯ લોકો મૃત્યુ પામ્યા છે. ભારતનું ડીજીસીએ વર્ષ દહાડે ૧૫થી ૨૦ કરોડનું નુકશાન બર્ડહિટને કારણે કરે છે...! ફાઈટર પ્લેનના ૧૦ ટકા અકસ્માતો બર્ડ હિટથી થાય છે...! ઈન્ડિઅન એરફોર્સ આને માટે એરબેઝ ફરતેના કચરાને, બર્ડ શોધતા ''બર્ડ ડિટેક્શન રડાર''ને અને અપૂરતા સ્ટાફને કારણભૂત જણાવે છે...!!

# તમારીઆંખએજતમારીઆઈડેન્ટીટી!

ક્યાંક પતંજલિ વિપશ્યના, ધ્યાન કે પ્રેક્ષાધ્યાન અથવા અન્ય ધ્યાનની વાત ચાલે છે. આમાંથી કોઈ એક ધ્યાનમાં ડૂબેલો સાધક પોતાની સાધનાનાં માર્ગે આગળ વધતો હોય છે. બીજી બાજુ કોઈ સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે સાધના કરતા હોય છે અને સદ્ગુરુ એની પ્રકૃત્તિને ઓળખી, પારખી અને પિછાણીને સાધનાનો માર્ગ બતાવતા હોય છે. આ સાધના વિશે ઘણી વ્યક્તિઓએ મને (કુમારપાળ દેસાઈ) જુદાં જુદાં સવાલો કર્યા અને એને વિશે પ્રવર્તતી માન્યતાઓ પણ દર્શાવી. કોઈનાં મનમાં સવાલ હતો કે ગુરુ મળે તો જ સાધના થાય કે ગુરુ વિના પણ સાધના થઈ શકે ? રામ, કૃષ્ણ કે શિવની ઉપાસના કરો, એ સાધનાનો માર્ગ નથી ? આવા કેટલાય માર્ગે સાધના રૂપે પ્રવર્તતા હોય છે. તો વિચારીએ કે આ સાધનાનું પહેલું પગથિયું કયું ? મહત્ત્વની બાબત એ છે કે, 'સાધકનું કામ પોતાની જાતને જાણવાનું છે. વ્યક્તિ જગતને જોતી હોય છે. એની દૃષ્ટિ પણ જગતની ચોપાસ ચકળવકળ ઘુમતી હોય છે.' એક અર્થમાં કહીએ તો બાહ્ય જગત એના પર પોતાનો સંપૂર્ણ પ્રભાવ પાથરીને બેઠું હોય છે. એની સવાર ઉગે ત્યારથી માંડીને રાત સુધી આ બાહ્ય જગતમાં જ એની વૃત્તિઓ દોડતી હોય છે. એની ઈચ્છાઓ રાસલીલા ખેલતી હોય છે. એની પ્રાપ્તિની ઝંખના એને ક્યાંક દોડાવતી હોય છે, તો જ્યારે સાધનાનાં માર્ગનો પ્રારંભ જ 'નો ધાય સેલ્ફ' (તમારી જાતને જાણો) એનાથી થતો હોય છે. આપણી ઈંદ્રિયો સર્વત્ર સુખપ્રાપ્તિ માટે ફાંફાં મારતી હોય છે. હકીકત એ છે કે તમે જ્યારે સુખપ્રાપ્તિની ખોજ કરતા હો, ત્યારે તમારે એ વિચારવું જોઈએ કે આ સુખ ક્ષણિક તો નથી ને ? ઘણીવાર આપણો લોભ કોઈની છેતરપીંડી કરીને થોડીક ક્ષણો આનંદ અનુભવતો હોય છે. આપણો મોહ કોઈ કામવિકારની ચેષ્ટાથી થોડી મિનિટો બાહ્યાનંદમાં પસાર કરતો હોય છે. અન્યનું અહિત કરીને આપણો દ્વેષ ખુશ થઈને ભીતરમાં મનોમન તાળી પાડતો હોય છે. જેના પ્રત્યે આપણને રાગ હોય



એની સાથે રાગભર્યા સંબંધો એ ચિત્તને મનોરંજક બનાવતા હોય છે. અહીં આપણે આપણી ઈંદ્રિયો મારફતે બહારની દુનિયામાં રચ્યા-પચ્યા રહીએ છીએ અને પછી કોઈ પણ બાહ્ય ઘટના બને, તો એનો પ્રતિભાવ આપવા આપણું મન થનગનતું હોય છે. કદાચ તમારી આખીય જિંદગીનો હિસાબ માંડો અને વિચારો કે શું ઘટનાનાં આઘાત અને પ્રત્યાઘાતનાં હિંચકા પર જ તમે આજ સુધી ઝૂલતા રહ્યાં નથી ને ? આપણે ભગવાન મહાવીરનું એ વાક્ય ભૂલી ગયા કે,'સુખ કોઈ વસ્તુમાં રહ્યું નથી' અને મજા એ છે કે માનવી વસ્તુઓમાં જ સુખ માને છે, એ વસ્તુઓની પ્રાપ્તિ માટે દોડ લગાવે છે, એ વસ્તુ ન મળતા હતાશ થાય છે. અને એ વસ્તુ પ્રાપ્ત થતાં થોડીક ક્ષણો આનંદમાં ગરકાવ થઈ જાય છે. હકીકત એ છે કે વસ્તુ માટેની, સત્તા માટેની, સંપત્તિ માટેની, વાસના માટેની ભૂખ ક્યારેય શાંત થતી નથી. એકવાર માનવીને કામ, ક્રોધ, મોહની ભૂખ જાગે, પછી એનું આખુંય જીવન એ વૃત્તિના ભૂખમરામાં પસાર થતું હોય છે અને જિંદગીના અંતે એ વિચાર કરે છે કે એણે જેની પ્રાપ્તિ પાછળ જીવન ગાળ્યું, એ તો સાવ વ્યર્થ નકામી અને નાખી દેવા જેવી બાબત હતી. જે દેહ ઉપભોગની પાછળ એ દોડયો અને એનું એને ક્ષણિક સુખ લાધ્યું, પરંતુ એ પછી એ દેહનાં આકર્ષણો ધીરે ધીરે ઘટતા ગયા, એ દેહની શક્તિ ક્ષીણ થતી ગઈ, મનોવૃત્તિમાં પણ પરિવર્તનો આવ્યાં અને એને પરિણામે ખ્યાલ આવ્યો કે જે વસ્તુની પ્રાપ્તિ માટે જીવનભર મથ્યા, લડયા, પડયા, આખડયા, ઝઝૂમ્યા એ બધી વસ્તુઓ તો ક્ષણિક સુખ આપનારી હતી અને તેથી જ બાહ્ય જગતમાં જીવનારની તૃષ્ણાઓનો અંત હોતો નથી. સુખની ઈચ્છાઓનુ ક્યારેય પૂર્ણવિરામ આવતુ નથી અને જેમ મૃગ જળ છે, એવો આભાસ થતા મૃગજળ માટે આગળ દોડતું જ રહે અને એમ દોડયાં જ કરે, એ જ રીતે વ્યક્તિ ઈચ્છાઓનાં માયાવી મૃગજળની પાછળ દોડતો હોય છે અને આથી જ વ્યક્તિએ ક્ષણિક સુખ અને શાશ્વત સુખ એનો ભેદ વિચારવો જોઈએ.

# સ્ત્રીઓ પર થતા અત્યાચાર માટે વર્તમાન આધુનિક યુગ જવાબદાર



## સ્ત્રીઓ સાથે થતી અપ્રિય ઘટના

- રુપાલી દવે

સવાર સવાર ના પેપર ખોલતા જ કમ સે કમ ચારથીપાંચનાનીબાળકીઓ,યુવતીઓ,પ્રૌઢ કોઈપણ ઉમર નીસ્ત્રીઓનીસાથે છેડતી,બળજબરી થી અત્યાચાર, સ્ત્રીઓની ઈચ્છા વિરુદ્ધ સાથે શારીરિક સબંધો કે અપહરણ કરી રેપ કર્યા બાદ મોતને ઘાટ ઉતારી દેવાની વગેરે વગેરે જેવા કિસ્સા નિયમિત પણે બને છે.તો આની પાછળ નું મુખ્ય કારણ શું છે? એવું શું જિમ્મેદાર છે જેથી સ્ત્રીઓ પુરુષો ના કુટિલ વિચારો ની ભોગ બને છે. આ વિષય પર દેશ દુનિયા કે શિક્ષિત સમાજ માં ઘણા સેમિનાર પણ થતાં હોય છે..સરકાર એ સ્ત્રીઓ પર થતાં અત્યાચાર રોકવા ખાસ નિયમો બનાવ્યા છે. સ્ત્રીઓ ને માટે ખાસ ટ્રેનીંગ પ્રોગ્રામ પણ સરકારે, પ્રાઈવેટ સંસ્થા,સ્કૂલો વગેરે માં વિચર્યા છે છતાંય આ પ્રકાર ના કેસ ઘટવાનું નામ લેતા નથી ઉતરોતર વધ્યા છે. આટઆટલા પ્રયત્નો બાદ પણ પરિણામ શૂન્ય મળે તો મામલો વિચારવા જેવો આવશ્યક છે. વર્ષો પહેલાં "નિર્ભયા કાંડ" બાદ સરકાર એ સ્ત્રીઓના મુદ્દે ત્વરિત કાર્ય કર્યા જેમકે fastest કોર્ટ નું નિર્માણ થયું છે.આ કોર્ટ સ્ત્રીઓના મામલે ચુકાદો વર્ષો યુગો પછી નથી આપતી પુરાવા સ્ટ્રોંગ પ્રાપ્ત થતાંજ ફટાફટ આપે છે.

આ સમસ્યા માટે શિક્ષિત સમાજ એ વર્તમાન આધુનિક સમય ને જિમ્મેદાર માને છે એનું કહેવું છે કે યુવતીઓ અને બાળકીઓ ના કપડા ને રહેન સહેન ના લીધે રેપની ઘટના માં વધારો થયો છે. મોર્ડન કપડા,મોર્ડન લુક કે મોર્ડન સ્ટાઈલ એ રેપ કે અત્યાચાર ના મામલે બિલકુલ જવાબદાર નથી.જો એવું હોત તો શહેર કરતા ગામડા ઓમા રેપ ની ઘટના વધારે થાય છે ને એ પણ નજીક ના કુટુંબ ના સગા દ્વારા.ગામડાની યુવતીઓ અને સ્ત્રીઓના કપડા,વર્તન અને લાઈફ સ્ટાઈલ સિમ્પલ ને સાંસ્કૃતિ અનુસાર ની હોય છે. બીજો એક વિશાળ વર્ગ નું માનવું છે કે ભારત માં સેક્સ એજ્યુકેશન નું જ્ઞાન મોટાભાગ ના ભણેલા કે અભણ ને નથી હોતુ ને પ્રાચીન સમય થી સ્ત્રી એ ભોગ નું સાધન માનવામાં આવે છે એટલે એની સાથે બધું કરી શકાય આ માનસિકતા સમાજ ની છે

ભારતમાં ટેકનોલોજી એ પગરણ માંડ્યા ને સમાજ માં બદલાવ ની શરૂઆત થઈ ગઈ. બે પ્રકાર નો બદલાવ સમાજ માં આવ્યો નેગેટિવ અને પોઝિટિવ.સમાજ માં પોઝિટિવ અસર એ થઈ કે રોજબરોજ ના કાર્ય માં ઝડપ આવી,સંદેશાવ્યવહાર માં આસાની થઈ વગેરે વગેરે અનેક.પરંતુ નેગેટિવ અસર પોઝિટિવ અસર કરતા બમણી વધી છે. પ્રાચીન સમયમાં નગર પુરુષોની ઈચ્છાનુસાર ની બધી જ વ્યવસ્થાઓ ઉપલબ્ધ હતી

આ કારણોસર નગર ની અંદર વસ્તી સંસ્કારી પરિવાર ની સ્ત્રીઓ,યુવતીઓ વગેરે ને અત્યાચાર જેવી સમસ્યાનો સામનો કરવો પડતો નહતો. એ સમય માં પરિવારમાં સ્ત્રીઓનું રક્ષણ થતું હતું. પ્રાચીન સમયમાં સ્ત્રીઓનો પહેરવેશ પર નજર કરતા મોર્ડન કપડા ને અત્યાચાર માટે બિલકુલ જિમ્મેદાર માની શકાય નહિ. અઘટિત દૃશ્યો પર નજર પડતાં માણસ ની આંખ એ દ્રૂશ્ય વિશે સતત વિચારીને ન કરવાનું કાર્ય કરી બેસે છે.

શાસ્ત્ર પુરણ અનુસાર અજામિલ નામનો એકદમ શુદ્ધ સંસ્કારી બ્રાહ્મણ પુત્ર હતો.એકવાર એના પિતાજી એ એને પૂજાના ફૂલો માટે મોકલ્યો. એ જંગલ મા ફૂલ ચૂંટી રહીયો હતો ત્યાં અચાનક એની નજર એકબીજા માં મય સ્ત્રીપુરુષ પર પડી. એ બન્નેની ચેષ્ટા તરફ નજર પડતાં જ અજામિલ ભૂલી ગયો કે એ બ્રહ્મચારી બ્રાહ્મણ પુત્ર છે એ દ્રૂશ્ય જોતાજ એ વેશ્યાં સ્ત્રી મય બની ગયો.વેશાયા ની ની સાથે રહેવા લાગ્યો..દ્રષ્ટિ એવી સૃષ્ટિ સમજો.

સમાજ ની બગડતી જતી સમસ્યામાં સૌથી કોઈ જિમ્મેદાર છે તો એ છે આઈટમ ગર્લ. આઈટમ ગર્લ જૂના નવા મૂવીમાં એકાદ ડાન્સ આઈટમ કરીને અલોપ થઈ જાય છે તો શું બગડતા સમાજ માટે આઈટમ ગર્લ જિમ્મેદાર છે? થોડા ઓછા અંશે આઈટમ સોંગ એ ખરાબ માનસિકતા ધરાવતા પુરુષો,યુવાનોની માનસિકતા બગાડવા વધારે ભાગ ભજવે છે."પિયા તુ અબ તો અજા".."ચિપકા દે સૈયા ફિવિકોલ સે".."સીધા અંદર આવો રાજા..".."ચોલી કે પીછે ક્યાં હૈ.."વગેરે વગેરે અભદ્ર શબ્દો સાથે અરો અવરોહ માં ગાયકો દ્વારા ગવાયેલા સોંગ અને આઈટમ ગર્લ ની ચિત્ર વિચિત્ર ભાવ ભાંગીમાં સાથે અભિનય થયેલા સોંગ સોળ થી ઓછા વર્ષના યુવક ને પણ અસર કરી શકે છે..

લાઈમ લાઈટ માં આવવા માટે ને લોકોને પોતાના તરફ આકર્ષવા માટે ફિલ્મ ક્ષેત્રે નિષ્ફળ ગયેલી યુવતીઓ દ્વારા થતી વિચિત્ર જાહેર રોડ રડતા માં પરેડ એ સમાજ માટે ખાસ કરીને યુવા પેઢી માટે ઘાતક છે.ગામડા અને નાના શહેર માંથી યુવતીઓ હિરોઈન બનવા મુંબઈ આવી તો જાય છે પણ ફિલ્મો માટે માત્ર દેખાવ જ જરૂરી નથી હોતો બધાજ પ્રકાર ના પાત્રો નિભાવતા આવડવા જોઈએ.

મુંબઈ માં રોટલા મળે પણ ઓટલા મળતા નથી. આવી સ્થિતિ મા નિષ્ફળ યુવતીઓ પોતાનો ગુજારો કરવા કંઈ પણ કરતી હોય છે. જાહેર પબ્લિક ની આંખ માં આંખ મેળવી ને ઊર્ફી જાવેદ



વગેરે જેવી આઈટમ ગર્લ ના વિચિત્ર કપડા પહેરી બે શરમ બની નીકળે છે ત્યારે એના અંગ અડધા ઉઘાડા બહાર નજર પડતાં હોવાથી આવતા જતાં લોકોની નજર પડતી હોય છે.આ જ કારણો સર પસાર થતા બધાનું મન બગડી શકે છે. નિષ્ફળ મોડેલ કમ ફ્લોપ હિરોઈન બધા સમક્ષ નીકળીને અલોપ નથી થતી એ તો પબ્લિક ને દર્શન આપતા જ ચિત્ર વિચિત્ર ભાવ ભાંગીમા સાથે વિડિયો બનાવી ને યુ ટ્યુબ માં શેર કરે છે ને એ પછી કલાકો એ એરિયા મા ફરે પણ છે. પબ્લિક વચ્ચે પોલીસની રહેમ રાહ માં ચાલતો ધમધકોર ત્રગડ બિન્દાસ રીતે ચલાવે છે. આ પ્રકારની આઈટમ ગર્લ કે આઈટમ સોંગ એ સમાજ ના માટે મોટા માં મોટો ખતરો છે. પબ્લિક ની નજર માં આઈટમ ગર્લ કે બાર ગર્લ ને આવતા રોકવાની જીમ્મેદારી પોલીસ ની છે છતાંય એવા ન્યુસન્સ ને ખુદ પોલીસ બઢાવો આપતી હોય એવું લાગે છેસૂતેલા સમાજે આંખો ખોલીને જાગવા ની જરૂર છે સ્ત્રીઓ,બાળકીઓ,પ્રૌઢ મહિલા સાથે થતાં શારીરિક અત્યાચાર માટે સરકાર કેટકેટલું કરશે. સમજે ખુદ આ પ્રકારની પ્રવૃત્તિ નો ખેલ તમાશો જોવા ના બદલે ચપલ કાઢી ને આવા જાહેર અભદ્ર ચરિત્ર દેખાડતી આઈટમ ગર્લ ને મેથી પાક ચખડવાં ની જરૂર છે. આવી આઈટમ ગર્લ કે બાર ગર્લ ના લીધે દેશમાં હદ થી વધારે રેપ ના કેસ માં વધારો થયો છે.. જાગો ઉઠો ને ખુદના અસ્તિત્વ ની લડાઈ કરો..તમે એક બે કે અસંખ્ય પુરુષને સુધારી નથી શકવાના પણ અભદ્ર વર્તન સાથેના સોંગ,વિડિયો કે પબ્લિકલી અંગ પ્રદર્શન દ્વારા ભાવ ભંગીમાં દ્વારા ચરિત્ર પ્રદર્શન કરતી આઈટમ ગર્લ કે બાર ને પકડીને જેલ સુધી તો પોહચતી કરી શકો છો.

વર્ષો પહેલા નાચે મયૂરી ફિલ્મ જોયું ત્યારે અપંગ સ્ત્રીની વ્યથા નિહાળી દુઃખ થયું હતું.. પરંતુ વર્તમાન સમયમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ નું અનુકરણ કરીને નાચ નાર ને સમજવું પડશે એની જગ્યા પબ્લિક વચ્ચે નથી.આ પ્રકાર ના વ્યવસાય ની નિર્ધારિત જગ્યા હોય છે ત્યાં જઈને પ્રપંચ લીલા કરે..

# કાર્તિકે કોલકાતામાં ભૂલ ભૂલૈયા 3નું શૂટિંગ કર્યું





કાર્તિક આર્યને તેની આગામી ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. હાલમાં જ એક્ટરે આ ફિલ્મનો એક સીન કોલકાતાના હાવડા બ્રિજ પર શૂટ કર્યો હતો. એક્ટરને ત્યાં શૂટિંગ કરતા જોઈને પુલ પર ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી. બ્રિજ પર બાઈક રાઈડના કેટલાક સીન શૂટ કર્યા બાદ કાર્તિકે કોલકાતાના મલિક ઘાટ ફ્લાવર માર્કેટ અને લાહા બારીમાં પણ કેટલાક સીન શૂટ કર્યા હતા.

કાર્તિકે ફિલ્મના તેના પાત્ર રૂહ બાબાના ગેટઅપમાં એક ફોટો પણ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. હાવડા બ્રિજ પર લેવાયેલી આ તસવીર શેર કરતી વખતે એક્ટરે કેપ્શનમાં લખ્યું, 'કોલકાતા How-rah યુ.' શૂટિંગ બાદ કાર્તિક રૂહ બાબાના ગેટઅપમાં એક રેસ્ટોરાંમાં પહોંચ્યો હતો. અહીં પણ તે ભીડથી ઘેરાઈ ગયો હતો, ત્યારબાદ કાર્તિકે તેના ચાહકો સાથે ફોટોગ્રાફ્સ ક્લિક કરાવ્યા હતા. કાર્તિકની કોલકાતા મુલાકાતના ઘણા ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે.

તૃપ્તિ ડિમરી ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3'માં કાર્તિક સાથે જોવા મળશે. એક્ટ્રેસ વિદ્યા બાલન, જે પહેલા ભાગમાં મંજુલિકાના રોલમાં જોવા મળી હતી, તે પણ ફિલ્મના આ ત્રીજા પાર્ટનો એક ભાગ હશે. આ સિવાય વાત છે કે માધુરી દીક્ષિત પણ આ ફિલ્મનો ભાગ બની શકે છે.

**રૂહ બાબાના ગેટઅપમાં બાઈક ચલાવતો જોવા મળ્યો એક્ટર, રેસ્ટોરાંમાં પહોંચતા જ ફેન્સએ ઘેરી લીધો...**

# કરન જોહર જુનિયર NTRની દેવરાનો ભાગ બન્યો

## રવિનાના પતિ અનિલ થડાની સાથે ઉત્તર ભારતમાં ફિલ્મનું ડિસ્ટ્રિબ્યુશન કરશે, સો.મીડિયા પર આપી માહિતી

ફિલ્મ નિર્માતા કરન જોહર હવે જુનિયર NTR સ્ટારર 'દેવારાઃ પાર્ટ 1' સાથે જોડાયા છે. કરને ઓક્ટોબરમાં રિલીઝ થનારી આ ફિલ્મના ઉત્તર ભારતીય થિયેટ્રિકલ ડિસ્ટ્રિબ્યુશન રાઈટ્સ ખરીદ્યા છે.


રવિના ટંડનના પતિ અનિલ થડાનીની કંપની AA ફિલ્મ્સ પણ આ ડીલમાં કરનને સપોર્ટ કરશે. આ બંનેએ યુવાસુધા આર્ટસ અને એનટીઆર આર્ટ્સ સાથે મળીને આ કામ કર્યું છે. આ પહેલાં કરન 'બાહુબલી', 'ગાઝી એટેક', 'બાહુબલી 2' અને 'રોબોટ 2.0' સાથે પ્રેઝન્ટર તરીકે પણ જોડાયેલો છે.

આ ડીલ વિશે માહિતી આપતા કરને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી અને લખ્યું, 'મને જણાવતા આનંદ થાય છે કે મેન ઓફ માસ જુનિયર એનટીઆરની ફિલ્મ 'દેવારા'નો ભાગ બનવા માટે હું સન્માનિત અને અત્યંત આભારી છું. અમે ભારતીય સિનેમામાં આગામી મોટા સિનેમેટિક અનુભવ માટે ઉત્તર રાજ્યોમાં ડિસ્ટ્રિબ્યુશન પાર્ટનર તરીકે આ ફિલ્મ સાથે જોડાયેલા છીએ.

અગાઉ આ ફિલ્મ આ વર્ષે 5 એપ્રિલે રિલીઝ થવાની હતી. જો કે, VFXનું કામ પૂરું ન થવાને કારણે નિર્માતાઓએ તેને મુલતવી રાખ્યું હતું. હવે તે આ વર્ષે દશેરા પર 10 ઓક્ટોબરે રિલીઝ થશે.

બે ભાગમાં રિલીઝ થનારી આ ફિલ્મનો પહેલો ભાગ તેલુગુ, તમિળ, હિન્દી, મલયાલમ અને કન્નડ ભાષામાં રિલીઝ થશે. આ ફિલ્મમાં જુનિયર એનટીઆર ઉપરાંત સૈફ અલી ખાન અને જાહન્વી કપૂર પણ જોવા મળશે. તેનું નિર્દેશન કોરાતલ્લા શિવ દ્વારા કરવામાં આવ્યું છે. વર્કફ્રન્ટ વિશે વાત કરવામાં આવે તો જુનિયર એનટીઆર ટૂંક સમયમાં મુંબઈમાં તેની આગામી ફિલ્મ 'વોર 2'નું શૂટિંગ શરૂ કરશે. જેમાં તે હૃતિક રોશન સાથે જોવા મળશે.





# આલિયાએ ફિલ્મ હાઈવે વિશે કર્યો મોટો ખુલાસો

## એક્ટ્રેસે કહ્યું, 'આ ફિલ્મ મારી કરિયર માટે ટર્નીંગ પોઈન્ટ સાબિત થઈ'; પિતા મહેશ ભટ્ટને ઈમ્તિયાઝ અલીમાં ખુબ જ વિશ્વાસ હતો

આલિયા ભટ્ટે કરન જોહરની ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર'થી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. આલિયા ભટ્ટ ભલે આ ફિલ્મમાં પોતાની એક્ટિંગથી લોકોના દિલમાં જગ્યા ન બનાવી શકી પરંતુ ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'હાઈવે' દ્વારા સાબિત કરી દીધું કે જો તેને સારી તકો આપવામાં આવે તો તે પડકારરૂપ ભૂમિકાઓ ખૂબ સારી રીતે ભજવી શકે છે. હાલમાં જ આલિયા ભટ્ટે એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યું હતું કે જ્યારે તે ફિલ્મ કરી રહી હતી ત્યારે તેના પિતા મહેશ ભટ્ટે આ ફિલ્મ પર કેવું રિએક્શન આપ્યું હતું.

આલિયા ભટ્ટે કહ્યું- ડેડી ફિલ્મ 'હાઈવે' નાગે ખૂબ જ ઉત્સાહિત હતા. દરરોજ તે મને ફોન કરતા અને કહેતા કે તું સારી લાગી રહી છે, મારો પ્રેમ ઈમ્તિયાઝને આપો, તે તને બદલી નાખશે. પપ્પાએ જે કહ્યું તે સાચું સાબિત થયું. હું માનું છું કે હાઈવેમાં વીરા ત્રિપાઠીનું પાત્ર મારા માટે માઈલસ્ટોન સાબિત થયું. આલિયા ભટ્ટે કહ્યું- જ્યારે ઈમ્તિયાઝ મને મળવા મારા ઘરે આવ્યો ત્યારે પપ્પા ત્યાં હતા. તેઓ મારા પપ્પાને સારી રીતે ઓળખે છે. ઈમ્તિયાઝે મને સ્ક્રિપ્ટ સોંપી, હું ઉત્તેજનાથી ધ્રૂજતી હતી. પપ્પાએ કહ્યું કે તમારા રૂમમાં જાઓ અને વાંચવાનું શરૂ કરો. તેમણે કહ્યું કે જો કોઈ ડિરેક્ટર રાત્રે 10 વાગ્યે તમારા ઘરે આવે તો તમારે ફિલ્મ ચોક્કસ કરવી જોઈએ.

આલિયા ભટ્ટના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે 'જીગરા'માં જોવા મળશે. આ ફિલ્મ આલિયા ભટ્ટે પોતાના પ્રોડક્શન એટરનલ સનશાઈન પ્રોડક્શન્સ અને કરન જોહરના ધર્મા પ્રોડક્શન્સ સાથે મળીને પ્રોડ્યુસ કરી છે. લવ એન્ડ વોર અને YRF સ્પાય યુનિવર્સ ફિલ્મમાં જોવા મળશે. ઈમ્તિયાઝ અલી વિશે વાત કરીએ તો, તેની ફિલ્મ અમર સિંહ 'ચમકીલા' 12 એપ્રિલે નેટફ્લિક્સ પર પ્રીમિયર થશે.



# માતા બન્યા બાદ આ 36 વર્ષની અભિનેત્રીની યાદશક્તિ નબળી પડી

ફેમસ ટીવી એક્ટ્રેસ રૂબિના દિલાઈક આ દિવસોમાં માતૃત્વનો આનંદ માણી રહી છે. ગયા વર્ષે નવેમ્બર 2023માં તેણે બે દીકરીઓને જન્મ આપ્યો હતો. હાલમાં અભિનેત્રીએ તેના પોડકાસ્ટ 'કિસીને બતાયા નહીં'ની બીજી સીઝનની જાહેરાત કરી અને પ્રથમ એપિસોડમાં કોમેડિયન સુગંધા મિશ્રાને હોસ્ટ કરી હતી.

રૂબીનાએ પોતાના પોડકાસ્ટમાં માતા બન્યા બાદનો અનુભવ શેર કર્યો હતો. અભિનેત્રીએ જણાવ્યું કે જ્યારથી તે માતા બની છે ત્યારથી તેની યાદશક્તિ પહેલા કરતા ઘણી નબળી પડી ગઈ છે. અભિનેત્રીએ કહ્યું હતું કે માતા બન્યા પછી તે ઘણી બધી બાબતોને ભૂલી જવા લાગી છે. તેથી તેણીએ એક ડાયરી રાખવી પડે છે જેમાં તેણી તેના બાળકો સાથે સંબંધિત તમામ વિગતો લખે છે.

રૂબીનાએ કહ્યું હતું કે, 'જ્યારથી હું જોડિયા બાળકોની માતા બની છું ત્યારથી હું ઘણી બધી બાબતો ભૂલી ગઈ છું. મારી યાદશક્તિ પહેલા કરતા ઘણી નબળી પડી ગઈ છે. મને યાદ પણ નથી કે મેં કોને અને ક્યારે સ્તનપાન કરાવ્યું હતું. જેના કારણે મેં એક ડાયરી રાખી છે અને તેમાં હું નોંધ કરું છું કે મેં કોને પહેલા સ્તનપાન કરાવ્યું છે. આ એક માતાનું મન છે જ્યાં તમે એકદમ શૂન્ય બની જાઓ છો. રૂબીનાએ આગળ જણાવ્યું કે માતા બન્યા પછી તેના જીવનમાં શું બદલાવ આવ્યો. અભિનેત્રીએ કહ્યું હતું કે, જ્યારે વ્યક્તિ માતા બને છે ત્યારે વ્યક્તિ જૂની જીંદગીમાં પાછી ફરી શકતી નથી. પરંતુ આવા સમયે જેણે મને સૌથી વધુ સાથ આપ્યો છે તે મારી માતા છે. એ લોકો ભાગ્યશાળી હોય છે જેમને માતા હોય છે.

મારી માતા પ્રત્યે મારું માન વધી ગયું છે. તે હંમેશા ઘરે પાછા જવાનું કહેતી પરંતુ હું તેને રોકતી હતી. હું બાળક હોવાનો ઢોંગ કરતી હતી અને તેને કહેતી હતી કે કૃપા કરીને જશો નહીં. તે દરમિયાન તેણે મારી સારી સંભાળ લીધી હતી. તમને જણાવી દઈએ કે સીરિયલ 'છોટી બહુ' થી ફેમસ થયેલી રૂબીના દિલાઈકે વર્ષ 2018માં એક્ટર અને કો-સ્ટાર અભિનવ શુક્લા સાથે લગ્ન કર્યા હતા. જો કે તેમના છૂટાછેડાના સમાચાર આવવા લાગ્યા હતા પરંતુ બાદમાં બંને વચ્ચેના પરસ્પર સુલેહને કારણે બધું બરાબર થઈ ગયું હવે આ દંપતી બે પુત્રીના માતા-પિતા છે. બંને સોશિયલ મીડિયા પર દરરોજ તસવીરો શેર કરતા રહે છે.

## અકસ્માતના દિવસે તેમની સગાઈ ઓડિશામાં થવાની હતી

# ઈન્ડસ્ટ્રીના ફેમસ વિલનનું અકસ્માતમાં મોત






છત્તીસગઢ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક ખરાબ સમાચાર આવી રહ્યા છે. ફેમસ વિલન સૂરજ મેહરનું રોડ અકસ્માતમાં મોત થયું છે. આ દુઃખદ સમાચાર આવતા જ સમગ્ર ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ દુર્ઘટના ગત બુધવારે બની હતી. સૂરજ મેહર ઉર્ફે નારદ મેહર એક ફિલ્મનું શૂટિંગ કરીને પરત ફરી રહ્યા હતા. ત્યારબાદ બિલાઈગઢના સરસીવા વિસ્તારમાં તેમની સ્કોર્પિયો પીકઅપ વાહન સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે અભિનેતાનું એક જ ઝાટકે મોત થઈ ગયું હતું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્યારે આ દુર્ઘટના થઈ ત્યારે એક્ટર સૂરજ મેહર તેની ફિલ્મ 'આખરી ફૈસલા'ના શૂટિંગમાંથી પરત ફરી રહ્યા હતા. તેમની કાર બિલાઈગઢના સરસાવા વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી. ત્યારે અચાનક તેમની કાર સામેથી આવતા પીકઅપ વાહન સાથે અથડાઈ હતી. અકસ્માત બાદ સૂરજ મેહરનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. કહેવાય છે કે અકસ્માતના દિવસે તેમની સગાઈ ઓડિશામાં થવાની હતી.

તો બીજી તરફ, ઘણા અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે અકસ્માતમાં સૂરજ મેહર અને ડ્રાઈવર બંને ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થળ પર જ તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાંથી સૂરજ મેહરને બિલાસપુર રિફર કરવામાં આવ્યા હતા. અહીં પહોંચતા જ ડોક્ટરે સૂરજને મૃત જાહેર કર્યા હતા.

તમને જણાવી દઈએ કે સૂરજ મેહરને છત્તીસગઢી વિલન તરીકે ઓળખવામાં આવે છે. તેઓ સરિયા બિલાઈગઢ ગામના રહેવાસી હતા. સૂરજે ઘણી ફિલ્મોમાં ભયાનક વિલનની ભૂમિકા ભજવી છે. તેઓ તેમના માતા-પિતાનો એકમાત્ર પુત્ર હતો. કહેવાય છે કે તેમની સગાઈ 10 એપ્રિલ બુધવારે ભથલી ઓડિશામાં થવાની હતી. જો કે સગાઈ પહેલા એક અકસ્માતમાં તેમણે જીવ ગુમાવ્યો હતો.



# આયુષ્માન ખુરાના હોરર-કોમેડી ફિલ્મમાં જોવા મળશે

## અનીસ બઝ્મી આ ફિલ્મના ડાયરેક્ટર હશે, અભિનેતાએ કહ્યું, 'કંઈ થશે તો ચોક્કસ કહીશ'

ડાયરેક્ટર અનીસ બઝ્મી હાલમાં 'ભૂલ ભુલૈયા 3'ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ સાથે સમાચાર આવી રહ્યા છે કે અનીસ બઝ્મી અભિનેતા આયુષ્માન ખુરાના સાથે એક હોરર-કોમેડી ફિલ્મ શરૂ કરવા જઈ રહ્યા છે, જેનું નામ 'ભૂતિયાપા' હોવાનું કહેવાય છે. જો કે આ ફિલ્મની સત્તાવાર જાહેરાત હજુ કરવામાં આવી નથી.

હાલમાં, અનીસ બઝ્મીનું સંપૂર્ણ ધ્યાન 'ભૂલ ભુલૈયા 3' પર છે, જેમાં કાર્તિક આર્યન ઉપરાંત વિદ્યા બાલન અને તૃપ્તિ ડિમરી પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મના શૂટિંગ પછી, અનીસ બઝ્મી 'નો એન્ટ્રી 2'ની તૈયારી શરૂ કરશે, જેમાં વરુણ ધવન, અર્જુન કપૂર અને દિલજીત દોસાંઝ જોવા મળશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, 'નો એન્ટ્રી 2' પછી અનીસ બઝ્મી ફિલ્મ 'ભૂતિયાપા' પર કામ શરૂ કરશે.

હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન આયુષ્માન ખુરાનાને અનીસ બઝ્મી સાથે કામ કરવા વિશે પૂછવામાં આવ્યું તો આયુષ્માન ખુરાનાએ કહ્યું, 'હવે હું આ કેવી રીતે કહું. કંઈ થશે તો ચોક્કસ કહીશ.' જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, હાલમાં જ અનીસ બઝ્મીએ આયુષ્માન ખુરાના સાથે ફિલ્મ 'ભૂતિયાપા' વિશે વાત કરી હતી.

આયુષ્માન ખુરાનાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, સૌરવ ગાંગુલીની બાયોપિક ઉપરાંત જેપી દત્તાની ફિલ્મ બોર્ડર 2માં કામ કરવાની વાત છે. હાલમાં આયુષ્માન ખુરાનાનું ધ્યાન તેની સંગીત કારકિર્દી પર છે. તેણે વોર્નર મ્યુઝિક ઈન્ડિયા સાથે હાથ મિલાવ્યા છે. હાલમાં જ તેનું ગીત 'અંખ દા તારા' રિલીઝ થયું હતું, જેને ઘણું પસંદ કરવામાં આવી રહ્યું છે.

# ઝીનત અમાને રિલેશનશિપ અંગે આપી આ સલાહ

## એક્ટ્રેસે કહ્યું, 'લગ્ન પહેલાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેવું જરૂરી છે, હું મારા પુત્રને પણ આ સલાહ આપું છું'

દિગ્ગજ એક્ટ્રેસ ઝીનત અમાને તેના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે જેમાં રિલેશનશિપની સલાહ આપી છે. તેઓ માને છે કે લગ્ન પહેલાં સાથે રહેવું જરૂરી છે. ઝીનતે હંમેશા તેના પુત્રને પણ રિલેશનશિપમાં આ જ સલાહ આપી છે. તેણે પોતાના પાલતુ કૂતરા 'લીલી' સાથેની તસવીર પણ શેર કરી છે. તેણે સૌપ્રથમ સોશિયલ મીડિયા યુઝર્સને તેના કૂતરાની ઓળખ કરાવી.

ઝીનતે પહેલા લખ્યું- ટુ બર્ડ, એક પોસ્ટ. સૌ પ્રથમ, હું તમને કહી દઉં કે, મારી પાગલ લીલી આજે બપોરે બગીચામાં મજા કરી રહી છે. લીલી એ મુંબઈની શેરીઓમાંથી બચાવવામાં આવેલો સ્ટ્રીટ ડોગ છે. તે મારો પડછાયો છે, અને કારણ કે હું પાલતુ બચાવ અને દત્તક લેવાનું સમર્થન કરું છું.

ઝીનતે લખ્યું કે એક પ્રશંસકે મારી પાસે સોશિયલ મીડિયા પર રિલેશનશિપની સલાહ માગી હતી. તેમને કહ્યું કે મને એક અંગત અભિપ્રાય જણાવવા દો, જે મેં પહેલાં ક્યારેય શેર કર્યો નથી. જો તમે રિલેશનશિપમાં હો તો લગ્ન પહેલાં સાથે રહેવું જરૂરી છે. મેં મારા પુત્રને પણ આ જ સલાહ આપી છે. તેણે કહ્યું- જે લોકો લિવ-ઈન રિલેશનશિપમાં છે, હું કહેવા માગુ છું કે આ મને ખૂબ જ તાર્કિક લાગે છે. જ્યારે બે લોકો તેમના પરિવાર અને સરકારને તેમની વચ્ચે લાવે છે, ત્યારે તેઓએ તેમના સંબંધોની અંતિમ પરીક્ષા કરવી જોઈએ.



ઝીનતે લખ્યું છે કે અમુક કલાકો સુધી કોઈની સાથે રહીને તમારુંબેસ્ટ વર્ઝન બતાવવું ખૂબ જ સરળ છે. પરંતુ દિવસના 24 કલાક કોઈની સાથે રહેવું, બાથરૂમ શેર કરવું, ખરાબ મૂડ સહન કરવો, ડિનરમાં માત્ર એક જ વાત પર સંમત થવું અને લગ્ન પછી આવા લાખો સંઘર્ષો તમારા જીવનમાં આવે છે. આ કારણથી દરેક કપલે લગ્ન પહેલાં સાથે રહેવું જોઈએ કે તમે આ બધું એક સાથે સહન કરવા તૈયાર છો કે નહીં. અંતે તેણે લખ્યું- હું જાણું છું કે ભારતીય સમાજ લિવ-ઈન રિલેશનશિપને લઈને થોડી કડક છે. પરંતુ સમાજ બીજી ઘણી બાબતો અંગે કડક રહે છે. ઝીનત અમાનના અંગત જીવનની વાત કરીએ તો, તેણે પહેલા વર્ષ 1978માં અભિનેતા સંજય ખાન સાથે લગ્ન કર્યા હતા. પરંતુ એક વર્ષ પછી સંબંધ તૂટી ગયો. ત્યારબાદ ઝીનતે 1985 માં અભિનેતા મઝહર ખાન સાથે લગ્ન કર્યા, જેની સાથે તે બે પુત્રો - અઝાન અને જહાનની માતા બની હતી.

# ધનુષ-ઐશ્વર્યાના છૂટાછેડા બાદ કોને મળશે બાળકોની કસ્ટડી? નજીકના વ્યક્તિએ કર્યો ખુલાસો

ધનુષ એક લોકપ્રિય ભારતીય અભિનેતા છે, જેણે ઘણી શાનદાર ફિલ્મોને કારણે ચાહકોના દિલમાં એક ખાસ સ્થાન બનાવ્યું છે. પોતાના અંગત જીવન વિશે વાત કરીએ તો, ધનુષે 2004માં પીઢ અભિનેતા રજનીકાંતની પુત્રી ઐશ્વર્યા સાથે લગ્ન કર્યા હતા. 2022 માં જ્યારે ધનુષ અને ઐશ્વર્યાએ તેમના અલગ થવાની જાહેરાત કરી હતી. અલગ થયાના 2 વર્ષ બાદ બંનેએ ચેન્નાઈની ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની અરજી કરી છે. મીડિયા રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે બંનેએ આ નિર્ણય પરસ્પર સહમતિથી લીધો છે. હવે બંને તેના 18 વર્ષના લગ્ન જીવનનો અંત લાવવાનો નિર્ણય કર્યો છે.હવે તેમના છૂટાછેડાને લઈને ઘણા નવા ખુલાસા થયા છે.



ધનુષ અને ઐશ્વર્યાની નજીકની વ્યક્તિએ હવે તેમના સંબંધો વિશે કેટલીક ચોંકાવનારી બાબતોનો ખુલાસો કર્યો છે. તેમના છૂટાછેડા પછી તેમના પુત્રોની કસ્ટડી કોને મળશે તે રહસ્ય પણ બહાર આવ્યું છે. જ્યારથી કપલના ફેન્સને ખરાબ સમાચાર મળ્યા છે કે બંને અલગ થવા જઈ રહ્યા છે, ત્યારે તેઓ આ વાતથી દુખી નથી પરંતુ તેમના પુત્રો માટે પણ ચિંતિત છે. ખરેખર, ધનુષ અને ઐશ્વર્યાને બે પુત્રો છે, એકનું નામ યાત્રા રાજા છે જેની ઉંમર 17 વર્ષ છે. તો તેનો બીજો પુત્ર લિંગા રાજા 14 વર્ષનો છે. ફેન્સ હવે ટેન્શનમાં છે કે ધનુષ અને ઐશ્વર્યાના છૂટાછેડા પછી તેમના પુત્રો કોની સાથે રહેશે અને તેમની જવાબદારી કોણ લેશે. હવે આ સવાલનો જવાબ ધનુષ અને ઐશ્વર્યાની નજીકની વ્યક્તિએ આપ્યો છે. આ વ્યક્તિએ કહ્યું છે કે છૂટાછેડા પછી પણ બંને પોતાના બાળકોને સાથે ઉછેરવા જઈ રહ્યા છે. બંને વચ્ચેનો સંબંધ સૌહાર્દપૂર્ણ છે અને તેથી બંને સહ-પેરેન્ટિંગ કરશે. જોકે ઐશ્વર્યા બંને બાળકોની પ્રાથમિક કસ્ટડી મેળવવા જઈ રહી છે. ખરેખર, ધનુષ તેના બાળકોની કસ્ટડીને લઈને લડતો નથી. તેની નજીકની વ્યક્તિએ ખુલાસો કર્યો છે કે ધનુષ હંમેશા તેના પુત્રો માટે ઉભા રહેશે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ધનુષ અને ઐશ્વર્યા એ વિચારી રહ્યા છે કે શું તેમના નિર્ણયની તેમના બાળકો પર કોઈ નકારાત્મક અસર પડે છે અને બંને આ છૂટાછેડાને કેવી રીતે સ્વીકારશે. વડીલો ધનુષ અને ઐશ્વર્યાના છૂટાછેડા સાથે સહમત હોય.



# ગુજરાતે ધબકારા વધારી દે તેવી મેચમાં જીત મેળવી

## રાશિદ અને તેવટિયાની જોડીએ છેલ્લી બે ઓવરમાં 35 રન બનાવી દીધા

ગુજરાત ટાઈટન્સ (GT)એ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2024માં તેમની ત્રીજી જીત હાંસલ કરી છે. ટીમે વર્તમાન સિઝનની 24મી મેચમાં રાજસ્થાન રોયલ્સ (RR)ને 3 વિકેટે હરાવ્યું હતું. ગુજરાતે બે મેચ હાર્યા બાદ જીત મેળવી છે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં બુધવારે ગુજરાતે ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને 20 ઓવરમાં 3 વિકેટે 196 રન બનાવ્યા હતા. ગુજરાતે 197 રનનો ટાર્ગેટ 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. રાહુલ તેવટિયા અને રાશિદ ખાનની જોડીએ છેલ્લી બે ઓવરમાં 35 રન બનાવ્યા હતા. કેપ્ટન શુભમન ગિલે 44 બોલમાં 72 રન બનાવ્યા હતા. જ્યારે સાઈ સુદર્શને 29 બોલમાં 35 રનનું યોગદાન આપ્યું હતું. કુલદીપ સેને 3 અને યુઝવેન્દ્ર ચહલે બે વિકેટ ઝડપી હતી. RR તરફથી રિયાન પરાગે 48 બોલમાં 76 રન બનાવ્યા હતા, જ્યારે કેપ્ટન સંજુ સેમસન 38 બોલમાં 68 રન બનાવીને અણનમ પરત ફર્યો હતો. બંનેએ ત્રીજી વિકેટ માટે 78 બોલમાં 130 રનની સદીની ભાગીદારી કરી હતી. યશસ્વી જયસ્વાલ 24 રન બનાવીને આઉટ થયો હતો. ઉમેશ યાદવ, રાશિદ ખાન અને મોહિત શર્માને એક-એક વિકેટ મળી હતી.

## સંજુ સેમસન 38 બોલમાં 68 રન બનાવીને અણનમ પરત ફર્યો હતો

# યુઝેન્દ્ર ચહલની ચતુરાઈથી ગુજરાતનો ગિલ ગરબા રમ્યો



(એજન્સી) જયપુર | તા 11

જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં બુધવારે ગુજરાતે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. રાજસ્થાને 20 ઓવરમાં 3 વિકેટે 196 રન બનાવ્યા હતા. ગુજરાતે 197 રનનો ટાર્ગેટ 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને પુરો કર્યો હતો. ગુજરાતના કેપ્ટન શુભમન ગિલે 44 બોલમાં 72 રનની ઈનિંગ રમી હતી. યુઝવેન્દ્ર ચહલે યુક્તિ વાપરી તેને સ્ટમ્પ આઉટ કરાવ્યો હતો. આ પહેલા વિજય શંકરે બાઉન્ડ્રી પર રિયાન પરાગનો શાનદાર કેચ કરી લીધો હતો. તેને ત્રણ જીવનદાન મળ્યું હતું. મેચ બાદ ગિલ [ ફ ૯ ડ અમ્પાયર સાથે દલીલ કરતો જોવા મળ્યો હતો.

1. પરાગને ત્રણ જીવનદાન મળ્યા, 48 બોલમાં 76 રન બનાવ્યા ાજસ્થાનના રિયાન પરાગે 48 બોલમાં 76 રનની ફિફ્ટી ફટકારી હતી. આ ઈનિંગ દરમિયાન તેને ત્રણ વખત જીવનદાન મળ્યું હતું. અંતે મોહિત શર્માએ તેને 19મી ઓવરના ચોથા બોલ પર વિજય શંકરના હાથે કેચ કરાવ્યો. પોઈન્ટ્સમાં આગળ વાંચો... પહેલું: વેડ બોલ સુધી પહોંચી શક્યો ન હતો પરાગને પ્રથમ જીવનદાન છઠ્ઠી ઓવરમાં મળ્યું હતું, જ્યારે ગુજરાતનો વિકેટકીપર વેડ રાશિદ ખાનની ઓવરના છેલ્લા બોલ પર કેચ ચૂકી ગયો. તે સમયે રેયાન ખાતું પણ ખોલાવી શક્યો ન હતો. પરાગે રશીદના ઓફ સ્ટમ્પ ઉપર બેક ફૂટ પર બોલ રમવાનો પ્રયાસ કર્યો હતો. બોલ બેટની બહારની ધાર પર વાગ્યો અને વેડના જમણા હાથના મોજાને સ્પર્શીને નીકળી ગયો હતો.

### દીકરાને ક્રિકેટર બનાવવા પિતાએ નોકરી છોડી દીધી હતી

# પંજાબ સામેની મેચમાં પોતાની ટીમ માટે તારણહાર બન્યો

(એજન્સી) પંજાબ તા 11



નીતિશ કુમાર રેડ્ડી... સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ના ખેલાડી જે 9 એપ્રિલે મુલ્લાનપુરમાં રમાયેલી IPL મેચમાં પંજાબ સામે તેની ટીમ માટે તારણહાર બન્યો હતો. ખૂબ જ નિર્ણાયક સમયે, 20 વર્ષીય નીતિશે સનરાઈઝર્સ હૈદરાબાદ માટે 37 બોલમાં 64 રનની ઈનિંગ રમી હતી. તેણે બોલિંગમાં એક વિકેટ પણ લીધી હતી. આ ઓલરાઉન્ડ પ્રદર્શનના કારણે નીતિશને પ્લેયર ઑફ ધ મેચનો ખિતાબ મળ્યો. સનરાઈઝર્સ હૈદરાબાદે આ રોમાંચક મેચ 2 રને જીતી લીધી હતી. ડોમેસ્ટિક ક્રિકેટમાં નીતિશના નામે ઘણા મોટા રેકોર્ડ છે. વિરાટ કોહલી તેનો આદર્શ રહ્યો છે. હાર્દિક પંડ્યા સાથેની મુલાકાતે તેની કારકિર્દી બદલી નાખી. હનુમા વિહારીએ ડોમેસ્ટિક ક્રિકેટમાં આંધ્રપ્રદેશ તરફથી રમતા નીતિશ રેડ્ડીની પણ પ્રશંસા કરી છે. રેડ્ડીએ હનુમાની આગેવાનીમાં ઘણી મેચ રમી છે. IPL શરૂ થયા પહેલાં જ હનુમાએ નીતિશ વિશે ટ્વિટ કર્યું હતું. ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર રહેલા હનુમાએ નીતિશ વિશે લખ્યું હતું કે, 'તેનામાં ઈન્વેસ્ટ કરો, તે ખેલાડી છે, બેટિંગ સિવાય તે મીડિયમ પેસ બોલિંગ પણ કરી શકે છે, જે ખૂબ જ દુર્લભ છે.'

### નીતિશના પિતાએ નોકરી છોડી દીધી

નીતિશ વિશે, હનુમા વિહારીએ X પર લખ્યું, 'NKR (નીતિશ કુમાર રેડ્ડી) એક સામાન્ય બેકગ્રાઉન્ડમાંથી આવે છે. તેના પિતાએ તેની કારકિર્દી માટે તેમની નોકરી છોડી દીધી હતી. તેમણે નીતિશને માર્ગદર્શન આપ્યું અને પાલન-પોષણ કર્યું. તેની મહેનત હવે ફળી રહી છે. મેં નીતિશને 17 વર્ષનો હતો ત્યારે જોયો હતો. તેના પર ગર્વ છે, તે ભવિષ્યમાં સનરાઈઝર્સ અને ભારત માટે એક શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ શકે છે. નીતિશે એક ઈન્ટરવ્યૂમાં એમ પણ કહ્યું હતું કે પિતા એવા પ્રથમ વ્યક્તિ હતા જેમણે તેના પર વિશ્વાસ કર્યો કે તે એક સારા ક્રિકેટર બની શકે છે.

### નીતિશ રેડ્ડીએ આ રીતે મેચને પલટી

પંજાબ કિંગ્સ સામે SRHની બે વિકેટ 27 રન પર પડી ત્યારે નીતિશ ક્રિઝ પર આવ્યો હતો. થોડા સમય પછી, SRHનો સ્કોર ચાર વિકેટે 64 રન થઈ ગયો, આ સ્કોર પર રાહુલ ત્રિપાઠી આઉટ થયો. ત્યાર બાદ હેનરિક ક્લાસેન 100 રન પછી પાંચમી વિકેટ તરીકે બાદમાં રેડ્ડીએ અબ્દુલ સમદ (25), શાહબાઝ અહેમદ (14) સાથે મળીને તેની ટીમનો સ્કોર 182/9 સુધી પહોંચાડ્યો હતો.

### 150મી મેચ પર પત્નીએ યુઝવેન્દ્ર ચહલને મોકલ્યો ખાસ સંદેશ

રાજસ્થાન રોયલ્સ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં ધનશ્રીએ કહ્યું,હેલો યુજી, 150મી મેચ રમવા બદલ અભિનંદન.મેં પહેલા પણ કહ્યું છે.અને આજે પણ કહીશ,અભિનંદન અમને તમારા પર ખૂબ ગર્વ છે અને તમે જે રીતે તમારી અગાઉની ટીમ અને હવે રાજસ્થાન રોયલ્સ માટે આટલા વર્ષોમાં યોગદાન આપ્યું છે. મને ખાતરી છે કે તેઓ તમારા પર ગર્વ અનુભવશે, તમે જે રીતે રમત રમો છો અને દરેક વખતે મજબૂત રીતે પાછા આવો છો.અમે બધા હંમેશા તમને ટેકો આપવા માટે છીએ. હું તમારી સૌથી મોટી ચીયરલીડર છું.

# હાર્દિક-કૃણાલ સાથે થઈ કરોડો રુપિયાની છેતરપિંડી



(એજન્સી) મુંબઈ તા 11

હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યાએ પોતાના સાવકા ભાઈ વૈભવ પર એક્શન લીધી છે. પોલીસે વૈભવની ધરપકડ કરી છે. બંન્ને ભાઈઓએ સૌતેલા ભાઈ પર 4.3 કરોડ રુપિયાની છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો છે. જાણો શું છે સમગ્ર મામલો. IPL 2024 : હાર્દિક-કૃણાલ સાથે થઈ કરોડો રુપિયાની છેતરપિંડી, પંડ્યા બ્રધર્સના સાવકા ભાઈની કરાઈ ધરપકડ આઈપીએલ 2024 વચ્ચે પંડ્યા ભાઈઓ માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે.ક્રિકેટર હાર્દિક પંડ્યાના સાવકા ભાઈએ ક્રિકટરો સાથે છેતરપિંડી કરી છે. મુંબઈ પોલિસે આ મામલે પંડ્યાના સાવકા ભાઈ વૈભવ પંડ્યાની ધરપકડ કરી છે. કથિત રીતે મુંબઈ સ્થિત ભાગીદારી પેઢીમાંથી આશરે રૂ. 4.3 કરોડની ઉચાપત કરી હતી, જેના કારણે ક્રિકેટર અને તેના ભાઈ કૃણાલને નુકસાન થયું હતું.વૈભવ પર છેતરપિંડીનો આરોપ છે. હકીકતમાં, 2021માં ત્રણેયે સંયુક્ત રીતે પોલિમર બિઝનેસ શરૂ કર્યો. ભાગેદારીમાં એ શરત હતી કે, ક્રિકેટર અને તેના ભાઈ દરેક મૂડીના 40% મૂકશે, જ્યારે સાવકો ભાઈ 20% પૈસા મૂકશે અને પેઢી ચલાવવાની સંપૂર્ણ જવાબદારી લેશે. સાવકા ભાઈએ ટર્મ્સનું ઉલ્લંઘન કરતા ક્રિકેટર અને તેના ભાઈને જાણ કર્યા વિના તે જ વ્યવસાયમાં બીજી પેઢી ખોલી. એક સૂત્રએ કહ્યું આનાથી મુખ્ય કંપનીને 3 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

તેણે કહ્યું કે સાવકા ભાઈએ ગુપ્ત રીતે તેનો નફો 20% થી વધારીને 33.3% કર્યો, જેના કારણે ક્રિકેટર અને તેના ભાઈને નુકસાન થયું. સાવકા ભાઈએ કથિત રીતે ભાગીદારી પેઢીના ખાતામાંથી લાખો રૂપિયા પોતાના ખાતામાં ડાયવર્ટ કર્યા હતા અને 1 કરોડ રૂપિયા ઉપાડી લીધા હતા.આ સમગ્ર વાત વિશે જ્યારે પંડ્યા બ્રધર્સને જાણ થઈ તો તેમને ધમકી પણ આપવામાં આવી હતી. આ વિશે કૃણાલ પંડ્યા અને હાર્દિક પંડ્યાએ વૈભવ વિરુદ્ધ એક્શન લેવાનો નિર્ણય લીધો છે. તમને જણાવી દઈએ કે, હાર્દિક પંડ્યા આઈપીએલ 2024માં મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન છે.

# યોકોવિચે ભારતના સ્ટાર બોપન્નાની પ્રશંસા કરી

(એજન્સી) અમેરિકા | તા 11

ટેનિસ ઈતિહાસમાં પ્રથમ વખત, સૌથી વૃદ્ધ ખેલાડીઓએ મળીને સિંગલ્સ અને ડબલ્સમાં પુરુષોની ટેનિસ રેન્કિંગમાં ટોચ પર સ્થાન મેળવ્યું. નોવાક યોકોવિચ રવિવારે (7 એપ્રિલ) સત્તાવાર રીતે 36 વર્ષ અને 321 દિવસની ઉંમરે ATP મેન્સ સિંગલ્સ રેન્કિંગમાં વિશ્વનો સૌથી વૃદ્ધ નંબર 1 બન્યો. તે જ સમયે, ભારતનો રોહન બોપન્ના આ વર્ષે જાન્યુઆરીમાં 43 વર્ષ અને 331 દિવસની ઉંમરે સૌથી વૃદ્ધ ટોચનો ક્રમાંકિત ડબલ્સ ખેલાડી બન્યો હતો. હાલમાં બંને સિંગલ અને ડબલ્સ રેન્કિંગમાં ટોપ પર છે. આ અંગે નોવાક યોકોવિચે બુધવારે રોહન બોપન્નાના વખાણ કરતા એક ટ્વિટ કર્યું, જેમાં તેણે લખ્યું- ઉંમર માત્ર એક નંબર છે જે અમારા માટે 'નંબર-1' છે. હું દરરોજ કલાકો સુધી બોપન્નાને જીમમાં જોઉં છું- જોકોવિચ

ATP ટૂરે તાજેતરમાં બંને ખેલાડીઓને વાતચીત માટે આમંત્રણ આપ્યું હતું. આમાં નોવાક યોકોવિચે ભારતીય ટેનિસ સ્ટાર રોહન બોપન્નાની પ્રશંસા કરી અને કહ્યું કે કેવી રીતે બંને ખેલાડીઓ 'સંયુક્ત રીતે 80 વર્ષના' છે. તેમણે કહ્યું, અમે ફક્ત એટલું જ કહી રહ્યા છીએ કે અમે સંયુક્ત રીતે 80 વર્ષના છીએ. મને લાગે છે કે અમે હજુ પણ વધુ સારા થઈ રહ્યા છીએ. બોપન્ના આ વર્ષે 30 માર્ચે મિયામી ઓપન 2024નું મેન્સ ડબલ્સ ટાઇટલ જીતીને 44 વર્ષની ઉંમરે ATP માસ્ટર્સ 1000 ટાઇટલ જીતનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બન્યો. તેણે પોતાનો જ રેકોર્ડ તોડ્યો, જે તેણે ગયા વર્ષે ઈન્ડિયન વેલ્સ ટાઈટલ જીતીને બનાવ્યો હતો. મિયામી ઓપન 2024ની ફાઈનલમાં, બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન પાર્ટનર મેથ્યુ એબ્ડોને ક્રોએશિયાના ઈવાન ડોડિક અને અમેરિકાના ઓસ્ટિન ક્રાજીસેકની જોડીને હરાવી હતી. અમે ફક્ત એટલું જ કહી રહ્યા છીએ કે અમે સંયુક્ત રીતે 80 વર્ષના છીએ. મને લાગે છે કે અમે હજુ પણ વધુ સારા થઈ રહ્યા છીએ.





### બોપન્ના ગ્રાન્ડ સ્લેમ અને ATP ટૂર 1000 જીતનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી

યોકોવિચે કહ્યું, હું રોહનને દરરોજ કેટલાક કલાકો સુધી જીમમાં જોઉં છું, સાથે જ ફિઝિયો રૂમમાં પણ હવે પહેલા કરતા થોડો વધારે જોઉં છું. આ વર્ષે જાન્યુઆરીમાં રોહન બોપન્ના ગ્રાન્ડ સ્લેમ જીતનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બન્યો હતો. બોપન્ના ઓસ્ટ્રેલિયન પાર્ટનર મેથ્યુ એબ્ડોન સાથે મેન્સ ડબલ્સમાં ચેમ્પિયન બન્યો હતો. આ સાથે, બોપન્નાએ પ્રથમ મેન્સ ડબલ્સ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યો અને ઓપન એરામાં આવું કરનાર સૌથી વૃદ્ધ ખેલાડી પણ બન્યો.

### યોકોવિચ સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ ધરાવે છે

નોવાક યોકોવિચ એવો ખેલાડી છે જેણે ઓપન એરામાં સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીત્યા છે. યોકોવિચે તેની કારકિર્દીમાં સૌથી વધુ ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીત્યા છે, જે 10 છે. જે બાદ તે 7 વિમ્બલ્ડન ટાઈટલ જીતવામાં સફળ રહ્યો છે. તેણે યુએસ ઓપનમાં 4 ટાઇટલ અને ફ્રેન્ચ ઓપનમાં 3 ટાઇટલ જીત્યા છે.

# મેચમાં થયેલી એક ભૂલથી સંજુ સેમસનને લાગ્યો મોટો દંડ



(એજન્સી) જયપુર તા 11

બીસીસીઆઈએ સંજુ સેમસનને સ્લો ઓવર રેટને લઈ 12 લાખ રુપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આરઆરના કેપ્ટનની આઈપીએલ 2024માં પહેલી ભૂલ છે જેના કારણે તેના પર આ દંડ ફટકારવામાં આવ્યો છે.ટોસ હારી પહેલા બેટિંગ કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસન અને રિયાન પરાગની અડધી સદીથી 196 રનનો સ્કોર બનાવ્યો હતો. છેલ્લી ઓવરમાં રાહુલ તેવટિયા અને રાશિદ ખાનની શાનદાર ઈનિંગ્સથી ગુજરાત ટાઈટન્સે હારેલી મેચ જીતી લીધી હતી. રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસનને મોટો ઝટકો લાગ્યો છે. બુધવારના રોજ ગુજરાત સામે રાજસ્થાન રોયલ્સની આઈપીએલ 2024ની પહેલી હારનો સ્વાદ ચાખવો પડ્યો હતો. આ સાથે બીસીસીઆઈએ તેના પર લાખો રુપિયાનો દંડ ફટકાર્યો છે. સંજુ સેમસન ગુજરાત ટાઈટન્સ વિરુદ્ધ નક્કી કરેલા સમયની અંદર 20 ઓવર પુરી કરી શકી ન હતી. આ કારણે તેને છેલ્લી ઓવરમાં 4ના સ્થાને 5 ખેલાડીઓને 30 ગજની અંદર રાખવામાં આવ્યા હતા. આ સાથે તેના પર દંડ પણ ફટકારવામાં આવ્યો છે. બીસીસીઆઈએ સંજુ સેમસનને સ્લો ઓવર રેટના કારણે 12 લાખ રુપિયાનો દંડ ફટકાર્યો છે. આ કેપ્ટનની આઈપીએલ 2024ની પહેલી ભૂલ છે જેના કારણે તેના પર આ દંડ ફટકારવામાં આવ્યો હતો. જો હવે આ ટીમ ફરી આવી ભૂલ કરે છે તો અન્ય ખેલાડીઓ પણ આની ઝપેટમાં આવશે. તમને જણાવી દઈએ કે, આઈપીએલ 2024માં આ ભૂલ દિલ્હી કેપિટલ્સના કેપ્ટન રિષભ પંતને 2 વખત, ચૂક્યો છે.તમને જણાવી દઈએ કે, આઈપીએલ 2024માં આ ભૂલ દિલ્હી કેપિટલ્સના કેપ્ટન રિષભ પંતને 2 વખત, ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલ પર એક વખત દંડ ફટકારવામાં આવી ચૂક્યો છે.

# બાંગ્લાદેશ માટે માઠા સમાચાર,30 વર્ષનો યોર્કર કિંગ ટી20 વર્લ્ડકપમાંથી થયો બહાર

(એજન્સી) બાંગ્લાદેશ તા 11

IPL 2024 સીઝન ભારતમાં રમાઈ રહી છે. આઈપીએલ 2024 સીઝનમાં ઘણા વર્લ્ડ ક્લાસ ખેલાડીઓ સહિત ભારતીય ખેલાડીઓ આ T20 લીગમાં તેમની પ્રતિભાનો પુરાવો બતાવતા જોવા મળે છે. દરમિયાન, ક્રિકેટ ચાહકો માટે IPL 2024ની મધ્ય સીઝનમાં એક ખરાબ સમાચાર સામે આવ્યા છે કારણ કે 30 વર્ષીય યોર્કર કિંગ ઈજાના કારણે T20 વર્લ્ડ કપ 2024માંથી બહાર થઈ ગયો છે. જો આવું ન થયું હોત તો આ ફાસ્ટ બોલર પોતાની ટીમને વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં સક્ષમ બની શક્યો હોત.





ઈબાદોત હુસૈન ટીમથી થયો બહાર બાંગ્લાદેશ ક્રિકેટ ટીમનો 30 વર્ષીય અનુભવી ઝડપી બોલર ઈબાદોત હુસૈન ઈજાના કારણે જૂન 2024માં યોજાનાર ટી20 વર્લ્ડ કપ 2024માંથી બહાર થઈ ગયો છે. ઈબાદોત હુસૈન આ પહેલા ઈજાના કારણે 2023માં યોજાયેલ વર્લ્ડ કપમાં ભાગ લઈ શક્યો ન હતો. આવી સ્થિતિમાં, T20 વર્લ્ડ કપ 2024ની શરૂઆત પહેલા બાંગ્લાદેશના ક્રિકેટ સમર્થકો માટે આ એક મોટો આંચકો સાબિત થઈ શકે છે. બાદોત હુસૈનને ટી-20 વર્લ્ડ કપથી બહાર બાંગ્લાદેશના 30 વર્ષીય અનુભવી ઝડપી બોલર ઈબાદોત હુસૈન ઓગસ્ટ 2023ના મહિનાથી ક્રુસિએટ લિગામેન્ટની ઈજાથી પીડાઈ રહ્યા છે. આ ઈજાને કારણે ઈબાદોત હુસૈન વર્ષ 2023માં ભારતમાં રમાયેલ વર્લ્ડ કપ 2023માં પણ રમી શક્યો ન હતો. ઈબાદોત હુસૈનની ગેરહાજરીમાં ટી20 વર્લ્ડ કપ 2024માં ફાસ્ટ બોલિંગની સંપૂર્ણ જવાબદારી મુસ્તફિઝુર રહેમાન અને તસ્કીન અહેમદ પર આવી જશે. જેના કારણે બાંગ્લાદેશની ટીમનું વર્લ્ડ કપ જીતવાનું સપનું પુરુ થવું મુશ્કેલ લાગી રહ્યું છે.

### ચેન્નાઈ સુપર કિંગ્સ માટે મોટા સમાચાર

IPL 2024માં અત્યાર સુધીમાં 24 મેચ રમાઈ છે. રાજસ્થાન રોયલ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ, લખનૌ સુપર જાયન્ટ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સે 17મી સીઝનમાં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કર્યું છે. આ ટીમો પોઈન્ટ ટેબલમાં ટોપ પર છે. રુતુરાજ ગાયકવાડની કપ્તાનીવાળી CSKએ અત્યાર સુધીમાં 5 મેચ રમી છે અને 3માં જીત મેળવી છે. ટીમ 6 પોઈન્ટ સાથે ચોથા સ્થાન પર છે. આ દરમિયાન ટીમ માટે સારા સમાચાર સામે આવ્યા છે. કોનવે કરી શકે છે વાપસી મીડિયા રિપોર્ટ્સ અનુસાર ચેન્નાઈ સુપર કિંગ્સના તોફાની બેટ્સમેન ડેવોન કોનવે પ્લેઓફ પહેલા ફિટ થઈ શકે છે. ઓસ્ટ્રેલિયા સામે T20 ઈન્ટરનેશનલ મેચ દરમિયાન કિવી બેટ્સમેનના ડાબા અંગૂઠામાં ઈજા થઈ હતી. આવી સ્થિતિમાં CSK મેનેજમેન્ટે રચિન રવિન્દ્રને તક આપી છે.

### અગરકરે કોહલીને લઈને કહીં મોટી વાત

BCCIના મુખ્ય પસંદગીકાર અજીત અગરકર પર T20 વર્લ્ડકપ 2024 માટે મજબૂત ટીમ પસંદ કરવાનું દબાણ છે. આ દિવસોમાં ઘણા યાદવ, રિંકુ સિંહ, રવિ બિશ્નોઈ અને શિવમ દુબે જેવા ખેલાડીઓ સામેલ છે. T20 વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત એપ્રિલના અંતિમ સપ્તાહ અથવા 2024માં ખેલાડીઓના પ્રદર્શન પર નજર રાખી રહી છે. આવી સ્થિતિમાં BCCIની પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકરે વિરાટ કોહલી અને પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના વખાણ કર્યા છે. તેણે કહ્યું કે વિરાટ કોહલી દ્વારા તૈયાર કરવામાં આવેલી ફિટનેસ બ્લૂપ્રિન્ટની અસર સમગ્ર ભારતીય ક્રિકેટ પર પડી છે.

# ઉત્તર પ્રદેશ નહીં છોડે ગાંધી પરિવાર, કોંગ્રેસના દિગ્ગજ નેતાએ રાયબરેલી-અમેઠી મુદ્દે કરી જાહેરાત

(એજન્સી) રાયબરેલી | તા. 11

લોકસભા ચૂંટણી 2024 માટે કોંગ્રેસ પાર્ટીએ ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે. રાજ્યમાં કુલ 80 બેઠકો છે પરંતુ કોંગ્રેસ માત્ર 17 બેઠકો પર જ ચૂંટણી લડી રહી છે. જોકે, પાર્ટી હજુ સુધી આ 17 બેઠકો પર પણ ઉમેદવારોની જાહેરાત નથી કરી શકી. રાયબરેલી અને અમેઠી જેવી બેઠકો પર લાંબા સમય સુધી કોંગ્રેસ પાર્ટીનો કબજો રહ્યો છે પરંતુ હવે પાર્ટીએ આ જ સીટો પર પોતાના ઉમેદવારો નક્કી કરવા માટે મથામણ કરવી પડી રહી છે. હવે આ વચ્ચે કોંગ્રેસના દિગ્ગજ નેતા એ.કે એન્ટનીએ રાયબરેલી અને અમેઠીથી પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધી ચૂંટણી લડે તેવા સંકેત આપ્યા છે.એ.કે એન્ટનીએ એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા કહ્યું કે, ગાંધી પરિવારનો કોઈ એક સદસ્ય ઉત્તર પ્રદેશથી ચોક્કસ ચૂંટણી લડશે. આ સાથે જ તેમણે એ પણ સ્પષ્ટ કરી દીધું કે, તે સદસ્ય રોબર્ટ વાડ્રા નહીં હશે. હવે કોંગ્રેસ નેતાના આ નિવેદન બાદ રાહુલ ગાંધી અથવા પ્રિયંકા ગાંધી વાડ્રા રાજ્યમાંથી ચૂંટણી લડી શકે તેવી અટકળોએ જોર પકડ્યું છે. ઉત્તર પ્રદેશની અમેઠી અને રાયબરેલી લોકસભા બેઠક પર લાંબા સમય સુધી ગાંધી પરિવારનો કબજો રહ્યો છે. રાયબરેલીથી સોનિયા ગાંધી 2019માં ચૂંટણી જીત્યા હતા. તેઓ લાંબા સમય સુધી અહીંના સાંસદ રહ્યા હતા પરંતુ હવે સ્વાસ્થ્યનો હવાલો આપતા તેમણે ચૂંટણી ન લડવાનો નિર્ણય કર્યો છે અને રાજ્યસભાના સાંસદ બની ચૂક્યા છે. બીજી તરફ અમેઠીમાં રાહુલ ગાંધીને 2019માં હારનો સામનો કરવો પડ્યો હતો. તે પહેલા તેઓ આ બેઠક પરથી ચૂંટણી જીતી રહ્યા હતા. હવે રાહુલ ગાંધીએ વાયનાડથી ઉમેદવારી નોંધાવી છે પરંતુ એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે, તેઓ અમેઠીથી પણ ચૂંટણી લડી શકે છે અને રાયબરેલીથી સોનિયા ગાંધીના સ્થાને પ્રિયંકા ગાંધીને ટિકિટ મળી શકે છે. જોકે, પ્રિયંકા ગાંધી અત્યાર સુધી કોઈ ચૂંટણી નથી લડ્યા.

## કોણ છે પારસનાથ રાય? જેમને ભાજપે અંસારી સામે ચૂંટણી મેદાનમાં ઉતાર્યા

**• શાળામાં હતા અને જાણ થઇ કે ટિકિટ મળી**

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

ભારતીય જનતા પાર્ટીએ ગાઝીપુર લોકસભા બેઠક પર સમાજવાદી પાર્ટીના ઉમેદવાર અફઝાલ અંસારી સામે પારસ નાથ રાયને મેદાનમાં ઉતાર્યા છે. રાયે જણાવ્યું કે, જ્યારે મને ચૂંટણી લડવાની જાણકારી મળી તે સમયે હું શાળામાં હતો અને ક્લાસમાં ભણાવી રહ્યો હતો. તેમણે કહ્યું કે, જ્યારે મને ટીકિટ મળી હોવાની જાણ થઈ ત્યારે મને લાગ્યું જ નહીં કે હું ઉમેદવાર બની ગયો છું.

પારસનાથ રાયને જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ અને ગાઝીપુરના પૂર્વ સાંસદ મનોજ સિન્હાના નજીકના વ્યક્તિ માનવામાં આવે છે. રાયે જણાવ્યું કે, જ્યારે તેમને ટિકીટ મળી તો તેઓ ચોંક્યા નહી. તેમણે કહ્યું કે, અમને લાગ્યું કે, સંગઠને કોઈ બીજી જવાબદારી આપી છે તો આગળનું કામ કરવું જોઈએ. અમે ટિકીટ નહોતી માગી.

રાયને જ્યારે પૂછવામાં આવ્યું કે, તમને ટિકીટ કેમ મળી? આ સવાલના જવાબ પર તેમણે કહ્યું કે, હું સાધારણ સ્વયંસેવક રહ્યો છું. સંગઠને જે પણ જવાબદારી આપી છે તે કામ મેં પૂર્ણ સમર્પણ સાથે કર્યું છે. આજે સંગઠને વિચાર્યું કે, હું લોકસભા ચૂંટણી લડું તો અચાનક એ સૂચના મારી પાસે આવી. હું લડવા માટે તૈયાર છું.

જ્યારે પત્રકારોએ પારસને પૂછ્યું કે આ ચૂંટણીમાં તેમની સામે અફઝલ અંસારી છે જેઓ અહીંથી ઘણી વખત ચૂંટણી જીતી ચૂક્યા છે તો તેમણે કહ્યું કે તેમની સામે કોઈ પણ હોય, હું એક સૈનિક છું અને હંમેશા એક સૈનિકની જેમ લડ્યો છું. ભલે તે એક વખતના સાંસદ હોય કે પાંચ વખતના સાંસદ. મારે લડવાનું છે અને જીતવાનું છે.

તેમણે કહ્યું કે, હું આખા ગાઝીપુર જિલ્લાની ગલી-ગલી અને દરવાજે-દરવાજે (ઘરે-ઘરે) ફર્યો છું. એવું કોઈ પણ ગામ નથી જ્યાં હું નથી ગયો.

## કેશ ફોર વોટ! કોંગ્રેસના ઉમેદવારે ચૂંટણી પ્રચારમાં લોકોને જાહેરમાં રૂપિયા વહેંચ્યા, વીડિયો થયો વાયરલ



(એજન્સી) નવી દિલ્હી | તા. 11

લોકસભા 2024ની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. તમામ રાજકીય પક્ષો જોરશોરથી પ્રચારમાં વ્યસ્ત છે. આ વચ્ચે તમિલનાડુમાં ચૂંટણી પ્રચાર દરમિયાન લોકોને રૂપિયા આપવાનો મામલો સામે આવ્યો છે. ત્યારે રાજ્યના મદુરાઈ જિલ્લાની વિરૂદ્ધનગર બેઠક પરથી ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવાર મણિકમ ટાગોર પર ચૂંટણી પ્રચાર દરમિયાન લોકોને 'રૂપિયા' આપવાનો આરોપ લાગ્યો છે. એક અધિકારીએ જણાવ્યું કે લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસના વિરૂદ્ધનગર બેઠકના ઉમેદવાર મણિકમ ટાગોરના ચૂંટણી પ્રચાર દરમિયાન ચલણી નોટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક વીડિયોમાં, મણિકમ ટાગોર વિરુદ્ધનગરમાં ચૂંટણી પ્રચાર કાર્યક્રમમાં હાજર લોકોને કથિત રીતે રૂપિયા આપતા જોવા મળ્યા હતા. પોલીસ અધિક્ષક બીકે અરવિંદે કહ્યું કે કોંગ્રેસના ઉમેદવાર મનિકમ ટાગોર મદુરાઈમાં રૂપિયા આપવાનો વીડિયો અસલી છે. અગાઉ બુધવારે ટાગોરે મદુરાઈમાં ચૂંટણી પ્રચાર દરમિયાન પાર્ટી સમર્થકો અને સ્થાનિકોને સંબોધિત કર્યા હતા.

## આ કંઇ જેમ્સ બોન્ડની ફિલ્મની સીક્વલ નથી, તે આમ વારંવાર આવો છો

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

દિલ્હી હાઈકોર્ટે આપના સંયોજક અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રીના હોદ્દા પરથી હટાવવા માટે વારંવાર કરવામાં આવતી અરજીઓ સામે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે એક વખત અમે આ મુદ્દે અમારી વાત જણાવી દીધી છે અને અભિપ્રાય પણ આપ્યો છે કે આ બાબત કારોબારીના નેજા હેઠળ આવે છે, આ કંઈ જેમ્સ બોન્ડની ફિલ્મોની સીક્વલ નથી કે વારંવાર આવો. હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ કેજરીવાલને હોદ્દા પરથી દૂર કરવા અંગે આપના ભૂતપૂર્વ વિધાનસભ્ય સંદીપ કુમારની અરજીની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે તે કોર્ટને બિનજરુરી રીતે રાજકીય બાબતોમાં સંડોવી રહ્યા છે. આ ઉપરાંત તેમણે ૫૦ હજાર રુપિયાનો દંડ ચૂકવવો પડશે તેમ પણ જણાવ્યું હતું.

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાયચંદ્રચુડે જણાવ્યું હતું કે તેઓ તેમની ધરપકડ જાળવી રાખવાના હાઈકોર્ટના આદેશને પડકારતા નવમી એપ્રિલના આદેશની વહેલા લિસ્ટિંગની અરજીને જોશે. તેમણે કેજરીવાલના વકીલને ઈ-મેઈલ કરવા જણાવ્યું હતું.

કોર્ટે ટિપ્પણી કરી હતી કે આ કંઈ જેમ્સ બોન્ડની ફિલ્મ નથી કે તેની વારંવાર સીક્વલ આવતી રહે. તમે કોર્ટને રાજકીય બખેડામાં ખેંચવાનો પ્રયત્ન કરી રહ્યા છો. વાત અહીં પૂરી થાય છે. બેન્ચમાં ન્યાયાધીશ મનમીત પી એસ અરોરા પણ હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજધાનીમાં રાષ્ટ્રપતિ શાસન લાદી શકાય નહીં. બુધવારે કોર્ટના વકીલે દલીલ કરી હતી કે તેમના કેસમાં બંધારણને વ્યાખ્યાયિત કરવાની જરુર છે, કેજરીવાલની મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ થઈ હોવાથી તેઓ મુખ્યપ્રધાન તરીકે હોદ્દા પર રહેવાનો અધિકાર ધરાવતા નથી. ન્યાયાધીશ મનમોહને જણાવ્યું હતું કે જો કોઈ ફરિયાદ હોય તો તમારે અગાઉના નિર્ણયો સામે અપીલ ફાઈલ કરવી જોઈતી હતી,

## સંક્ષિપ્ત સમાચાર

### સંદેશખલીમાં બળાત્કાર, જમીન પચાવી પાડવાના કેસની સીબીઆઇ તપાસ કરશે

કોલકાતા | કલકત્તા હાઈકોર્ટે સંદેશખલીમાં મહિલાઓ પર બળાત્કાર અને ખેડૂતોની જમીન પચાવી પાડવાના આરોપોની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો છે. કલકત્તા હાઈકોર્ટે બુધવારે કહ્યું કે લોકસભા ચૂંટણી પહેલા બંગાળના સંદેશખલીમાં બળજબરીથી વસૂલાત, જમીનો પચાવી પાડવા અને મહિલાઓ પર અત્યાચારના આરોપોની તપાસ સીબીઆઈ દ્વારા કરાવાશે. સંદેશખલીમાં ૫ જાન્યુઆરીએ ઈડીના અધિકારીઓ પર હુમલાની તપાસ હવે કોર્ટના નિરિક્ષણ હેઠળ થશે.કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ટીએસ શિવગણનમના અધ્યક્ષપદે ડિવિઝન બેન્ચે સીબીઆઈને મહેસૂલના રેકોર્ડ્સ અને જમીનોની પ્રત્યક્ષ તપાસ કર્યા પછી મત્સ્ય પાલન માટે જળાશયમાં ફેરવી નાંખવામાં આવેલી કૃષિ જમીનોના ગેરકાયદે રૂપાંતરણ અંગે વ્યાપક અહેવાલ તૈયાર કરવા નિર્દેશ આપ્યા હતા. હાઈકોર્ટે સીબીઆઈને સંદેશખલીમાં મહિલાઓ પર અત્યાચાર અને જમીન પચાવી પાડવાના આરોપોની તપાસ કરવા અને આગામી સુનાવણી સુધીમાં વ્યાપક અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યા હતા.

### ઇલેક્ટોરલ બોન્ડે કોર્પોરેટ રાજકીય ડોનેશનને 'કાદવવાળું' પાણી બનાવ્યું : કોંગ્રેસ

નવી દિલ્હી | ૨૦ નવી કંપનીઓએ ૧૦૩ કરોડ રૂપિયાના ઇલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હોવાના મીડિયા અહેવાલના સંદર્ભમાં કોંગ્રેસે આરોપ મૂક્યો છે કે કેન્દ્ર સરકારની આ યોજનાએ ઈરાદાપૂર્વક કોર્પોરેટ રાજકીય ડોનેશનને કાદવાળુ પાણી બનાવી દીધું છે.અગ્રણી અખબારમાં છપાયેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કંપનીની રચનાને ત્રણ વર્ષ પૂર્ણ થયા ન હોય તેવી કંપનીઓ ઇલેક્ટોરલ બોન્ડ ખરીદી શકતી નથી. આમ છતાં તાજેતરમાં અસ્તિત્વમાં આવેલ ૨૦ કંપનીઓએ ૧૦૩ કરોડ રૂપિયાના ચૂંટણી બોન્ડ ખરીદ્યા છે.રમેશે આરોપ મૂક્યો છે કે ચૂંટણી બોન્ડ કૌભાંડમાં ભ્રષ્ટાચારની ચાર પ્રાથમિક ચેનલ છે અને આ કૌભાંડમાં દરરોજ નવી વસ્તુઓ સામે આવી રહી છે. આ દરમિયાન કોંગ્રેસના ચૂંટણી ઢંઢરામાં મુસ્લિગની છાપ દેખાતી હોવાના ભાજપના વારંવાર આરોપો વચ્ચે રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે ઇતિહાસ સાક્ષી છે ક કોણે દેશને વિભાજિત કરનાર શક્તિઓ સાથે હાથ મિલાવ્યા છે.

### ડીએમઆરએસી અનિલ અંબાણીને રૂ. 8000 કરોડ ચૂકવવા બંધાયેલ નથી : સુપ્રીમ

નવી દિલ્હી | દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનને મોટી રાહત આપતાં સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને માન્ય કરી પોતાના ત્રણ વર્ષ જૂના આદેશને આજે પાછો ખેંચી લીધો હતો. અગાઉના આદેશમાં સુપ્રીમ કોર્ટે ડીએમઆરસીને અનિલ અંબાણીની કંપનીને રૂ.૮૦૦૦ કરોડનો આર્બિટ્રેશન એવોર્ડ ચૂકવવા જણાવ્યું હતું. જો કે આજના ચુકાદા પછી દલ્હી મેટ્રો રેલ હવે અનિલ અંબાણીની કંપનીને રૂ.૮૦૦૦ કરોડ ચૂકવવા બંધાયેલી નથી.સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડના નેતૃત્વમાં રચાયેલી વિશેષ ખંડપીઠે બુધવારે જણાવ્યું હતુ કે, સર્વોચ્ચ અદાલત દિલ્હી હાઈકોર્ટના ચૂકાદાને બાજુએ રાખવામાં ભૂલ કરી હતી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, ડીએમઆરસીએને અનિલ અંબાણીની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચર કંપનીની પેટા કંપની દિલ્હી એરપોર્ટ મેટ્રો એક્સપ્રેસ પ્રાઈવેટ લિમિટેડ (ડીએએમઈપીએલ)ને રૂ.૮૦૦૦ કરોડથી વધુની ચૂકવવા બંધાયેલી નથી. સર્વોચ્ચ અદાલતે વધુ કહ્યું છે કે, મનસ્વી ચૂકાદો ન્યાયતંત્રની નિષ્ફળતા કહી શકાય.

## હરિયાણા: બેકાબૂ સ્કુલ બસ પલટવાથી 6 બાળકોના મોત, ડ્રાઈવર નશામાં હોવાની શંકા

**• પાંચ બાળકોના મોત નીપજ્યાં હતાં, જ્યારે એકની હાલત ગંભીર હતી, જે હોસ્પિટલ પહોંચ્યા બાદ વેન્ટિલેટર પર હતો.**

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

હરિયાણાના મહેન્દ્રગઢમાં એક ભીષણ માર્ગ અકસ્માતમાં 6 બાળકોના મોત નીપજ્યા છે. ગુરુવારે સવારે એક સ્કૂલ બસ બેકાબૂ થઈને પલટી ગઈ હતી. આ બસમાં લગભગ 35થી 40 બાળકો સવાર હતાં. ઘટના બાદ તેમાંથી 6 બાળકોની હાલત ગંભીર હતી, જેમને નજીકના હોસ્પિટલ મોકલવામાં આવ્યાં, પરંતુ ત્યાં સુધી 5 બાળકોના મોત થઈ ચૂક્યા હતાં. આ 6 બાળકોમાંથી ગંભીર રીતે એક ઈજાગ્રસ્ત બાળકને વેન્ટિલેટર પર રખાયો હતો. જોકે, થોડા સમય બાદ તેનું પણ મૃત્યુ થયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ઘટના મહેન્દ્રગઢ જિલ્લાના કનીના વિસ્તારની છે. ઘટનાનો ભોગ બનનાર બસ એક ખાનગી સ્કૂલની છે. ઘટનામાં લગભગ 15 બાળકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટના કનીબા વિસ્તારના નજીકના કનીના-દાદરી રોડ પર ઘટી હતી.



આ ઘટના બાદ તાત્કાલિક સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિકોનો દાવો છે કે બસ ડ્રાઈવર નશાની હાલતમાં હતો. થોડા સમય બાદ પોલીસ અને તંત્રની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ અને રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન ઈજાગ્રસ્ત બાળકોને સારવાર માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. સ્થાનિક લોકોના આરોપ બાદ પોલીસ એ વાતની પણ તપાસ કરી રહી છે કે શું બસ ડ્રાઈવર નશામાં હતો કે કેમ?સ્કૂલ બસમાં 35થી 40 બાળકો સવાર હતા.મળતી માહિતી અનુસાર ઘટનાનો શિકાર થયેલી બસ ઉન્હાંની ગામની પાસે પલટી છે. આ બસ ખાનગી સ્કૂલની હતી. આજે સરકારી રજા હોવા છતાં સ્કૂલ ચાલુ હતી અને બાળકોને લેવા માટે સ્કૂલમાંથી બસ મોકલવામાં આવી હતી.મળતી જાણકારી અનુસાર ઘટના બાદ સ્થાનિક લોકો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તેમણે ત્યાં રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દીધું હતું. પાંચ બાળકોના મોત નીપજ્યાં હતાં, જ્યારે એકની હાલત ગંભીર હતી, જે હોસ્પિટલ પહોંચ્યા બાદ વેન્ટિલેટર પર હતો. બાદમાં આ બાળકે પણ અંતિમ શ્વાસ લીધા અને મૃતક બાળકોની સંખ્યા વધીને 6 થઈ ગઈ.

**• રસપ્રદ કિસ્સોઃ અપક્ષ ઉમેદવારે પોતાના ચૂંટણી ચિહ્ન તરીકે પંખો પસંદ કર્યો હતો**

## ચૂંટણી પંચે ગુજરાતના મતદાન મથક પરથી પંખા દૂર કરવા આપ્યો આદેશ

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

લોકસભા ચૂંટણી 2024ના પ્રચાર અને પ્રસાર જોરશોરથી થઈ રહ્યા છે. દર ચૂંટણીમાં આચારસંહિતાના ઉલ્લંઘનો અને કેસો નોંધાતા હોય છે. જેમાં ઘણી વખત ચૂંટણી પંચ પર સુરક્ષા અને દેખરેખ મામલે અનેક પ્રશ્નો ઉભા થતા હોય છે. હાલમાં જ એક પોપટે ઉમેદવારની જીતની ભવિષ્યવાણી કરતાં પોપટના માલિકને કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો. આવો જ એક રસપ્રદ કિસ્સો ગુજરાતમાં બન્યો હતો.

ગુજરાતમાં 2010ની પેટાચૂંટણી દરમિયાન એક મતદાન મથક પરથી ચૂંટણી પંચના નિરીક્ષક તમામ પંખાઓ દૂર કરવા આદેશ કર્યો હતો. ગુજરાતની કાળઝાળ ગરમીમાં આ નિર્ણય લેતાં નિર્દેશ કર્યો હતો. મતદાન મથક પર બેસનારા પોલિંગ અધિકારીઓએ ગરમીમાં કામ ન થવાની અપીલ પણ કરી હતી. સ્થાનીય અધિકારીઓએ નિરિક્ષણ કરવા આવેલા નિરિક્ષકને સમજાવવા પ્રયાસ કર્યો હતો કે, ગરમીમાં કામ કરવુ અસહ્ય છે, પરંતુ તેઓ પોતાની વાત પર અડગ રહ્યા. અને તમામ પંખાઓ દૂર કરવા સતત દબાણ કરી રહ્યા હતા.મતદાન મથક પરથી પંખા દૂર કરવા પાછળનું કારણ અપક્ષમાંથી ઉભા ઉમેદવારનું ચૂંટણી ચિહ્ન હતું. અપક્ષ ઉમેદવારે પોતાના ચૂંટણી ચિહ્ન તરીકે પંખો પસંદ કર્યો હતો. જેથી નિરિક્ષકને લાગ્યુ કે, આ મતદાન મથક પર ઉપલબ્ધ પંખાઓ મતદારોને આકર્ષિત કરી શકે છે. પંખાઓ તે ઉમેદવારનો પ્રચાર કરતાં જણાઈ રહ્યા હોવાથી તેમણે તમામ પંખાઓ દૂર કરવા નિર્દેશ કર્યો હતો. સ્થાનીય અધિકારીઓ દ્વારા અથાગ પ્રયાસો બાદ નિરિક્ષકે પંખા રાખવા માન્યા હતા.

## કેજરીવાલના હવે અંગત સચિવને બરતરફ કરવાનો અપાયો આદેશ

**• બિભવ કુમારની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા લીકર પોલિસી કૌભાંડ કેસમાં પૂછપરછ**

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

તિહાર જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. તેમના અંગત સચિવ (PA) બિભવ કુમારને બરતરફ કરવામાં આવ્યા છે. વિજિલન્સ વિભાગના વિશેષ સચિવ YVVJ રાજ શેખરે તાત્કાલિક અસરથી પીએની સેવાઓ સમાપ્ત કરવાના આદેશો જાહેર કરી દીધા છે. ઉલ્લેખનીય છે કે બિભવ કુમારની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા લીકર પોલિસી કૌભાંડ કેસમાં પૂછપરછ કરવામાં આવી હતી. બિભવ કુમાર વિરુદ્ધ નોઈડામાં કેસ નોંધવામાં આવ્યો છે જે વિશેની જાણ બિભવ કુમારે પોતાની નિમણૂક સમયે વિજિલન્સ વિભાગને કરી ન હતી, તેથી તેની વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. કોઈપણ ખાનગી વ્યક્તિની નિમણૂક સમયે પોલીસ વેરિફિકેશન કરવામાં આવે છે અને તે વ્યક્તિએ સંબંધિત વિભાગને જણાવવાનું હોય છે કે તેની સામે કોઈ ફોજદારી કેસ નોંધાયેલ નથી, પરંતુ આ માહિતી બિભવ કુમાર દ્વારા સંબંધિત વિભાગને કહેવામાં આવી ન હતી કે તેમનો એક કેસ છે. તેની સામે નોઈડામાં કલમ 353, 504, 506 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આથી તેમને પદ પરથી હટાવવામાં આવ્યા છે.

**આ મામલે પહેલી સુનાવણી 21 નવેમ્બર 2023એ થઇ હતી.**

## સુપ્રીમ કોર્ટ પણ બાબા રામદેવને માફી સ્વીકારવા પણ તૈયાર નથી

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

યોગ ગુરુ બાબા રામદેવ અને પતંજલિ આયુર્વેદના એમડી બાલકૃષ્ણને સુપ્રીમ કોર્ટ તરફથી ઝટકો લાગ્યો છે. કોર્ટે બિનશરતી માફી માગનાર તેમના સોગંદનામાનો સ્વીકાર કરવાની ના પાડી દીધી છે. આ મામલાની આગામી સુનાવણી હવે 16 એપ્રિલે થશે. સુપ્રીમ કોર્ટે આ મુદ્દે નિષ્ક્રિયતા માટે રાજ્ય લાઈસન્સિંગ ઓથોરિટીને પણ ફટકાર લગાવતા કહ્યું છે કે, 'આ વાત હળવાશથી નહીં લેવાય.' આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ પતંજલિ આયુર્વેદ સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ ઉત્તરાખંડ સરકારની પણ ટીકા કરી છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)એ ઓગસ્ટ 2022માં સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી હતી. પતંજલિએ એક જાહેરખબરમાં જણાવ્યું હતું કે, 'એલોપેથી, ફાર્મા અને મેડિકલ ઈન્ડસ્ટ્રીથી પોતાને અને દેશને બચાવો.' બાબા રામદેવે એલોપેથીને 'મૂર્ખ અને નાદાર વિજ્ઞાન' પણ ગણાવ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે, 'એલોપેથીક દવા કોવિડ-19 થી થનારા મોત માટે જવાબદાર છે.' આ દરમિયાન ઈન્ડિયન મેડિકલ એસોસિયેશને દાવો કર્યો કે 'પતંજલિના કારણે પણ લોકો રસી લેતા ખચકાઈ રહ્યા છે.' આ મામલે પહેલી સુનાવણી 21 નવેમ્બર 2023એ થઈ હતી.

## કેજરીવાલની ધરપકડ બાદ AAP સંકટમાં? હરભજન સિંહ સહિત સાત સાંસદ 'મૌન'

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ આમ આદમી પાર્ટી મુશ્કેલીમાં ફસાયેલી જોવા મળી રહી છે. દિલ્હી તેમજ દેશના અન્ય ભાગોમાં વિરોધ પ્રદર્શન દરમિયાન તેના લગભગ 7 સાંસદો ચૂપ છે. 10માંથી માત્ર 3 સાંસદો જ પાર્ટી માટે અવાજ ઉઠાવતા જોવા મળે છે. લોકસભામાં AAPના એકમાત્ર સાંસદ સુશીલ કુમાર રિંકુ તાજેતરમાં જ ભાજપમાં જોડાયા હતા. આ સિવાય તાજેતરમાં જ જામીન પર બહાર આવેલા સંજય સિંહને જ્યારે આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, 'પાર્ટી આ મુદ્દે ચર્ચા કરશે.'

આ જ કેસમાં અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહની ધરપકડ કરવામાં આવી હતી. જામીન પર છૂટ્યા બાદ સંજય સિંહ AAPનો ચહેરો બની રહ્યા છે. તેમના સિવાય, AAP ના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) સંદીપ પાઠક અને એનડી ગુપ્તા વિરોધ દરમિયાન સક્રિય રીતે જોવા મળે છે. પંજાબના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા, જેઓ તેમની પાર્ટી માટે અવાજ ઉઠાવે છે, તેઓ ગયા મહિને આંખનું ઓપરેશન કરાવ્યું હોવાથી તેઓ હાલ લંડનમાં જ છે. એક રિપોર્ટ અનુસાર સર્જરી બાદ તેને સૂર્યપ્રકાશથી બચવા માટે કહેવામાં આવ્યું છે. આથી ડોકટરોની સલાહ બાદ તેઓ પરત ફરશે. 21 માર્ચે કેજરીવાલની ધરપકડ બાદ રાઘવ ચઢ્ઢા સોશિયલ મીડિયા પર સતત બોલી રહ્યા છે. તેમણે સંજય સિંહના જેલની બહાર આવી જવા પર પણ ખુશી વ્યક્ત કરી હતી.

**ઉત્તર મધ્ય રેલવે**

**ઇ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબરઃ- 24/23, તારીખ :- 09-04-2024**

ભારતના રાષ્ટ્રપતિ વતી, **મુખ્ય ચીફ મટિરિયલ મેનેજર, નોર્થ સેન્ટ્રલ રેલ્વે, પ્રયાગરાજ** (AN ISO 9001:2015 **પ્રમાણિત એકમ**) નીચેના ઇ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરને આમંત્રિત કરે છે.

| અ. નં. | ટેન્ડર નંબર | સંક્ષિપ્ત વિવરણ | જથ્થો | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | 30241756 | બ્રેક હેડ માટે હેક્સ હેડ બોલ્ટ કીટ | 12768 નંગ | 07.05.2024 |
| 2 | 20243201 | સુધારેલ રબર સાઇડ બેરર | 211 નંગ | 07.05.2024 |
| 3 | 20235012ડી | ઈલેક્ટ્રોનિક્સ રેક કમ્પ્લીટ યુનિટ | 03 નંગ | 14.05.2024 |
| 4 | 20243143 | ડ્રાઈવર સીટ અને પેડેસ્ટલ એસેમ્બલી | 193 નંગ | 04.06.2024 |
| 5 | 20231375 | સેફ્ટી અર્થિંગ સ્વીચ (HOM) | 10 નંગ | 07.05.2024 |
| 6 | 20243216 | પોલીયુરેથેન સ્પ્રિંગ પેડ | 1567 નંગ | 07.05.2024 |
| 7 | 40243049 | ઈલેક્ટ્રીકલ સંચાલિત ,સબમર્સિબલ પંપ-સેટ | 65 નંગ | 07.05.2024 |
| 8 | 40231321 | એલઇડી ટાઈપ ઈમરજન્સી લાઈટ યુનિટ | 1818 નંગ | 07.05.2024 |
| 9 | 20233704બી | FS તમામ સ્ટીલ લોક નટ M-24. | 858 નંગ | 06.05.2024 |
| 10 | 20243651 | WAP-7 લોકો માટે બુલ ગિયર (72 દાંતા) | 30 નંગ | 07.05.2024 |
| 11 | 20243490 | પીનિયન શાફ્ટ 21 દાંતા | 220 નંગ | 07.05.2024 |

**નોંધ** :- ઉપરોક્ત ટેન્ડરોની સંપૂર્ણ માહિતી IREPS વેબસાઇટ એટલે કે https://www.ireps.gov.in પરથી જોઈ અને ડાઉનલોડ કરી શકાય છે. ટેન્ડરમાં કોઈપણ ફેરફાર/શુદ્ધિ માટે કૃપા કરીને નિયમિતપણે આ વેબસાઈટની મુલાકાત લો. કોઈ અલગ/ફેરફાર ન્યૂઝ પેપર પ્રકાશિત કરવામાં આવશે નહીં. **628/24 (AN)**

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

**ઇ-ટેન્ડર આમંત્રણ સૂચના** તારીખ :- 06-04-2024

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ એન્જિનિયર-II/GSU/પ્રયાગરાજ ઉત્તર મધ્ય રેલ્વે હેઠળ નીચેના કામો માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે (ઉપયોગી તરીકે બે પેકેટ સિસ્ટમ અને જોઈન્ટ વેન્ચર/કંસોર્ટિયમ/MOUS દ્વારા ઓપન ટેન્ડર) અંતિમ તારીખ /સમય, 14-05-2024 ના રોજ 15:00 કલાક સુધી. બિડર્સ તેમની મૂળ/સંશોધિત બિડ માત્ર અંતિમ તારીખ અને સમય સુધી સબમિટ કરી શકે છે. આ ટેન્ડર માટે મેન્યુઅલ ઑફર્સની પરવાનગી નથી અને આવી કોઈપણ મેન્યુઅલ ઑફર્સ પ્રાપ્ત થશે તેની અવગણના કરવામાં આવશે.

**ટેન્ડર નંબર** :- DYCE-II-GSU-PRYJ-08-2024

**કાર્યનું વર્ણન** :- ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ વિભાગના નૈની-માણિકપુર વિભાગમાં કિમી 1312/35-1313/1 પર લેવલ ક્રોસિંગ નંબર 415Aની જગ્યાએ 2 લેન રેલ ઓવરબ્રિજના રેલવે ભાગનું નિર્માણ.

**અંદાજીત ખર્ચ** :- DYCE-II-GSU-PRYJ-08-2024 | **બાના રકમ** :- 7,90,000/-

**ટેન્ડર ફોર્મ કિંમત** :- 0.00/-, **ખુલવાની તારીખ** :- 14-05-2024 , 15:00, **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો** :- 12 મહિના, **યોગ્યતાના માપદંડો માટે સમાન પ્રકૃતિના કામની વ્યાખ્યા**:- ઓપન વેબ ગર્ડરના ઉત્થાન/લોન્ચિંગ અથવા રેગર્ડિંગ સંબંધિત કોઈપણ બ્રિજવર્ક, અથવા બો-સ્ટ્રિંગ કમાન બ્રિજના ઉત્થાન/લોન્ચિંગ અથવા રજિર્ડરિંગ સંબંધિત કોઈપણ બ્રિજવર્ક,**નોંધ** : (1) ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજો સાથેની સંપૂર્ણ માહિતી ટેન્ડર ખોલવાની નિયત તારીખે 15:00 કલાક સુધી વેબસાઇટ https://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.(2) ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT **એક્ટ-2000** હેઠળ CCA દ્વારા જારી કરાયેલ Class-III **ડિજિટલ** હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઇટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. (3) નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.(4) જે દસ્તાવેજ જોડવામાં આવી રહ્યો છે તેની પર ટેન્ડરરો દ્વારા હસ્તાક્ષરિત હોવા જોઈએ.(5) કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં IREPS ની વેબસાઈટ પર ઉપલબ્ધ હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકાય છે. **631/24 (P)**

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

**ઇ-ટેન્ડરિંગ ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેના માટે, **ડિવિઝનલ રેલ્વે મેનેજર(વર્કસ) ઝાંસીએ** નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કર્યા છે.

**કામનું નામ** :- વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી-કાનપુર વિભાગ: મિશન 3000 MT હેઠળ 100 KMPH સ્પીડ સાથે ચાર 25 ટન એક્સલ લોડ RCC બોક્સ દ્વારા DFC ફીડર રૂટના એટ-તિલાંચી વિભાગમાં નાના પુલનું પુનઃનિર્માણ.

**ઈ-ટેન્ડર સૂચના સંખ્યા** : ઝાંસી-એન્જિ.-સી-2024-57, **અંદાજીત ખર્ચ** :રૂ 165010253.47, **અમાનત રકમ**:- રૂ: 975100.00, **ટેન્ડર બંધ થવાની તારીખ** :- 06-05-2024 એ 15:00 કલાક. **સ્વીકૃતિ પત્ર જારી થયાના સમયથી કામ પૂર્ણ થવાની તારીખ/અવધિ**:- 18 મહિના. તમે 06-05-2024 ના રોજ 15:00 કલાક સુધી ઓનલાઈન ટેન્ડર સબમિટ કરી શકશો. સંપૂર્ણ વિગતો અને ટેન્ડર સબમિટ કરવા માટે, ભારતીય રેલ્વેની વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 626/24 FA

North central railways @CPRONCR @north centralrailway www.ncr.indianrailways.gov.in

સિટી એક્સપ્રેસ

FRIDAY 12 APRIL-2024

AHMEDABAD






# ગુજરાતમાં ભર ચૈત્રે અષાઢી માહોલ જામ્યો, ખેડૂતો ચિંતામાં

## અંબાજી, ભાણપુર અને હડાદ સહિતના ગામમાં વરસાદ, દાહોદ અને બનાસકાંઠાના વાતાવરણમાં પલટો, ક્યાંક કરા પડ્યા તો પવનના ફુંકાયો....

(એજન્સી) અમદાવાદ | તા.11

હવામાન ખાતાની આગાહીના પગલે રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદનું આગમન થયું છે. જેના કારણે ભર ચૈત્રે અષાઢી માહોલ જામ્યો છે. જેના કારણે એક તરફ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે, જ્યાં બીજી તરફ લોકોને ગરમીમાં રાહત મળી રહી છે. આ વચ્ચે દાહોદ, બનાસકાંઠા અને છોટા ઉદેપુરના વિવિધ વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો છે.



**ઝાલોદ તાલુકામાં કરાં સાથે વરસાદ :** દાહોદ શહેર ઉપરાંત જિલ્લાના ઝાલોદ પંથકના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો હતો. ઝાલોદના લીમડી, વરોડ, મિરાખેડી, કચુંબર સહિતના ગામોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. મિરાખેડી આસપાસ કરા સાથે વરસાદ વરસતા ધરતીપુત્રો ચિંતિત બન્યા હતા. ભારે પવન ફૂંકાવાના કારણે કેટલાક શેડના છાપરા ઉડતા જોવા મળ્યા હતા.


**દાહોદ શહેરમાં રસ્તા પર પાણી વહેતા થયા :** દાહોદ જિલ્લાના વાતાવરણમાં ગુરુવારે સાંજના સમયે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. દાહોદ શહેરમાં આકરી ગરમી વચ્ચે જ ધોધમાર વરસાદ શરૂ થતા લોકો આશ્ચર્યમાં મૂકાયા હતા. ગણતરીની મિનિટોમાં જ શહેરના રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. આકરી ગરમી વચ્ચે વરસાદ વરસતા લોકોએ ઠંડકનો અનુભવ કર્યો હતો.

### માર્કેટીંગ યાર્ડોમાં વેપારીઓ દોડધામ મચી

આ કમોસમી વરસાદને પગલે દાહોદ જિલ્લાની એપીએમસીઓ ખાતે દોડધામ મચી જવા પામી હતી. લીમડી એપીએમસીની બહાર ખુલ્લામાં મૂકવામાં આવેલ અનાજનો જથ્થો પણ પલળી જવા પામ્યો હતો જેને પગલે એપીએમસીના વેપારીઓમાં દોડધામ ના દ્રશ્યો જોવા મળ્યા હતા. કમોસમી વરસાદને પગલે ખેડૂતોમાં ચિંતાનો માહોલ પણ જોવા મળ્યો હતો. હાલ જ્યારે લગ્ન પ્રસંગનો માહોલ ચાલી રહ્યો છે તેવા સમયે આવા પ્રસંગોમાં કમોસમી વરસાદના આગમનને પગલે લગ્ન આયોજકોમાં દોડધામ મચી જવા પામી હતી તો લગ્ન આયોજકોમાં ચિંતાનો માહોલ પણ જોવા મળ્યો હતો.



## રમઝાન ઇદ: ખેડા જિલ્લામાં ઇદ-ઉલ-ફિત્રની ઉજવણી થઇ



(એજન્સી) નડિયાદ | આજે ગુરુવારે નડિયાદ સહિત સમગ્ર જિલ્લામાં રમઝાન ઈદની ઉજવણી કરવામાં આવી હતી. સતત એક માસ રમઝાન કર્યા બાદ આજે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરવામાં આવી હતી. ધર્મપ્રેમી મુસ્લિમોએ સમગ્ર જિલ્લામાં અનેક સ્થળોએ મસ્જિદો અને ઈદગાહમાં પહોંચી સવારે નમાજ અદા કરી હતી. ત્યારબાદ એકબીજાને ઈદ મુબારક પાઠવી હતી. જિલ્લામાં શાંતિના વાતાવરણ વચ્ચે ઈદની ઉજવણી થઈ હતી.

## સુરતમાં ધોળા દિવસે યુવાનની ઘાતકી હત્યા

# ફિલ્મી સ્ટાઇલમાં યુવકનું ગળું કાપ્યું

### સ્કોર્પિયોમાં જઈ રહેલા યુવકને આગળ-પાછળ કારથી ટક્કર મારી ઘેરી લીધો, તલવારના ઘા ઝીંકી હાથ અને આંગળીઓ કાપી નાખી

(એજન્સી) સુરત | તા.11

સુરતમાંથી હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરમાં ઉધના વિસ્તારમાં ધોળા દિવસે 37 વર્ષીય યુવકની તલવારના ઘા મારીને હત્યા કરી નાખી હતી. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી.

**યુવાનની સરાજાહેર હત્યા :** મળતી માહિતી અનસાર, ઉધના વિસ્તારમાં આવેલા લક્ષ્મીનારાયણ મંદિર પાસે હત્યાનો બનાવ બન્યો હતો. મૃતક ભજનસિંગ બહેનને મળવાં જઈ રહ્યો હતો. આ દરમિયાન તેમના સ્કોર્પિયોને બે વાહનોએ ઘેરી લીધો હતો. ત્યારબાદ કેટલાક લોકો તલવારો સાથે ઉતરીને ભજનસિંગ પર હુમલો કર્યો હતો. તલવારથી ઘા મારીને યુવાનના ડાબો હાથ કાપી નાખ્યો હતો અને જમણા હાથની આંગળીઓ કાપી નાખી હતી. એટલું જ નહીં તલવારના ઘા મારીને તેનું ગળું કાપી નાખ્યું હતું. જેથી યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.



### સ્થળ પર માંસના લોચા અને લોહીનાં ખાબોચિયાં ભરાયાં

સાતથી આઠ હુમલાખોરોએ ભજન સરદારને રસ્તા પર પાડી દઈ રહેંસી નાખ્યો હતો, જેના લીધે રસ્તા પર માંસના લોચા અને લોહીનાં ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં. ભજન સરદારની હત્યા કર્યા બાદ હુમલાખોરો નાસી છૂટ્યા હતા. મર્ડરને નજરોનજર જોનારા લોકોની કંપારી છૂટી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.

### મર્ડરને નજરોનજર જોનારા લોકોની કંપારી છૂટી ગઇ




### હુમલાખોરો પિકઅપ વાનમાં બેસીને ફરાર થઇ ગયા...

હુમલાખોરો દ્વારા જ્યારે ભજનસિંહ પર હુમલો કરવામાં આવ્યો ત્યારે તેણે પણ સામે પ્રતિકાર કર્યો હતો. એમાં એક હુમલાખોરને ગંભીર રીતે ઈજાઓ પણ થઈ હોવાની વિગતો સામે આવી છે. ઈજાગ્રસ્ત હુમલાખોર ભાગીને બોલેરો પિકઅપ વાનમાં પહેલા બેસી ગયો હતો. ત્યાર બાદ અન્ય હુમલાખોરો આવ્યા હતા અને પિકઅપ વાનમાં બેસીને ફરાર થઈ ગયા હતા.



### 'હુમલાખોરોએ તલવારનો ઘા મારી હાથ કાપી નાખ્યો'

મૃતકના નાના ભાઈ અર્જુન સિંહે જણાવ્યું હતું કે મારા ભાઈની હત્યા કરવામાં આવી છે. મારા ભાઈની કાર આગળ બોલેરો પિકઅપ તેમજ પાછળ અન્ય ગાડીથી રોકી હતી. સાતથી આઠ હુમલાખોરોએ તલવારથી હુમલો કરી હાથ અલગ કરી નાખ્યો હતો. આ તમામ લોકો દારૂનો ધંધો, તાડીનો ધંધો અને મીટનો ધંધો કરતા હતા. મળતી માહિતી પ્રમાણે, 37 વર્ષીય ભજન સિંહ ભેસ્તાનના વડોદ ગામ ખાતે પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા, પત્ની, બે દીકરી અને એક દીકરો છે. ભજન સિંહ મીટનો ધંધો કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો.

**Quick Read**

### ગાડીનાં હપ્તા ભરવા માટે મિત્ર સાથે મળી ચોરી કરનાર બે આરોપી ઝડપાયા

અમદાવાદ | પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપી અનિલ ઉર્ફે બાલો વાઘેલા અને સુરેશ ઉર્ફે સુકો મકવાણા છે.આ આરોપીઓએ એક અઠવાડિયા પહેલાં બોપલ આંબલી રોડ પર નિવૃત્ત વૃદ્ધ દંપતીનાં બંગલામાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ સહિત 6 લાખની ચોરી કરી હતી,જે મામલે સરખેજ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે આરોપી ચોરીના મુદ્દામાલ સાથે જમાલપુર નજીક પસાર થઈ રહ્યા છે.જે માહિતીના આધારે પોલીસે બે આરોપીને ઝડપીને ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી અનિલ વાઘેલા અને સુરેશ મકવાણા મૂળ ધોળકાના રહેવાસી છે.અને બન્ને મિત્રો છે આરોપી સુરેશ અગાઉ ચોરીના ગુનામાં પકડાયેલો છે અને ચોરી કરવાનો અનુભવ છે આરોપીને રૂપિયાની જરૂર હતી તેમજ તેના મિત્ર અનિલ વાઘેલા એ નવી ઈકો ગાડી લોન પર લીધી હતી અને લોનના હપ્તા ભરવા માટે તેને પૈસાની જરૂર હતી જેથી બંન્નેએ અમદાવાદ ચોરી કરવાનું ષડયંત્ર રચ્યું હતું.

### રાજકોટમાં મહિલાઓએ 'રૂપાલા હાય-હાય'ના નારા લગાવી છાજિયાં લીધાં

રાજકોટ | રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનને લઈ ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર ઠેર વિરોધ પ્રદર્શન અને કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. હવે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં પણ ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા અને ભાજપ વિરુદ્ધના પોસ્ટરો લાગી રહ્યા છે. શહેરના નરોડા ગામ અને ચાંદખેડા ગામમાં ભાજપના નેતાઓના પ્રવેશબંધીના બેનરો લાગ્યા છે. નરોડા વિસ્તારમાં સ્થાનિક લોકો દ્વારા પુરુષોત્તમ રૂપાલા બોયકોટનું પોસ્ટર પણ સળગાવવામાં આવ્યું હતું. આ સાથે રેલી કાઢી રૂપાલા હાય હાયના નારા પણ લગાવવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારો પણ ક્ષત્રિય સમાજ દ્વારા જ્યાં સુધી રૂપાલની ટિકિટ રદ નહીં કરવામાં આવે, ત્યાં સુધી ભાજપના નેતા કે કાર્યકરોને તેમના વિસ્તારમાં પ્રવેશ ન કરવા અંગેના પોસ્ટરો લગાવવાના શરૂ થયા છે. સ્થાનિક મહિલાઓ અને યુવાનો દ્વારા હાથમાં મીણબત્તી રાખી તેમજ પોસ્ટરો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## માવઠાથી લીમડી APMCમાં વેપારીઓનું અનાજ પલળ્યું



(એજન્સી) અમદાવાદ | તા.11

રાજ્યમાં ફરી એકવાર કમોસમી વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે ખેડૂતોને ફરી રડવાનો વારો આવ્યો છે. લીમડી APMCમાં વેપારીઓનું અનાજ પલળ્યુ છે. મીરાખેડીમા બરફના કરા સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. જેમાં હતા. કમોસમી વરસાદને પગલે ખેડૂતોમાં ચિંતાનો માહોલ પણ જોવા મળ્યો હતો. અચાનક આવેલા કમોસમી વરસાદના પગલે કપાસ, મકાઈ, તુવેર, ઘઉં જેવા ઊભા પાક તથા શાકભાજીને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. જેને લઈને ખેડૂતોમાં ચિંતાજોવા મળી રહી છે. તેમજ છોટા ઉદેપુરમાં પણ વીજળીના કડાકા સાથે વરસાદી ઝાપટા પડયા છે. જેના કારણે લોકોની મુશ્કેલી વધી છે ત્યારે ખેડૂતો માટે રડવાનો વારો આવ્યો છે. કમોસમી વરસાદથી મકાઈ, તુવેરના ઊભા પાકને નુક્સાન થયો છે.

# ચૂંટણી સમયે ગુજરાતમાં રૂપિયાની રેલમછેલ!

## એરોમા સર્કલ પાસે શંકાસ્પદ 1 કરોડની રોકડ ઝડપાઈ

(એજન્સી) પાલનપુર | તા.11

પાલનપુરના એરોમા સર્કલ પર શંકાસ્પદ કારમાંથી એક કરોડ જેટલી માતબર રકમ પકડાઈ હતી, એરોમા સર્કલ પર એલસીબી પોલીસના માણસો ચેકિંગમાં હતા જે દરમિયાન ડીસા તરફથી આવતી કાર પર શંકા ગઈ હતી અને કાર માથી ચેકિંગ દરમિયાન એક કરોડની રોકડ પોલીસને મળી આવી હતી. જો કે કારમાં સવાર લોકોએ સંતોષકારક જવાબ ના આપતા પોલીસે આ રોકડ રકમ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી. ચૂંટણીને લઈને આદર્શ આચાર સંહિતા અમલી છે એટલે પોલીસ મોડી રાત્રે વાહનોના ચેકિંગ કરતી હોય છે..ચૂંટણી ને લઇ કોઈપણ પ્રકારના નશીલા પદાર્થો કે દારૂ ની હેરાફેરી સહિત ગેરપ્રવૃતીઓ ના થાય તે માટે પોલીસ સતત ચેકીંગ કરી રહી છે. ત્યારે પાલનપુરના એરોમાં સર્કલ પર મોડી રાત્રે એલસીબી પોલીસના માણસો વાહન ચેકિંગમાં હતા જે દરમિયાન ડીસા તરફથી આવી રહેલી કાર પર શંકા જતા કાર રોકી અને તેમાં તપાસ કરતા 500ના દરની 20 હજાર નોટો મળી આવી હતી.



### કારમાંથી ઝડપાઈ રોકડ

આગામી લોકસભાની ચૂંટણીને લઈ સમગ્ર રાજ્યની જેમ બનાસકાંઠા જિલ્લામાં પણ આચારસંહિતા અમલી બની છે અને તે જ દિવસથી બનાસકાંઠા જિલ્લાની પોલીસ એલર્ટ મોડમા છે.પાડોશી રાજસ્થાનને અડીને આવેલા બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતા વાહનોમાં કોઈ ગુનાહિત ચીજ વસ્તુઓ જેવી કે દારૂ, કેફી પદાર્થ ઘાતક હથિયાર કે ચલણી નોટોની હેરાફેરી ન થાય તેને લઈ પોલીસ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ઠેર ઠેર વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે..તે વચ્ચે ગઈકાલે મોડી રાત્રે બનાસકાંઠા જિલ્લાની એલસીબીની ટીમ પાલનપુરના એરોમા સર્કલ નજીક વાહન ચેકિંગમાં હતી તે દરમિયાન એક ખાનગી વરના કારની પોલીસે તલાસી લીધી તો આ કારમાં પાલનપુરના બે વેપારીઓ સવાર હતા.જો કે પોલીસે કારની વધુ તપાસ કરી તો કારમાંથી 1 કરોડ રૂપિયા જેટલી માતબર રકમની રોકડ ઝડપાઈ.

# ઓર્ડર વેજ બર્ગરનો, આવ્યું નોન-વેજ બર્ગર

**મેનેજરે ભુલ સ્વીકારી**

### જાણીતા કાફેમાં હિન્દુને વેજના બદલે નોનવેજ બર્ગર અપાતા હોબાળો

(એજન્સી) અમદાવાદ | તા.11

અમદાવાદના જાણીતા કાફે મોકામાં હોબાળો થયો છે. જેમાં વેજના બદલે નોનવેજ બર્ગર અપાતા હોબાળો થયો હતો. ગુલબાઈ ટેકરા નજીક આવેલા મોકા કાફેમાં આ ઘટના બની છે. તેમાં ગ્રાહકને વેજના બદલે નોનવેજ બર્ગર આપતા બબાલ થઈ હતી. તેથી ગ્રાહક વિતસ્તા વ્યાસે AMCમાં ફરિયાદ નોંધાવી છે. તેમજ બર્ગર નોનવેજ હોવાનું કાફે મેનેજરનો સ્વીકાર કર્યો છે. શહેરમાં જાણીતી કાફે મોકામાં ગ્રાહકને વેજના બદલે નોન વેજ પેટીસવાળો બર્ગર આપી દેતા હોબાળો થયો છે. તેમાં વિતસ્તા વ્યાસે એએસમીમાં આ અંગે ફરિયાદ નોધાવી છે. હિન્દુ પરિવારને નોનવેજ બર્ગર આપતા મામલો બિચક્યો છે. તેમાં મેનેજર બર્ગર નોનવેજ હતુ નો સ્વિકાર કર્યો છે. અગાઉ અમદાવાદમાં ઓનલાઈન ફૂડ ડિલીવરીમાં ગંભીર બેદરકારીનો મામલો બહાર આવતા ખળભળાટ મચી ગયો હતો. જેમાં ટોમેટોઝ રેસ્ટોરન્ટમાંથી વેજનું પર્સલ મંગાવવામાં આવ્યું હતું.